

આવતી
કાલનાં
નાગરિકોનું
માસિક

★

વર્ષ ૧૭મું
અંક ૧૨મો

કુમાર

તંત્રી · રવિશંકર રાવળ ★ સંપાદક · બચુભાઈ રાવત સળંગ અંક
૨૦૪

કુમાર
ડિસેમ્બર ૧૯૪૦
અંક ૨૦૪

ચિત્રો

કાવ્ય

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર પ્રત્યેક મહિનાની પંદરમી તારીખે બહાર પડે છે


મુદ્રક · બચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક · રવિશંકર રાવળ, કુમાર પ્રિન્ટરી. કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ: વાર્ષિક રૂ. ૬, બ્રહ્મદેશના રૂ. ૬॥, પરદેશના ૧૨ શિ., છૂટક દસ આના: મુંબાઇમાં : શેઠ ઍન્ડ શાહ, ૧૩૬–૧૪૨ મેડોઝસ્ટ્રીટ મુંબાઈ-૧; તથા બીજા એજન્ટો: આર.આર.શેઠની કં., શિષ્ટ સાહિત્ય ભંડાર અને રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ.



રાજારાણી

સીલોનના પોલોન્નારૂઆ મંદિરની અંદિયેર ભીંતો પરનું, આશંકા જાતક તરીકે જાણીતી થએલી કથાનું એક ચિત્ર

ઉદ્ધારક • કલાકાર શ્રી સરખિસ કચાદોરિયાં



ચૈતન્ય નું નર્તન

: ઝૂલણા :

તેજના પુંજમાં ન્હાય છે સૃષ્ટિ આ
તરુવરો ડોલતાં મન્દમન્દ;
છાંયડી છે મીઠી, તડકી યે છે મીઠી
વાડવાડે ઊડે છે પતંગ.

તુવરના છોડવાઓ લસે મોજથી
જારના ઓઘલા ધ્યાન ધારે;
છાપરી પાસ શિશુ કૃષક કેરાં રમે
પ્રહર ત્રીજો દિને છે પધારે.

વારણા ને અસી મધ્યમાં મન્દિરો
દીસતાં જેટલાં દેવધામે,
તેટલાં આભમાં ધવલ અભ્રો તરે
નીલ આ ગગન-ભવ્યાભિરામે.

વિવિધ ગતિ, સ્વર અને વર્ણના ભેદથી
તાલ કો અકલ વિશ્વે મચે છે;
સૃષ્ટિ શ્વસતી હસે, વિશ્વ શ્વસતું લસે
સકલ ચૈતન્ય નર્તન રચે છે.

તનસુખ ભટ્ટ

તરુણોની તાલીમ

[સામયિક ચિંતન]

જેમાં નામચીન અમેરિકન ઉદ્યોગપતિ હેન્રી ફૉર્ડ ઉદ્યોગધંધાના આકાંક્ષી યુવાનોને કેટલીક સોનેરી શિખામણો આપે છે.



હેન્રી ફૉર્ડ

અમેરિકાના જાણીતા ઉદ્યોગનેતા હેન્રી ફૉર્ડને કોઇએ પ્રશ્ન પૂછ્યો: 'જો કોઈ પણ તરુણને ઉદ્યોગનેતા થવું હોય તો તેણે કેવી તાલીમ લેવી જોઇએ ?'

અને મિ. ફૉર્ડે જે જવાબ આપ્યો તે આ નીચે ઉતાર્યો છે.

મહત્ત્વાકાંક્ષી જુવાન માટે આ પાંચ બાબતો હું ખરેખરી જરૂરની માનું છું. (૧) સજાવટ અથવા સફાઈ, (૨) સંશોધન, (૩) પોતાનાં સાધન-સરંજામનો સંપૂર્ણપણે કસીને ઉપયોગ, (૪) હાથ ધરેલું કામ પાર ઉતારવાની પોતાની શક્તિની ખાતરી, (૫) પોતાનાં નાણાંનો વ્યય કરવાની આવડત.

આપણે પહેલી સજાવટની વાત લઈએ. જે કોઈ છોકરો આગળ આવવા માગતો હોય તેણે પોતાની જાત અને પોતાનો સરસામાન સુઘડ ને સજ્જ રાખતાં શીખવું જોઇએ. આટલું તે બરાબર કરી શકે તો તેને હું હજારમાં પહેલો નંબર આપું.

સુઘડતા, સફાઇ, સજાવટ બધાં એકનાં એક જ છે. માણસની મનોદશા પર તેની બહુ અસર પડે છે. જે પોતાની જાત અને પોતાના સાજને સુઘડ ને સજ્જ રાખી શકે છે એનું કામ વધુ સારૂં થાય જ છે. ક્યાં યે પણ કચરો કે મેલ જુઓ તો માનો કે તેમાં ક્યાંક નકામો વ્યય થયો છે, સમયનો બગાડ થયો છે, અથવા કરનારમાં મન કે તનનો થાક છે.

મને એકવાર કોઇએ પૂછ્યું કે 'ફલાણું કારખાનું નિષ્ફળ નીવડ્યું તે તમારે પોતાને ચલાવવાનું આવે તો શું કરો ? હું ચોક્કસપણે કહું છું કે કોઈ પણ ધંધો પાછો ત્યારે જ પડે છે, જ્યારે તેની પાછળ બગાડનો મોટો ગંજ હોય છે. સાથે વિકૃત વિચારસરણી ને વિકૃત પદ્ધતિ પણ ખરી. હું એનું કામકાજ હાથમાં લઉં તો પ્રથમ એ બધું સાફ કરી નાખું.

પીટર્સબર્ગના કારખાનામાં લોખંડનો રસ થતો હું જોઇ રહ્યો હતો. પહેલાં તેઓ કાચું લોઢું (પિગ આયર્ન) ગાળતા અને તેને ફરી પિગાળી લાટો પાડતા. મને લાગ્યું કે આ તો બહુ ધીરી પદ્ધતિ છે, તેમજ તેમાં સફાઇ પણ નથી. તે પરથી આજે અમે સુધારા કરીને લોઢું જ્વાળાભઠ્ઠીમાંથી સીધું બીબાંમાં ઢાળતા થયા છીએ. સાધનનો કે સમયનો કોઈપણ જાતનો બગાડ એટલે કચરો જ.

હવે બીજી બાબત સંશોધન કે તપાસની. તમે ભૂતકાળમાં જેટલે નજર નાખી શકો છો, એટલે જ દૂર ભવિષ્યમાં પણ જોઈ શકો. આ દૂરંદેશી પણ ભૂતકાળના જ્ઞાનનો બીજો છેડો છે. જેમ વૃક્ષનાં ડાળપાંદડાં ને ફળોનો બીજો છેડો મૂળિયાં છે તેમ જ.

એક જણ એક યંત્રમાં સુધારો કરવા માગતો હતો. કેટલા યે પૈસા ને વખત વેડફ્યા પછી સરવાળે તો એમ થયું કે જે રચનાઓ હતી તેના કરતાં વધારે સગવડવાળું તેનાથી કંઇ બન્યું નહિ. એમાં કારણ એ હતું કે એ યંત્રના યોજકો તેના પહેલાં શું શું કરી ચૂક્યા હતા તેનું જ્ઞાન તેણે મેળવ્યું ન હતું. એથી તેનો એ બધો પ્રયત્ન સાવ નિષ્ફળ નીવડ્યો.

નવો નિબંધ લખવો હોય કે નવું યંત્ર બનાવવું હોય કે નવી ઉદ્યોગપદ્ધતિ યોજવી હોય, ગમે તે નવું કામ કરવાનું હોય, તેમાં પહેલાં તો અગાઉ તે બાબતમાં શું શું બની ગયું છે તે જાણી લેવું જોઈએ. એને જ હું સંશોધન કહું છું. હજારો વર્ષથી આજ સુધીમાં કોઇએ તમારા જેવું કામ કર્યું જ નથી એવું માનીને આરંભ ન કરતા. બીજાઓએ જ્યાં પ્રયત્ન તજી દીધા છે ત્યાંથી આગળ ચાલો.

નાનપણમાં હું દુકાનેદુકાને આથડ્યો છું, કારખાનાંમાત્ર ખૂંદી વળ્યો છું, વહાણની ગોદીઓ અને બીજી કોઠીઓ જોઈ નાખી છે. તે માત્ર બધું જાણી લેવા ખાતર. મને દુઃખ પારાવાર પડ્યું છે. ક્યાંકથી મને કાઢી મૂકતા તો ક્યાંક આદરમળતો. એ કારખાનાં જ મારી ખરી નિશાળ બન્યાં. મ બધું સમજવા ને સંઘરવા માંડ્યું. રખડી રખડીને યંત્રકામ કેટલેવધ્યું છે તે જાણી લીધું.

અને જે બધું મેળવ્યું તેનો ઉપયોગ પણ થવો જોઇએ. કેટલા યે જણ આખી જીંદગી શીખશીખ કરે છે, પણ કરતા કંઈ નથી. તમને કંઇક અડચણ દેખાય તો તે વિષે બધી બાબતોની માહિતી મેળવી વિચાર કરી લ્યો; પણ બાકીનું એની મેળે થઇ જશે એવી રાહ ન જોતાં કામ હાથમાં લ્યો. કામ આદર્યાં પહેલાં કદી પાર પડવાનું છે ? ઝુકાવો; તમે જાણતા હો તેનો પ્રયોગ કરો, જે કંઈ પાસે હોય તેનો બને તેટલો લાભ લ્યો. ઘણી નવી લાગતી ચીજો કોઇ ને કોઈ જૂના મસાલામાંથી જ બની હોય છે. અનુભવ વધશે, જ્ઞાન વધશે ને વધારે કરવાની શક્તિ પામશો. મારા મત પ્રમાણે બધી સફળતાઓની ખરી મહત્ત્વની કૂંચી આ જ છે. કામ કરવા માંડતાં જ ખરી કેળવણી મળે છે. તમે કેટલું કામ કરી શકો છો અને તે કેટલું

સરસ કરી શકો છો તે બતાવવામાં જ તમારી જીત છે.

અને જોજો, એમ ભૂલેચૂકે ય માનતા કે હાથમાં લીધેલું કામ તમારાથી નહિ જ બને! નાનો કે મોટો, કોઇપણ માણસ હું એવો નથી જોતો કે જે પોતે ધારે છે તેના કરતાં વધુ સારૂં કામ ન કરી શકે. દરેક જણની શક્તિની હદ હોય છે એ ખરૂં, પણ કોણ કહી શકે છે કે તે હદ કેટલે છે? આપણી માનેલી મર્યાદા બહાર ઘણા યે નીકળી આવે છે. એટલે, અગાઉ કદી કર્યું નથી એટલા માટે જ કોઈ કામ હાથમાં લેતાં ડરતા નહિ.

હવે વાત રહી પૈસા સંબંધી. જુવાન માણસ પૈસા મળે તેનું શું કરે? પૈસા હોય તો ખૂબીથી વાપરી દેખાડવા. પોતાને જો સમજણ અને વેતરણપૂર્વક ખર્ચ કરતાં આવડે તો તેને સર્જક સદ્‌ગુણ માનવો. પૈસો પોતે તો મામૂલી કિંમત ધરાવે છે; એની ખરી કિંમત તો જ્યારે તે વડે જાતઉન્નતિ કરી શકાય કે કોઈ સુંદર હેતુ સિદ્ધ કરી શકાય ત્યારે જ છે. ઝાઝે ભાગે નિશાળોમાં જૂના વખતથી છોકરાઓને પૈસા સંઘરવાનો જ બોધ અપાતો આવ્યો છે અને પૈસો જ મોટી ચીજ છે એમ સમજાવ્યું છે. ઠીક વાત છે; પણ તેનો ધર્મ પૈસા કેવળ 'સાચવી રાખવાનો'જ નથી. મળેલા પૈસાથી તેણે તો તાલીમ, જ્ઞાન અને ધંધાર્થી બનવાનો અનુભવ પ્રાપ્ત કરવાનાં છે. અસલના વખતમાં ઘડપણ વખતે ભીડ ન પડે તે માટે છોકરાઓને ધન સંઘરી મૂકવાનું કહેવામાં આવતું; પણ જેણે જુવાનીમાં પૈસાનો સદ્‌વ્યય કર્યો છે તેને ઘડપણમાં દુઃખ પડ્યું જ નથી. એટલે હું તો વિદ્યાર્થી માત્રને કહું છું કે કે પૈસા હોય તો વાપરજો; પણ વાપરજો એ રીતે કે કાલ તમે હતા તે કરતાં આજ આગળ નીકળો. આમ યોગ્ય રીતે ખર્ચ કરતાં દ્રવ્ય વધી પડે તે દહાડે ધનસંગ્રહ ભલે કરજો.

મારી પાસે કોઈ છોકરો તાલીમ માટે રહે તો હું તેના માટે બે જ બાબતોનું ધ્યાન રાખું અને તેની બધી કેળવણી તેના ઉપરજ રહે. એક તો તેને એક સંપૂર્ણ ઓજારખાતું અપાવું, જેમાં કોઇ પણ કામ કરવાનાં તેને સાધનો મળે; અને બીજું તેને થોડો ખર્ચ મળે, જેમાંથી પોતાના વિકાસ ને અનુભવ માટે તે વાપરતો રહે. બૅંકમાં પૈસા મૂકી આવનાર છોકરાઓમાં કલ્પનાબળ ને આગળ પડવાની શક્તિ આવતી નથી. એનો જ વિકાસ થાય એવી તક દરેકને મળવી જોઇએ.

ઘણા માને છે કે પૈસા બચાવી રાખીને તેઓ પોતાની સલામતી કરી રહ્યા છે. જો પૈસાથી જ તમને સ્વાધીનતા મળવાનું માનતા હો તો તે કદી મળવાની જ નથી. આ દુનિયામાં કોઈ ને ખરી નિર્ભયતા જોઈતી હોય તો પોતામાં જમાવેલી શક્તિ જ કામ આપશે. સામાન્ય રીતે ૪૦ વર્ષ સુધી તો માણસે પોતાની જાત પર જમાવટ કરવી જોઇએ. એ પહેલાં જો તેને કંઈ ખર્ચ આવશે તો તો કંઈ જ બચાવવાની આશા વ્યર્થ છે.

કોપરનિકસ

(પૃ. ૫૩૨ના અનુસંધાને ચાલુ)

જોકિમે ખ્રિસ્તી ધર્મસુધારક લ્યૂથરને કોપરનિકસની આ મહાન શોધથી વાકેફ કર્યો, પણ લ્યૂથરે તો તેને મૂર્ખો ઠરાવ્યો. આવી જ એક શોધના ગુનાહ (!) માટે લ્યૂથરના પુરોગામી સુધારક કૅલ્વિને તો સર્વેટસને જીવતો સળગાવી દીધો હતો. લ્યૂથરે એમ ન કર્યું એટલાં કોપરનિકસનાં સદ્‌ભાગ્ય! પરંતુ આ કશું ન ગણકારતાં જ્યૉર્જ જોકિમે એ પુસ્તક છપાવવા માંડ્યું.

પણ એ છપાતાંછપાતાં તો કોપરનિકસ ઘરડો થઈ ગયો. એને હવે તાવ રહેવા માંડ્યો. પોતાના સિદ્ધાંતો પુસ્તકબદ્ધ જોવાની એની ઇચ્છા હવે વધવા માંડી. પથારીમાં પાસાં બદલાવતો એ પુસ્તકની રાહ જોયા કરતો. જેમજેમ શક્તિક્ષીણ થતી ગઇતેમતેમઆશાનીઉત્કટતાવધતી ચાલી. છેવટે આશા યે અવસાન પામવા આવી ત્યારે—

Then, like dying soldier, that must leave
His last command to others, while the fight
Is yet uncertain, and the victory far,
Copernicus whispered, in a fevered dream:
'Yes it is Death. But you must hold him back,
There, in the doorway, for a little while,
Until I know the work is rightly done.
Use all your weapons, doctor. I must live
To see and touch one copy of my book.

અને ખરેખર મૃત્યુએ રાહ જોઇ. મરણની ઘડીઓ ગણતા કોપરનિકસની આંખોની શક્તિ યે ગઈ, ત્યાં ખૂબ તાકીદે છપાએલું તેનું પુસ્તક આવી પહોંચ્યું. એનાં આંગળાંને જાણે આંખો આવી ' એક કલાક સુધી એનું સ્પર્શસુખ અનુભવી સંતોષપૂર્વક એ અવસાન પામ્યો.

એણે ભાખેલી ભવિષ્યવાણી સાચી જ પડી. યુરોપનું સમસ્ત લોકમાનસ એના પુસ્તક વિરુદ્ધ ખળભળી ઊઠ્યું. એની વિનતિ છતાં ખુદ પોપે પુસ્તકનો નિષેધ કર્યો. એ ન ગણકારનારાઓનાં પાપ લોહી ધોવાયાં! સર્વેટસ જેવી જ બ્રૂનોની થએલી કમનસીબી ને ગૅલિલીઓની હાલાકી એનાં પ્રસિદ્ધ ઉદાહરણો છે.

કોપરનિકસમાં ભલે ગૅલિલીઓ જેવી કુશાગ્ર પ્રતિભા કે કેપ્લર જેવી ઊંચી ગણિતબુદ્ધિ ન હતી; પણ બાઇબલની અંધિયાર માન્યતાઓના પંજામાંથી વિજ્ઞાનને મુક્ત કરી સૌ પ્રથમ સત્યનો માર્ગ ચીંધવા માટે તો એ બહાદુરનેઅશરાફ આદમી હમેશમાટે આદરપાત્ર રહેશેજ.

બાઈબલની અંધિયાર માન્યતાઓમાંથી વિજ્ઞાનને મુક્ત કરી શુદ્ધ વિદ્યાબળે સત્યનો સાચો માર્ગ સૌ પ્રથમ ચીંધનાર ગણિતી

કોપરનિકસ



રોમના ઉદય સાથે યુરોપમાંથી વિજ્ઞાનને દેશવટો મળ્યો અને પતિત ગ્રીસે પણ સર્જક પ્રતિભાઓ પેદા કરવાની શક્તિ ગુમાવી. આથેન્સને પદભ્રષ્ટ કરી સિકંદરિયા પશ્ચિમનું બુદ્ધિકેન્દ્ર બન્યું, પણ મૌલિક શોધોને બદલે સંકલનાઓ અને સમાલોચનાઓમાં જ તે રાચી રહ્યું.

ઍરિસ્ટોટલને જન્મ્યે અઢાર અઢાર સદીઓ વીતી ગઈ છતાં પશ્ચિમે વિશ્વની રચના પર સ્વતંત્ર વિચાર કરવાની તકલિફ જ નહોતી લીધી. એણે કહેલું કે પૃથ્વી સ્થિર છે ને વિશ્વ આખું તેની આસપાસ ફરે છે. પૃથ્વીની આસપાસનું એ વિશ્વ એંશી વર્તુલોનું બનેલું છે ને એ વર્તુલોની ઉપર ઇશ્વર તેમનું નિયમન કરતો બેઠો છે. પાછળથી સિકંદરિયાના ટૉલેમીએ એ વર્તુલોની સંખ્યા ૩૪ની કરી. એ જુદાજુદા વર્તુલોમાં જુદીજુદી દેવ-જાતિઓ રહેતી ને આકાશના તારા એ પ્રભુના દરબારના દીવા હતા. આવા આવા તુક્કાઓમાં જ પશ્ચિમનું વિશ્વ-સંબંધેનું જ્ઞાન ત્યારે પર્યાપ્ત થતું.

એવા એ અજ્ઞાનયુગમાં પોલૅન્ડમાં વિસ્લા નદીને કાંઠે આવેલા થૉર્ન નામના ગામમાં ઇ. ૧૪૭૩માં નિકોલસ કોપરનિકસ જન્મ્યો. જુવાનિયાઓ માટે એ વખતે બે જ ઉત્તમ સ્થાનો લેખાતાં: કાં દેવળ ને કાં લશ્કર. વિયેના, બોલોના, પાદુઆ, ફેરારા ને રોમની વિદ્યાપીઠોમાં અભ્યાસ કર્યા બાદ કોપરનિકસે દેવળનું મહંતજીવન સ્વીકાર્યું. ફ્રાઉએનબુર્ગનો એ તરુણ મહંત ધર્માંધતાથી પર હતો. ચોવીસ વરસમાં તો અકરાંતિયા પેઠે એણે અનેક પુસ્તકો ઉથલાવી નાખેલાં.


એ વખતે વિજ્ઞાન વિષે સ્વતંત્ર વિચાર જેવી કોઈ ચીજ નહોતી. બાઈબલમાં આપેલી હકીકતો જ સર્વ-માન્ય ગણાતી. પણ કોપરનિકસનું જ્ઞાન જેમજેમ વધતું ગયું તેમતેમ તેને નવા સીમાડા દેખાવા માંડ્યા. ઍરિસ્ટોટલ અને બાઇબલને એણે ઊંચાં મૂક્યાં. જેમજેમ સ્વતંત્ર વિચાર કરતો ગયો તેમતેમ પૃથ્વીની સ્થિરતાવાળી વાતો તેને નિર્મૂળ ભાસવા લાગી. એને વધુ રસ પડ્યો. ગણિતની સહાયથી એણે પૃથ્વીની અને આકાશના બીજા તેજપિંડા-ની કક્ષાઓ નક્કી કરી. પરંતુ પોતાનો એ સિદ્ધાંત બહાર પાડવાની એણે હિંમત ન કરી. બાઇબલ ત્યારે સાર્વભૌમ હતું ને એમાં દલવાએલા જ્ઞાનની ઉપેક્ષા કરનારને થતી શિક્ષાઓ તેનાથી અજાણી ન હતી. એટલે પૃથ્વી ફરતી હોવાનાં, ગણિતથી સાબિત કરેલા પોતાના સિદ્ધાંતની હાથપ્રત એણે અભરાઇ પર ચડાવી દીધી.

કોપરનિકસે તો આથી કોઈ એક મહાન કાર્ય કર્યું છે એમ કદી માન્યું જ નહોતું, પણ પાછળથી એક વખત વિટેનબેર્ગની લ્યુથેરન યુનિવર્સિટીનો ગણિતનો પ્રોફેસર જ્યૉર્જ જોકિમ તેને મળવા આવ્યો તે વેળા પોતાની આ નવી શોધની સ્વાભાવિક જ વાત એણે ઉચ્ચારી. સત્યનો એ પ્રામાણિક જિજ્ઞાસુ તો કોપરનિકસ-ની શોધથી ખુશખુશ થઇ ઊઠ્યો ને એના એ જીવનકાર્ય—'The Revolution of the Heavenly Bodies'-નો મહામૂલો ગ્રંથ છપાવવા દેવાની માગણી કરી.

કોપરનિકસે ખુશીથી એ પુસ્તક તેને હવાલે કર્યું. તે જાણતો હતો કે બાઇબલનાં બે પૂંઠાં વચ્ચે જ જ્ઞાન પર્યાપ્ત થએલું માનનારા, સત્યનો આ સ્ફોટ નહિ સાંખી શકે. પણ એથી સત્ય ગોંધી રાખવું ઓછું જ વ્યાજબી ઠરે છે? એણે એ પુસ્તકના આરંભે પોપ પાયસ ત્રીજાને એક ક્ષમાપ્રાર્થી પ્રસ્તાવના લખી કે 'હે પવિત્રતમ પિતા, પૃથ્વીની ગતિ સંબંધે મેં કરેલો આ ઉહાપોહ પ્રસિદ્ધ થતાં જ લોકો ખળભળી ઊઠશે ને એનો નાશ કરવાની માગણી કરશે. પણ મેં એ શુદ્ધ દાનતે ગણિત પરથી તારવેલું પ્રામાણિક સત્ય છે'. (અનુસંધાન પાછલા પાનાને છેડે)

જેણે પૃથ્વી સ્થિર નથી પણ ફરે છે એ પહેલવહેલું સાબિત કર્યું

આસમાનનું ગુમાન



આસમાનના ગુંબજને તોફાની વાદળાંની પાજ બંધાઈ ગઈ હતી. ક્ષિતિજને ઢાંકી દેતા એ કાળા બિહામણા ગંજના ગર્ભમાં એવી તો ભીષણ ખુમારી ભરી પડી હતી કે આ એકાકી વિમાનને તોડીફોડીને કોઈ ખરતા તારા જેમ તેનો ભંગાર ક્યાં યે ગુમ કરી દે કે તેની કળ પણ ન પડે. અને છતાં, પાયલટ તો જરા યે અકળાયા વિના, પોતાનો રાહ, સહેજ પણ ચૂક્યા વિના ઊંચે ને ઊંચે એ ગંજના પેટાળ તરફ જ વિમાનને લઈ ધસ્યો જતો હતો.

ચાર હજાર ફૂટ ઊંચે વિમાનની પાંખોએ વાદળાંનો પહેલો છરછરાટ અનુભવ્યો. પવને પણ હવે હાથ બતાવવા માંડ્યો. વિમાનને કોઈ પાંચીકા જેમ પોતાની પીઠ પર લઈ એ ઉછાળવા માંડ્યો. ક્યારેક પાયલટને તેની બેઠકમાં જ એ સજ્જડ બનાવી દેતો તો ક્યારેક તેના સેફ્ટી બેલ્ટની કેકડી કરતો તેને ઉછાળી મૂકતો.

સાથે અજવાળું પણ ઘટતું ગયું. વાદળાંના થર ઘટ્ટ બની વિમાનની પાંખો પર જામી જવા લાગ્યા ને તેના ફરફરાટ સાથે નવી ચમક ઊભી કરવા લાગ્યા. ભેજ વધતો ગયો. વાતાવરણ ઠંડું ને થીજવતું બન્યું. અને પછી તો વાદળાંએ એ આખા વિમાનને ભૂખરી ધુમ્મસની જાડી ચાદરમાં જાણે લપેટી લીધું.

ક્ષિતિજ હવે વિમાનની પાંખોના છેડા પર આવીને અટકી, અને જીવતી દુનિયા માત્ર વિમાનની દીવાલોમાં જ સમાઈ રહી.

ક્ષણેક માટે પાયલટે પોતાનાં યંત્રો પરથી નજર ખસેડી પાછળની કૅબિન તરફ ફેંકી. એક માંદલો અશક્ત માણસ ધાબળી પર પડ્યો હતો ને તેની બાજુમાં, એક હાથે બેઠકને અને બીજા હાથે કૉમ્પૅક્ટ રેડીઓ સેટના કૉન્ટ્રોલ્સને જકડી રાખી એક કુમાર, જૅરી ટૉલ્મૅન બેઠો હતો. પાયલટે તેના સામું જોઈ સહેજ મોં મચકોડ્યું.

વાદળાંનો લપેટો વધુ ઘેરો તેમ વધુ ઠંડો થતો ગયો. એને ભેદવા મથતા પ્રોપેલરનું રૂપેરી વર્તુલ પણ હવે ભાંગીતૂટી રેખા જેવું જ દેખાતું હતું. બરબપોરનો સૂરજ માથા પર આવ્યો હતો, છતાં આ આવરણ વચ્ચે તો રાત જેવું અંધારું જ વ્યાપી ગયું હતું. વખત પસાર થતો જતો હતો, તેમ ઑલ્ટિમીટરનો કાંટો આગળ ને આગળ વધતો જતો હતો.

આ તોફાનનો જોશ જેમ વધતો ગયો તેમ પાયલટનો જોશ પણ વધતો જ ગયો. બળપૂર્વક પકડી રાખેલી જૉય સ્ટિક તે આમથી તેમ, આ ખૂણેથી છેક પેલા ખૂણા સુધી, એની છેલ્લામાં છેલ્લી હદ સુધી હલાવતો જતો હતો. વિમાનને એની અંતિમ ઊંચાઈએ એ લઈ જતો હતો—આ તોફાની ઘચૂમડાની ઉપર, શાંત સ્વચ્છ આકાશની આશાએ.

આઠ હજાર ફૂટની ઊંચાઈએ, ફૂટતા પરોઢ જેવો ઝાંખો ઝળહળાટ જણાયો. ધીમે ધીમે એ ઝળહળાટ વધતો ગયો, ધુમ્મસની સફેદી વધતી ગઈ ને પવનનું તોફાન પણ ઘટતું લાગ્યું. આઠ હજાર ને પાંચસો ફૂટ ઉપર તો ધુમ્મસ હિમ જેવી સફેદ બની ગઈ.

પણ એથી શું? જિક્સ જેન્કિન્સ બહુ કાબેલ વિમાની હતો. વાદળના કુંડમાંથી બહાર નીકળતાં જ પોતાની નજરે ચારે બાજુ રૂના પહાડો જેમ વિસ્તરી રહેલાં પોચાં સફેદ વાદળાં જોયાં પછી યે એ છુટકારાનો દમ ખેંચે એમ ન હતું. શું વળી પાછું એ જ ખતરનાક ઢગલામાં પેસવાનું, ને એ જ જહેમત પાછી વેઠવાની?

ત્યાં તો પાછળથી જૅરીનો અવાજ આવ્યો, 'તમે જો માનો તો આ નવા રેડીઓ ઑલ્ટિમીટરની મદદથી આપણે જલદી હૉસ્પિતાલ ભેગા થઈએ.'

અને એની વાત સાચી હતી. બીમાર માણસ લગભગ મૂર્છિત અવસ્થાએ પહોંચ્યો હતો.

થોડી તીખી ટપાટપી પછી જૅરી આખરે જેન્કિન્સને પાછા વળવાનું સમજાવી શક્યો, પણ મનમાં તો એ આ ચેકુસની ધૃષ્ટતા પર ગાળો વરસાવી રહ્યો. એ વ્યંગમાં બોલ્યો, 'ડાહ્યા થઈને વિમાનમાં એ રમકડું મુકાવ્યું ખરું, હવે એના વડે તળેની હવાનું માપ કાઢી આપ. જાણે છે, થોડી વારમાં પાછું તોફાનમાં ધસવાનું છે? અને—'

વાક્યનો બાકીનો ભાગ એણે શબ્દોથી યે વધુ ભાવવાહી એવા અભિનયથી પૂરો કર્યો. જૅરી એની મતલબ સમજી ગયો. તોફાનમાં પેસવું એટલે વિમાનનો કચ્ચરઘાણ અને તે સાથે ત્રણેનું કચુંબર!

એ ચપળ કિશોર તરત રેડિઓ પાસે પહોંચ્યો. પ્રવાહની કળ દબાવી અને નીચેથી ઍર્‌જ પુછાવી જોયું. જવાબમાં રિસીવરમાં કર્કશ ખટખટારો તેના કાને અથડાયો. એમની નીચે તોફાન ચાલુ હોવાનો દેખીતો કશો સંભવ નહોતો લાગતો. પવનના ઝપાટા, વરસાદનાં ઝાપટાં કે વીજળીના ઝબાકાની કશી નિશાની ન હતી. છતાં આ સહીસલામતી વધુ વાર ટકે તેમ ન હતી. રેડિઓનું સ્ટૅટિક તેની આગાહી આપતું હતું. બ્હાવરા બની એણે ટ્રાન્સમિટરની કળ દાબી, તો પણ એ જ પરિણામ. સ્ટૅટિકની ગર્જના સિવાય કશો પ્રત્યુત્તર નહિ. ગાંડો બની એ તેની પાછળ લાગ્યો ને સંદેશાની ઝડી વરસાવવા લાગ્યો: 'Switch to Code—Code ! Static bad. Switch to code . . .'

થોડી મિનિટો બાદ સ્ટૅટિકની કર્કશતા વચ્ચે ઊંડો સંદેશ સંભળાયો : 'ત્યાં હવા કેવી છે?'

'વાવાઝોડું, વરસાદ ને વાદળાંનો ઘેરો. દૃષ્ટિસીમા અરધા માઇલથી યે ઓછી—હવે તો ત્રણસો ફૂટ જેટલી.'

પ્રત્યુત્તર આવ્યો તે એણે કાગળ પર નોંધી લીધો ને તેની પહોંચ સ્વીકારી રિસીવર મૂકી ન દેવાનું જણાવી ચિઠ્ઠી તેણે જેન્કિન્સને આપી.

'એમ? તેં ઉત્તર મેળવ્યો ખરો?' તે ચીડાતો બોલ્યો. 'પણ એ કંઇ મારે માટે નવું નથી. જા, જઇને હવે સેફ્ટી બેલ્ટ ચડાવી લે; આપણે હવે નીચે ધસીએ છીએ. અને—' તેણે વધુમાં ઉમેર્યું, 'હું મારા જ ઑલ્ટીમીટરના આધારે રહેવા માગું છું; તેં મુકાવેલા આ નવા રમકડા પર નહિ, સમજ્યો ?'

અને એણે ગંભીરતાપૂર્વક પોતાનાં યંત્રો તપાસ્યાં. વિમાનવાહનની કસોટીની ઘડી આવી લાગી હતી. એણે સાચો જ માર્ગ પકડ્યો હોય ને ગતિનો સાચો અંદાજ કાઢ્યો હોય તો તેઓ જમીનની નજીક આવી લાગ્યા હતા. એણે આખી સફરના સમયની ને ગતિની જે ગણત્રી રાખી હતી તે અનુસાર તેઓ હવે નીચે ઊતરવાના મથકની આજુબાજુના જ વિસ્તારમાં હતા.

પણ ઉપરના પવન કાંઈ નીચેના જેવા થોડા જ હતા? એ પવનોએ વિમાનને તેના માર્ગમાંથી હડસેલી પણ કેમ મૂક્યું ન હોય? અને એમ હોય ને કદાચ પર્વતો પર જ તે અત્યારે આવી લાગ્યો હોય તો નીચે ઊતરવાનો પ્રયાસ કરતાં જ વિમાનનો કચ્ચરઘાણ નીકળી જાય. છતાં, ઊતરવા વગર તો આરો જ ન હતો. કારણ, બે કલાક પહેલાંના જેવું જ તોફાન તેમને અત્યારે ઘેરતું જતું હતું. વિમાન અને એન્જિન બંને બરાબર છે એ તપાસતી એક છેલ્લી નજર જેન્કિન્સે નાખી ને વિમાનનો મોરો નીચો દાબ્યો.

વાદળાંનો ખડકલો એમને ભેટવા જાણે ધસી આવતો હતો. બધો પ્રકાશ પાછો શમી ગયો ને રાત જેવા વિકરાળ અંધારામાં તોફાનના ગર્ભભાગમાં તે આવી લાગ્યા. તોફાન નિર્બંધ ખેલી રહ્યું હતું. જેન્કિન્સની હિંમત એથી યે નિર્બંધ બની હતી. વિમાનનો મોરો એ વધુ ને વધુ નીચે લેતો ગયો ને એમનું આંધળું ધસાણ પવનના ઘમસાણ ને વરસાદની ત્રમઝટ વચ્ચે મિનિટે ત્રણ માઇલ જેટલી કારમી ઝડપે પહોંચ્યું. એ તમોગર્ભને વીજળી ક્યારેક ભેદી જતી ને ક્યારેક ગર્જનાનો શોર, પવનના સુસવાટા અને મોટરના ગણગણાટ ઉપર સવાર થઇ આખી કૅબિન ધ્રુજાવી મૂકતો.

એકએક ઇન્દ્રિય અને એકેએક જ્ઞાનતંતુને છેલ્લામાં છેલ્લી ટોચે સજાગ ને સક્રિય રાખી જેન્કિન્સ કૉન્ટ્રોલ્સ પર મડાગાંઠ વાળી બેઠો હતો. એની આંખ એની સામેનાં યંત્રો પર જ સજ્જડ ચોંટી રહી હતી. ઑલ્ટીમીટરનો કાંટો નીચે પડતો જતો હતો. આઠ...છ સાત હજાર ફૂટ...ને જેમ ધસાણ વધતું ગયું તેમતેમ તે વધુ ઝડપે નીચે પડતો જતો હતો. ઍરસ્પીડમીટરનો કાંટો હવે કલાકે એક સો નેવું માઇલ પર આવી ગયો હતો. આખરે ઑલ્ટીમીટરે ત્રણ હજારનો આંક દેખાડ્યો એટલે જરા શ્વાસ ખાઇ જેન્કિન્સે એક હળવી ગુચી ખવડાવી વિમાનની ઝડપ સહેજ ઓછી કરી.

ઑલ્ટીમીટરનો કાંટો પંદરસો ફૂટ બતાવવા લાગ્યો. જેન્કિન્સને લાગ્યું કે હોવી જોઇએ તે કરતાં વધુ ઊંચાઇ એ બતાવતો હતો, કારણ એ બહુ ભયંકર ગતિએ નીચે ધસ્યા હતા. એટલે કાંટાને સાચા આંક પર આવવા દેવા એણે વિમાનનો મોરો ફેરવી તેને સમાંતર કર્યું. કાંટો બારસો ફૂટ પર આવી ઊભો રહ્યો. ઓહ! એટલી જ ઊંચાઇ પોતાના મથકની આસપાસના ડુંગરોની

હતી! સાવચેતી ન રખાય તો એ ડુંગર જોડે જ અથડાઈ મરવાનો સોદો!

કુશળ સાવધાનીપૂર્વક ધીમે ધીમે જેન્કિન્સ વિમાન નીચું લેતો ગયો. પવન વચ્ચે આવવાથી હવે નીચી ગતિનો અત્યાર સુધી મળેલો લાભ જતો રહ્યો. એનું બધું કૌશલ્ય હવે વિમાનને સમાંતર રાખવામાં જ વપરાવા લાગ્યું. ઑલ્ટીમીટરનો કાંટો એક હજાર ફૂટ પર આવી લાગ્યો; છતાં ડુંગરાની કશી હસ્તી જ ન જણાઈ! કે ન તોફાનમાંથી છુટકારો' હવે તો એ ડુંગરોના શિખરની સમસપાટીએ આવી લાગ્યો હતો. શું ખરેખર જ એ શિખરો પર ઊડતો હતો? કે મથકને મથાળે જ!

એકાએક એના શરીરને વીજળી જેવો ઝાટકો લાગ્યો! સામે જ ડુંગર! પવનની સામે ધસતા મગરૂબ સાપની શિકારપરની ચોટ જેમ તેના હાથ થ્રૉટલને બાઝી પડ્યા! એન્જિન જંગલી અવાજથી ગાજી ઊઠ્યું. બળપૂર્વક એણે કૅન્ટ્રોલ્સ છાતી સાથે ભીડી લીધા. અને વિમાન પાછું ઊંચુંમાં કરી અદ્ધર ધસ્યું. એમ ધસતાં એ ઝાડની ટોચના ઝાંખા ઓળા એની નજરે પડ્યા.

ડુંગરોથી તો એ દૂર નીકળી ગયો, પણ વિમાન હવે હાથ ન રહ્યું. પવને એવો તો હડસેલો માર્યો કે એ ઘુમરી ખાતું ક્યાંયે જઈ પડ્યું. અને પાછો તે તોફાનની વચ્ચેવચ આવી પડ્યો હતો. માર્ગથી ચાતરી ગયો હતો. ક્યાં, એનો કશો ખ્યાલ આવતો નહોતો.

વિમાન પાંખોથી તે પૂછડી સુધી આખું હચમચી ઊઠતું હતું. પણ જેન્કિન્સની બહાદરી એમ હાર કબૂલે તેમ ન હતી. એની જહેમતે ઊંચે ને ઊંચે વિમાનને પાછું ઝળાંહળાં પ્રકાશ વચ્ચે આણી મૂક્યું. નીચે તોફાન હજુ પૂર બહારથી ખેલી રહ્યું હતું. જેન્કિન્સને એની તમા નહોતી. પણ બીજા એક વિચારે તે કમકમી ઊઠ્યો —ગૅસોલીન (પેટ્રોલ) ખૂટવા આવ્યું હતું!

હવે શું થાય? સપડાયા બરાબર જેવા હતા. તોફાનના પાશમાં ગુમરાહ બની ગયા હતા. હવે તો કોઇ ચમત્કાર તેમને સહીસલામત મથકે પહોંચાડે તો જ આરો હતો. શું કરવું?

ત્યાં પાછળથી એના ખભા પર કોઇનો પંજો પડ્યો. જેન્કિન્સ આકુળ આંખે જૅરી તરફ ફર્યો: 'શું છે વળી?' તેણે તિરસ્કારથી પૂછ્યું.

'આપણે પેલા ડુંગરાથી થોડા દૂર હતા ત્યારે જ ઍન્ટેનાનો ખટાકો સંભળાયો હતો. મેં બૂમ મારી, પણ તમે સાંભળ્યું નહિ. શું હજી આપણે ટેકરીઓ પર છીએ?'

'ત્યારે? તું શું ધારે છે—કંઈ જમીન ઉપર છીએ?' વિવશ બનતો જેન્કિન્સ બોલી ઊઠ્યો. 'કોણ જાણે ક્યાં છીએ તે! હું તો ગોળ ગોળ ઊડી આ વાદળાંના થરમાં ક્યાંયે ઉઘાડ દેખાય તો છટકી જવા માગું છું. એ ઉઘાડ હવે ન મળ્યો તો મામલો ખતમ થયો સમજજે. એક કલાક પછી ગૅસોલીન ખૂટી જશે ને આપણે જખ મારીને નીચે ઊતરવું પડશે. જા, અત્યારે મારૂં માથું ન પકવ. મને વધુ ન પજવ, જા!

જૅરી પાયલટ સામે સ્થિર આંખે તાકી રહ્યો; પછી તેના ખભા પરની પકડ વધુ મજબૂત કરતો તે બોલ્યો: 'સાંભળ, જેન્કિન્સ! તારે મને સાંભળવો જ પડશે. મારૂં કહેવું સહીસલામત ઊતરવામાં મદદરૂપ થઈ પડશે. મને તક આપ. ફક્ત પંદર મિનીટ! તારે તે આપવી પડશે. હું કહું છું, મને તે આપવી જ પડશે!'

જવાબમાં જૅરીને તેનું પોતાનું જ કામ સંભાળવાની ક્રોધભરી શિખામણ મળી. ફરી તેણે જેન્કિન્સને પોતાને તક આપવા આજીજી કરી! આ ગરમાગરમ વાદવિવાદમાં ક્રોધના ટુકડા જેવા શબ્દોની નવાજેશ જૅરીને થવા માંડી: 'જા, જા હવે ચેલકા! તારાએ રમકડાથી રમોને બેસી રહે.'

'મારૂં રમકડું? વારૂ' નિરુપાય બનેલો જૅરી વિશેષ કંઇ ન કહેતાં બીમાર માણસને જરા ઠીકઠાક કરી તે રેડીઓ પાસે બેઠો. તેનો સંદેશો સફળ નીવડ્યો અને સામો જવાબ પણ મળ્યો. એટલે એણે કેટલીક સૂચનાઓ સાથે બે સંદેશા મોકલાવ્યા. એક મથક પર ને બીજો એક દૂરના શહેર પર. આશા–નિરાશા વચ્ચે હડદોલા ખાતી પાંચ યુગ જેવી પાંચ મિનીટ પસાર થઈ પછી કળ તેણે દબાવી રિસીવર કાને ધર્યું.

હારજીતનો છેલ્લો પાસો હતો. કઇક સંકલ્પવિકલ્પો એના મનમાં ઊભા થતા જતા હતા. ત્યાં તો કોડનો રણકાર સંભળાયો: 'ઊભા રહો.' ધ્યાનપૂર્વક સાંભળતાં જૅરીને, પોતે સંદેશો મોકલાવેલાં બંને મથકો વચ્ચે ચાલતી વાતચીતનો ધીમો અસ્પષ્ટ અવાજ સંભળાયો ને થોડી જ વારે તેને સંદેશો મળ્યો: 'સંદેશાની રેખાઓ કૉલેન્ડર સરોવર પર એકબીજીને કાપે છે! કૉલેન્ડર સરોવર...કૉલેન્ડર...કૉલેન્ડર...!' (અનુ. પૃ. ૫૬૯મે)



પથ્થરનું હૈયું ને પોલાદી દેહ બનાવીને ખેલાતી પૂર્વદેશોની પુરાણી રમત પોલો–જેમાં ઝંઝાવેગે ધસતાં જીવતાં વિમાનો જેવા ઘોડા પર બેસી કાળજાંવિનાના માનવી ગેડીદડે રમે છે.

'**પાં**ચ હજાર!'

'સાત હજાર!'

'દસ હજાર!'

પચ્ચીસ હજાર!'

'પચ્ચાસ હજાર, જયપુર!' મારી પાસે બેઠેલો એક લખપતિ મારવાડી બોલ્યો.

એક રૂપિયાથી માંડીને એક લાખ રૂપિયાનો સટ્ટો ખેલાતો હતો. પણ આ કોઈ શેરબજાર નહોતું. કલકત્તાનું એલનબરો મેદાન હતું. ૧૯૩૭ની સાલ, ડિસેમ્બરનો મહિનો અને ત્રીસમી તારીખ હતી. શિશિરના નમતા બપોર હતા. લાખથી દોઢ લાખ માણસની ઠઠ જામી હતી. વાઇસરોયથી માંડીને સોનાગચ્ચીની વેશ્યા સુધીના કલકત્તાના સર્વ વર્ગના માનવીઓ ત્યાં મોજૂદ હતાં. તે દિવસે જયપુર અને ભોપાલની પોલો ટીમ વચ્ચે ઇન્ડીઅન પોલો ચેમ્પીઅનશીપના કપ માટેની મૅચ હતી. મેં નજરે જોયું ન હોય તો માનું નહિ એટલાં માણસો, એટલો ઉત્સાહ, એટલું કુતૂહલ, એટલી શાંતિ અને એટલો જુગાર. બરાબર ત્રણ ને ચુમ્માલીસ મિનિટે બ્યુગલ ફુંકાયું. દક્ષિણ દિશાએથી જયપુરના અસવારો લીલા ગંજીફ્રાક, માથે સફેદ પોલોહૅટ અને એને ફરતો લીલો રેશમી પટો, હાથમાં પોલો સ્ટીક અને ઘોડા નચાવતા આવી ગયા. ઉત્તરેથી ભોપાલના લડવૈયા પણ મરુન રંગના ગંજીફ્રાકમાં અને એવા જ રંગના પટાવાળી શોભતી સફેદ પોલો હૅટમાં આવી પહોંચ્યા. ભોપાલ ટીમમાં જીરાલ્ડ ગૅાલ્ડીંગે પોતાની ખાસ લોખંડી હેલ્મેટ પહેરી હતી અને હેનરીએ શરદી હોવાને કારણે આખી બાંયનું ગરમ પુલઓવર પહેર્યું હતું.

અમ્પાયરોએ ટીમની રચના બરાબર જોઈ લીધી:

જયપુર ટીમ		ભોપાલ ટીમ	
નંબર વન		નંબર વન	
રાજકુમાર પ્રિથિસિંહ	હેન્ડીકેપ ૭	બોબ સ્કીન	હેન્ડીકેપ ૭
નંબર ટુ		નંબર ટુ	
રાવરાજા અભેસિંહ	હેન્ડીકેપ ૮	હેનરી	હેન્ડીકેપ ૬
નંબર થ્રી		નંબર થ્રી	
રાવરાજા હનુતસિંહ	હેન્ડીકેપ ૧૦	જીરાલ્ડ ગૅાલ્ડીંગ	હેન્ડીકેપ ૧૦
બૅક		બૅક	
જયપુર મહારાજા	હેન્ડીકેપ ૧૦	ભોપાલ નવાબ	હેન્ડીકેપ ૮
	૩૫		૩૧

આ વર્ષે ભોપાલ નવાબ સાહેબે હજારો રૂપિયાનો ગંજાવર ખર્ચ કરીને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામેલા ત્રણ અંગ્રેજ પોલો–ખેલાડીઓને પોતાની ટીમ તરફથી રમવા બોલાવેલા, એટલે લોકોને ઉત્સાહ અને કુતૂહલની સાથે કંઈક શંકા પણ હતી કે સાત વર્ષથી સતત

જીતતા જયપુરને આ વર્ષે જીતવું ભારે પડશે. એટલે જ જુગારી મારવાડીઓ ભોપાલ ઉપર પણ સારી પેઠે રમ્યા હતા. પરંતુ ભોપાલ નવાબ સાહેબ સિવાય ટીમમાં બાકીના સૌ પરદેશી હોવાથી લોકોની સ્વાભાવિક સહાનુભૂતિ જયપુર ટીમ તરફ હતી. અને આ મનોદશાનો લાભ લઇને ઘણા મારવાડીઓ જયપુર ઉપર પણ રમ્યા હતા. બરાબર પોણાચાર વાગ્યે બીજું બ્યુગલ વાગ્યું અને અહીંતહીં જરાતરા ગડબડ હતી ત્યાં પણ શાંતિ છવાઈ ગઈ. અમ્પાયરે દડો ફેંક્યો. લગામો ખેંચાઈ, પોલોસ્ટીક ઉંચકાઇ, ઘોડા થનગન્યા. આઠ ઘોડાના બત્રીસ પગની ભૂલભૂલામણીમાંથી રાવરાજા હનુતસિંહે દડાને બહાર કાઢ્યો. સાત મિનિટમાં પહેલા ચક્કરમાં એક ગોલ જયપુરે અને એક ગોલ ભોપાલે કરી. બીજા ચક્કરમાં બન્ને ટીમ બરાબર રહી. કોઇએ પણ ગોલ ન કરી. ત્રીજા ચક્કરમાં જયપુરે હૂમલો શરૂ કર્યો. બાર આની અને ચૌદ આનીની વિદ્યુતગતિથી સરતી પોતાની કેળવેલી પાણીદાર ઘોડી ફ્લર્ટ ઉપર દડો લઇને ભોપાલની ગોલ તરફ જતા રાજકુમાર પ્રિથિસિંહને આઠ આનીની ભયભરી ગતિથી વધારે કીમતી ઘોડા વડે ડારવાનો મિથ્યા પ્રયત્ન કરતા ભોપાલ નવાબ સાહેબ પોતાની તાકાત અને નિપુણતા ઊતરતા દરજ્જાની છે એ સિદ્ધ કરતા હતા. ભોપાલના નંબર વન બોબ સ્કીનની ચપળતા જયપુર દરબારની લાંબી અને જોરદાર હીટને પહોંચી વળવાને બહુ પ્રયત્ન કરતી હતી પણ એમાં નિષ્ફળતાજ મળતી હતી. જીરાલ્ડ બૅાલ્ડીંગને હનુતસિંહ સંભાળતા હતા. અને ખરી હરીફાઈ પણ એ બન્ને વચ્ચે જ હતી. બન્ને સમાન નિપુણ, કાબેલ, ચોક્કસ અને ચપળ હતા. પણ બૅાલ્ડિંગ કરતાં હનુતસિંહની હિટ ઘણી લાંબી વાગતી અને દડાને એક હલકી હિટથી અદ્ધર ઉછાળીને બીજી હિટથી ગોલ પર પહોંચતો કરી દેવાની એમની સિદ્ધિને તો બૅાલ્ડિંગ પણ ઘડીભર ઘોડો થંભાવીને જોઇ રહેતો. સો યાર્ડની હિટ એ હનુતસિંહની સામાન્ય હિટ ગણાતી.'

ત્રીજા ચક્કરમાં જયપુરની બીજી ગોલ થઇ. ચોથા ચક્કરમાં ભોપાલને ખૂબ હંફાવીને એક ગોલ કરવા દીધી. પાંચમા ચક્કરમાં જયપુરે મરણિયો હૂમલો કરીને બે ગોલ કરી અને છઠ્ઠા ચક્કરમાં જયપુરે બચાવની રમત રમીને પોતે ગોલ કરી યે નહિ અને ભોપાલને કરવા દીધી પણ નહિ. ભોપાલને કાશ્મીરના ઘોડાઓની સહાય હતી, ત્રણ આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા પામેલા અંગ્રેજ ખેલાડીઓ કુમકે હતા, છતાં જયપુરના સુંદર ટીમવર્ક આગળ ભોપાલનો પરાજય થયો. અંગ્રેજ ખેલાડીઓને જોઈને ભોપાલ પર રમેલા જુગારીઓ રોઈ બેઠા અને જયપુર પર રમેલા મારવાડીઓ હસી ઊઠ્યા.

ઈતિહાસ

પોલો એ ઘણી પ્રાચીન એશિયાઇ રમતોમાંની એક છે. હૉકી, ગૉલ્ફ અને ક્રિકેટ એ વખત જતાં પોલોમાંથી નીકળેલી અને ખીલેલી શાખારમતો છે. 'પોલો' એ શબ્દ મૂળ તીબેટન શબ્દ પુલુ Pulu 'દડો' ઉપરથી યોજાયો છે. પોલોને ઘણા જૂના વખતમાં ઈંગ્લંડમાં 'હૉકી ઑન હૉર્સબૅક' પણ કહેતા. અત્યારે જેટલાં પ્રાચીન સાધનસામગ્રી ઉપલબ્ધ છે તે ઉપરથી પોલોની જન્મભૂમિ ઇરાન છે એમ સર્વાનુમતે આખા જગતમાં સ્વીકારાયું છે. ઈરાનમાંથી આ રમત એક બાજુએ કૉન્સ્ટાન્ટીનોપલ પહોંચી ને તુર્કસ્તાનમાં વિસ્તરી, અને બીજી બાજુ તિબેટ થઇને હિંદુસ્તાન, ચીન અને જાપાન સુધી એનો વિસ્તાર થયો. તિબેટમાંથી હિંદ આવતાં પહેલાં વાયવ્ય પ્રાંતના સરહદી તાયફાવાળાઓના ગિલજીત અને ચિત્રાલ પ્રદેશમાં અને ત્યાંથી પછી પૂર્વમાં છેક મણિપુર સુધી વિસ્તાર પામ્યાનો ઇતિહાસ મળે છે. હિંદુસ્તાનમાં પોલોની ખિલાવટ ૧૬મા સદીમાં થઈ; પરંતુ ત્યાર

★ પોલો રમનારને છાતી વજનીકરીને દમ કસવો અને કેળવવો પડે છે; દૃષ્ટિ ચકોર અને ચોક્કસ બનાવવી પડે છે; બાહુને પોલાદી કરવાં પડે છે; જાંઘ અને પુઠ્ઠાં પથ્થરનાં બનાવી દેવાનાં હોય છે; અને સૌથી વધારે તો મર્દ ઘોડા પર બેસી મર્દ બનીને મૃત્યુને પડકારવાનું હોય છે.

પછીનાં ૨૦૦ વર્ષના એના ઇતિહાસનો પત્તો લાગતો નથી. ઈ. સ. ૧૮૫૭નો બળવો શમ્યો અને બ્રિટિશ સત્તા પાછી સ્થિર થઈ ત્યાર પછી ઈ. સ. ૧૮૬૩માં એ રમત મણિપુરથી બંગાળમાં આવી, એ જ જૂનામાં જૂની હકીકત મળે છે. હિંદુસ્તાનમાં પોલોની રમતને

પ્રથમ ઓળખાવવાનું માન મેજર જનરલ શિરારને જાય છે. ઈ. સ. ૧૮૬૩માં એ મણિપુરનિવાસીઓની એ ટીમ લઈને કલકત્તા રમવા માટે આવ્યા હતા એ હકીકત હવે સર્વમાન્ય થઇ ચૂકી છે. ઈંગ્લંડમાં પોલોનો પ્રવેશ હિંદ કરતાં મોડો થયો. ઈ. ૧૮૬૯માં હિંદથી ઈંગ્લંડ જનાર ૧૦મી હસારની લશ્કરી ટુકડીએ ઇંગ્લંડમાં પહેલીવહેલી પોલોની રમત રમી દેખાડી. ઇંગ્લંડમાં પહેલી જાહેર પોલોમૅચ ૯મી લાન્સર્સ અને ૧૦મી હસાર વચ્ચે ઇ. ૧૮૭૧માં રમાઇ તેનો અહેવાલ એ જ સાલના જુલાઇના 'મૉર્નિંગ પોસ્ટ'માંથી મળે છે. એ વખતે એક ટીમમાં એક બાજુ આઠ અસવારોથી આ રમત રમાતી હતી. પછી એ સંખ્યા ઘટીને પાંચની થઇ. ત્યાં સુધી એ રમત કોઇ પણ જાતના ખાસ નિયમ અથવા શિસ્ત વિનાની રમાતી હતી. રાષ્ટ્રીય શિસ્તમાં માનનારી અંગ્રેજ પ્રજાને આ વસ્તુ પરવડી નહિ એટલે હરલિંગહામ ક્લબે ઇ. ૧૮૭૪માં આ રમતમાં શિસ્ત, સિદ્ધાંત અને નિયમિતતા આણવા એક નિયમાવલિ ઘડી.

હિંદુસ્તાનમાં પહેલી રેજીમેન્ટલ મૅચ ઇ. સ. ૧૮૭૪માં રમાયાની હકીકત મળે છે. ઈ. સ. ૧૮૮૨ના વર્ષમાં પોલો ટીમના રમનારાઓની સંખ્યા પાંચમાંથી ઘટીને ચારની થઇ જે આજ સુધી કાયમ છે. ટીમની નંબર વન (ફૉર્વર્ડ), નંબર ટૂ, નંબર થ્રી અને નંબર ફોર (બૅક)ની રચના જૉન વૉટસને ઈ. સ. ૧૮૮૬માં કરી. હિંદુસ્તાનમાં પ્રચલિત એવો એકહૅન્ડ સ્ટ્રોક (ઘોડો

★ પોલોના ખેલાડી અને હવાબાજ પાઇલટ, બંનેનાં મૃત્યુ આકસ્મિક હોય છે. બીજી કોઈપણ હિંદી મેદાની ને મર્દાની રમત કરતાં પોલોમા વધારે વીરતા વધુ સાહસ ને ઝિંદાદિલી જોઈએ છે. નિર્ભયતા, નિર્ણયાત્મક બુદ્ધિ ને નગદ તાકાતની ખિલાવટ પણ એમાં હોય છે.

જે દિશા તરફ દોડતો હોય તેનાથી ઊલટી દિશામાં ઊંધે હાથે હિટ મારવી તે) ઇંગ્લંડમાં પરિચિત કરનાર પણ વૉટસન જ હતો. પોલો ટીમની આ નવેસરની રચના કરીને એ જ સાલમાં ઈંગ્લંડની પોલો ટીમ લઇને વૉટસન અમેરિકા ગયો અને ત્યાંથી વેસ્ટચેસ્ટર કપ જીતી લાવ્યો. અમેરિકાને પણ એકહૅન્ડ સ્ટ્રોક રમતાં શીખવવાનો યશ વૉટસનને જ જાય છે. ઈ. સ. ૧૯૦૨માં પહેલી અમેરિકન ટીમ ઇંગ્લંડ આવી અને પરાજય પામીને પાછી ગઈ. ઈ. સ. ૧૯૦૯માં અમેરિકાએ ફરીથી પોતાની પોલો ટીમ ઈંગ્લંડ મોકલી. આ વખતે એ ટીમે ઈંગ્લંડને હરાવીને હરલીંગહામ કપ જીત્યો. અંગ્રેજોને આ પોતાના દેશમાં જ પરદેશીઓને હાથે મળેલો આ પરાજય સાલ્યો.

પાસેથી અને પૂર્વગ્રહ વિના અંગ્રેજોને ઓળખવા અને સમજવાની જેમને તક મળી છે તેમને અંગ્રેજોના પ્રજા તરીકેના સ્વભાવની એક ખાસિયત ખાસ પરિચિત હોવી જોઇએ. અંગ્રેજ વ્યક્તિ તરીકે અથવા પ્રજા તરીકે જીવનના કોઇ પણ ક્ષેત્રમાં પરાજય પામ્યા પછી એ જ ક્ષેત્રમાં વધારે નક્કર સિદ્ધિઓ પ્રાપ્ત કર્યા વિના રહેતો નથી. પોલોની રમતમાં પણ એની પ્રજા તરીકેની આ ખાસિયત સ્પષ્ટ દેખાય છે. ઈ. સ. ૧૯૦૯માં અમેરિકાએ ઈંગ્લંડમાં આવીને અંગ્રેજોને સખત હાર ખવડાવી ત્યારથી પોલોની રમતે ઈંગ્લંડમાં જુદું જ સ્વરૂપ ધારણ કર્યું. અંગ્રેજોએ જેટલું આપવું જોઇએ તેટલું ધ્યાન આપવા માંડયું અને શક્તિ, સમય તથા ધન પણ જેટલાં આવશ્યક હોય તેટલાં ખર્ચવા માંડયાં. પહેલાં તો પોતાની આ નબળાઇને મદદ કરવા માટે હરલિંગહામ ક્લબે ઈ. ૧૯૧૦માં હૅન્ડીકૅપનો સિદ્ધાંત પોલોની રમતમાં નિયમ તરીકે દાખલ કર્યો. છતાં એમની પાસે પહેલા વર્ગના તાલીમબાજ ઘોડા અને નિપુણ ખેલાડીઓની અછત તો રહી જ. આ અછતને કારણે જ ઈંગ્લંડને ઈ. ૧૯૧૧ અને ૧૯૧૩માં ફરીથી અમેરિકાએ હરાવ્યું. પણ ખંતીલા અને રાષ્ટ્રીય અસ્મિતાના પૂજારી અંગ્રેજો એમ હારથી પાછા પડે એવી પ્રજા નહોતી અને નથી. પોલોને રાષ્ટ્રીય રમત તરીકે સ્વીકારીને તથા એની ખીલવણી પાછળ બધી શક્તિઓ ખર્ચીને આખરે ૧૯૧૪માં અમેરિકા જઇને પોતાનો હારેલો હરલિંગહામ કપ પાછો જીત્યો ત્યારે જ ઇંગ્લંડને જંપ વળ્યો. એટલામાં ૧૯૧૪માં વિશ્વયુદ્ધ મચ્યું. આ યુદ્ધમાં ઇંગ્લંડના ઘણા નિપુણ ખેલાડીઓ અને પહેલા વર્ગના ઘોડાઓનો વિનાશ થયો.

૧૯૧૯ પછી ઇંગ્લંડે પોતાના રાષ્ટ્રીય જીવનની બધી પ્રવૃત્તિઓને સામાન્ય સંજોગો ને પરિસ્થિતિમાં ફરીથી



૧૯૩૮માં વેસ્ટર્ન ઇન્ડિયા ચૅમ્પિયનશિપની પોલોની મૅચ વખતે 'જાગર્સ' વિરુદ્ધ 'જયપુર પિલગ્રિમ્સ' વચ્ચેની રમતમાં ચાર ખેલાડીઓની કિલ્લેબંદીમાંથી બૉલને ઊચકી જતા રાવરાજા હનુતસિંહ ચિત્રને જમણે છેડે દેખાય છે. એમની ડાબી બાજુએ 'ઍક્શન' માટે તૈયાર ઊભેલા રાજકુમાર પ્રિથિસિંહ છે. રાવરાજા હનુતસિંહ એ હિંદમાં સર્વોત્તમ અને દુનિયા સમસ્તમાં નંબર ત્રી તરીકે રમનારા સર્વશ્રેષ્ઠ ખેલાડી છે. જેટલી આસાનીથી ધ્યાનચંદ હૉકીની લાકડી પર દડાને રમાડીને સામી ગોલમાં લઈ જાય છે તેનાથી વધારે આસાની ને ચપળતાથી હનુતસિંહ, બારઆની કે ચૌદઆની દોડતા ઘોડાની ગતિમાં દડાને સામા ગોલમાં ઉડાવી જાય છે. એમની હિટ જોરદાર અને અચૂક છે.

શરૂ કરી ત્યારે પોલો માટે ખેલાડી અને ઘોડા એ બંનેની એને જબ્બર ખોટ સાલી. આ ભયંકર ખોટ હજી સુધી પુરાઈ નથી. આજે પણ ઇંગ્લંડને પહેલા વર્ગના, શુદ્ધ ઓલાદવાળા અને પોલોની રમત માટે આવશ્યક ઊંચાઈવાળા ઘોડા નભાવવાનું ભારે ખર્ચાળ થઈ પડયું છે. ઇ. સ. ૧૯૨૧માં હરલિંગહામ ક્લબે નિષ્ણાતોની એક કમિટી નીમીને પોલોની એક આંતરરાષ્ટ્રીય નિયમાવલિ તૈયાર કરાવી. ઈ. સ. ૧૯૨૪ અને ૨૭માં ઇંગ્લંડ ફરીથી અમેરિકાથી હાર્યું અને ત્યાર પછી લગભગ હારતું જ રહ્યું છે. ઇંગ્લંડમાં પોલો મુખ્ય તો ત્રણ જગ્યાએ રમાય છે: Hurlingham, Ranelagh અને Rochampton.

ઇંગ્લંડમાં પોલોનો વિકાસ આ રીતે થતો હતો. વીસમા સદીની શરૂઆત સુધી એટલે લગભગ ગત મહાયુદ્ધ સુધી આ રમત એ માત્ર લશ્કરી ટુકડીઓની રમત ગણાતી. હિંદુસ્તાનમાં પણ પોલો એ જ રીતે લશ્કરી ઘોડેસવારોની ટુકડીઓની ટીમો વચ્ચે રમાતો. ૧૯૨૦ પછી ઇંગ્લંડમાં અને હિંદમાં પણ પોલોની રમતમાં બીનલશ્કરી માણસોનો રસ વધ્યો. ઇંગ્લંડમાં ત્યાર પછી ક્રિકેટ, હૉકી અને ફુટબૉલની જેમ પોલોમાં પણ ધંધાદારી ખેલાડીઓ આછી સંખ્યામાં પણ સમય જતાં વધતા ગયા. હિંદુસ્તાનમાં લશ્કરી ટુકડીઓ ઉપરાંત દેશી રાજ્યના કેટલાક રાજવીઓએ એમાં સક્રિય રસ લઈને પોતાની સ્વતંત્ર ટીમો ઊભી કરી. ઇ. સ. ૧૯૨૦ પછીની એવી જાણીતી ટીમોમાં પતિયાળા, જોધપુર, બિકાનેર, રતલામ અને પન્ના ખાસ ઉલ્લેખનીય છે. ૧૯૩૦માં તો મુલ્કમશહૂર જયપુર ટીમ અસ્તિત્વમાં આવી અને હિંદનું સ્થાન પહેલા વર્ગના પોલોમાં પહેલી હરોળમાં આવ્યું.

પોલોની રમત આપણા દેશમાં ક્રિકેટ, હૉકી કે ફુટબૉલ જેટલી પ્રજા જાણીતી અને મશહૂર નથી. પરંતુ ધીરેધીરે એ ઉચ્ચ વર્ગમાં ખૂબ લોકપ્રિય થતી જાય છે. જેમણે એક વખત પહેલા વર્ગનો પોલો રમાતો જોયો છે તેમને પછી બીજી કોઈ પણ રમતમાં એટલો રસ નથી પડતો. હિંદુસ્તાનમાં એ મોટા પાયા ઉપર અને ઘણા વિસ્તારમાં નથી રમાતો એનાં બે કારણો છેઃ એક તો આપણો દેશ ગરીબ છે; પોલોની રમત બહુ જ ખર્ચાળ છે. બીજું, હિંદ મુખ્યત્વે લશ્કરી દેશ નથી એટલું જ નહિ, પણ પાંત્રીસ કરોડની વસતિવાળા ખંડ જેવડા આ દેશનું લશ્કરી બળ સામાન્ય સંજોગોમાં બે લાખનું રહે છે. એટલે આ રમત અમેરિકા જેવા ધનવાન અને ઇંગ્લંડ જેવા લશ્કરી દેશમાં ખૂબ વિકાસ અને વિસ્તાર પામી છે. આપણા દેશમાં જે પોલો ટીમો છે તે કાં તો લશ્કરી ઘોડેસવારોની ટુકડીઓની છે અથવા દેશી રાજાઓની છે. કોઈ ખાનગી વ્યક્તિને પોલો ટીમ નભાવવી એ હાથીઓ નભાવવા કરતાં પણ વધારે ખર્ચાળ છે. છતાં આપણે ત્યાં જયપુર જેવી વિશ્વવિખ્યાત અને ઇંગ્લંડને પણ સખત હાર ખવ-

ડાવનાર પોલો ટીમ છે. જોધપુર, કાશ્મીર, હૈદ્રાબાદ, ભોપાલ, ભાવનગર, દરભંગા અને વડોદરાને પોતપોતની સ્વતંત્ર ટીમો છે. પન્ના અને કુચબિહાર પોતાની નવી ટીમો ઊભી કરે છે. આ ઉપરાંત ૧૭/૨૦ બ્રિટિશ લાન્સર્સ (જે હવે ઍક્ટિવ સર્વિસ ઉપર લડાઇમાં ગયું છે) તેની એ. અને બી. ટીમો, ૧૩/૧૫ની બ્રિટિશ લાન્સર્સની ટીમ, ૧૩ હસાર, પૂના હૉર્સ અને ગોવળકોંડાની ટીમો, બંગાળના ગવર્નરના બૉડીગાર્ડ્સની ટીમ એમ આઠદસ સારી લશ્કરી ટીમો પણ છે. રાજ્યોની ટીમોમાં પણ ઘણાખરા રમનારા લશ્કરમાંથી જ હોય છે.

હિંદમાં પોલોની આંતરપ્રાંતીય અને અખિલ ભારતીય મૅચો માટેનાં મુખ્ય ત્રણ સ્થળ છે: કલકત્તા, દિલ્હી અને મુંબાઈ. તેમાં યે કલકત્તા અને દિલ્હીની અગત્ય વધારે કહેવાય. આ ઉપરાંત સામાન્ય પોલો રાવલપીંડી, મેરઠ, પૂના, દક્ષિણ હૈદ્રાબાદ અને બૅંગલોરમાં રમાય છે. પ્રૅકટિસ માટેનાં અજોડ સ્થાનો જયપુર, જોધપુર, ભોપાલ અને કાશ્મીર છે. જયપુરનું પોલો મેદાન હિંદુસ્તાનમાં સર્વોત્તમ છે. વડોદરાના હાલના મહારાજા શ્રીમંત પ્રતાપસિંહરાવ ગાયકવાડ જયપુરની જેમ પોલોમાં સક્રિય રસ લેનાર અને ખુદ પોલોના ખેલાડી છે, એટલે વડોદરામાં મોટા ખર્ચે એક પોલો ગ્રાઉન્ડ અને સ્ટેડિયમ તૈયાર થાય છે. જતે દિવસે વડોદરાની પોલો ટીમ પણ મશહૂર અને તાલીમબાજ ખેલાડીઓની બનાવવાની એમની ઇચ્છા છે. પોલો રમવાનો અનુકૂલ સમય અને ઋતુ આપણે ત્યાં નવેમ્બરથી ફેબ્રુઆરી સુધી ગણાય છે.

પોલો કેમ રમાય છે?


પોલોની રમત રમવા માટે એક ટીમમાં ચાર માણસો જોઇએ અને એ ટીમ વિના આ રમત રમી ન શકાય. આ ચારે અચ્છા ઘોડેસવારો હોવા જોઇએ. રમવા માટે હૉકીના દડા જેવો પોલોનો ખાસ દડો આવે છે અને નેતરની મજબૂત લાકડીઓમાંથી ખાસ બનાવેલી, હથોડી જેવા આકારની લાકડીથી પોલો રમાય છે. ક્રિકેટના બૅટ અને હૉકીની સ્ટિક જેમ સામાન્ય સુથારો નહિ પણ ખાસ નિષ્ણાતો જ બનાવે છે તેવી રીતે પોલો રમવાની લાકડીઓ બનાવનાર પણ ખાસ માણસો હોય છે.

દિલ્હી, કલકત્તા અને મુંબાઇની સામાન્ય મૅચો ચારચાર ચક્કરની રમાય છે. ખાસ ઇન્ડિયન પોલો ચૅમ્પિયનશિપ છ ચક્કરની રમાય છે. સાત મિનિટનું એક ચક્કર હોય છે અને દર ચક્કરે ઘોડો બદલવો પડે છે. આ સાત મિનિટમાં પણ ઘોડાને એટલી સખત મહેનત પડે છે કે લશ્કરી ટુકડીઓના કેટલાક નબળા ઘોડાઓ ચક્કરની અધવચ્ચે ગબડી પડવાના દાખલા બન્યા છે.

પોલો રમવા માટેનું મેદાન ૩૦૦ વાર લાંબું અને ૨૦૦ વાર પહોળું જોઇએ. બે ગોલ વચ્ચેનું અંતર ૨૫૦ વારથી વધારે નથી હોતું, અને ગોલના બે થાંભલા વચ્ચેનું અંતર ૮ વારનું હોય છે. બાઉન્ડ્રી લાઇનની પહોળાઇ ચોક્કસ ૧૬૦ વારની હોય છે. મેદાનની જગ્યા કઠણ, એકસરખી સપાટીવાળી અને આછી લૉનવાળી હોય છે. પહેલા વર્ગના પોલોમાં બે અમ્પાયર્સ અને એક રેફરી હોય છે. આ બન્ને અમ્પાયરો રમતની બન્ને બાજુ રમતની સાથેસાથે જ રહે છે, અને બન્ને અમ્પાયરો પણ ઘોડેસવારો હોય છે.

પોલોના ઘોડા

પોલો માટે ઘોડાઓ ખાસ શાસ્ત્રીય રીતે કેળવાય છે. આ તાલીમ આપવા માટે ખાસ નિષ્ણાત માણસો અને જગ્યા હોય છે. ઘોડાનો સ્વભાવ, એના શરીરની રચના અને સ્થળનાં હવાપાણીને અનુકૂળ એવા ખોરાકની ગોઠવણ કરવી પડે છે. નવા ઘોડાઓને પોલોની રમત માટે તૈયાર કરવામાં ત્રણ વરસ લાગે છે. ખાસ જાતવાન અને કિંમતી અંગ્રેજી અને આસ્ટ્રેલિયન ઘોડાઓ બે વર્ષે પણ મેદાનમાં આવે છે. પોલોને માટે આપણે ત્યાં પહેલા વર્ગના અને શુદ્ધ ઓલાદના તથા આવશ્યક ઊંચાઇવાળા ઘોડાઓ જૂજ પ્રમાણમાં હોય છે અને એટલા માટે કિંમત બેહદ હોય છે. ઇંગ્લંડમાં હજી પહેલા વર્ગના, શુદ્ધ ઓલાદના અને જરૂરી ઊંચા ઘોડાઓ સારા પ્રમાણમાં મળી શકે છે તેનાં કારણો છે. અર્જેન્ટાઇન અને આયર્લૅંડ એ બન્ને સારા ઘોડાઓની પેદાશનાં મશહૂર સ્થળો છે. ઑસ્ટ્રેલિયા અને અરબસ્તાન ત્યાર પછી આવે. આયર્લૅંડ ઇંગ્લંડની તદ્દન પાસે અને ઑસ્ટ્રેલિયા એમનું સંસ્થાન એટલે ત્યાંથી સર્વોત્તમ ઘોડાઓ પહેલાં ઇંગ્લંડ જ ખરીદી લે. સારા ઘોડાઓની આયાત માટે પ્રમાણમાં



* પહોળાઈ ફક્ત ૨૦૦ યાર્ડ; પણ બાઉન્ડ્રી વચ્ચે ૧૬૦ યાર્ડ.

લંબાઇએ બાઉન્ડ્રી લાઇનની ધજા-ઓ ત્રીસ ત્રીસ યાર્ડને અંતરે ડો-કાએલી હોય છે અને વચ્ચેની બે ધજાઓ વચ્ચેનું અંતર ૩૫ યાર્ડનું હોય છે. આ રીતે આઠ ધજાઓ ૨૫૦ યાર્ડનું અંતર પૂરૂં કરે છે. અને પહોળાઈની બાઉન્ડ્રી ઉપર પેનલ્ટી હિટ મારવાની ન હોવાથી ત્યાં ૩૦ ને બદલે ૨૦ યાર્ડને અંતરે આઠ ધજા રોપેલી હોય છે. 'પેનલ્ટી'ના સ્વરૂપ ઉપર ૩૦, ૧૦ અથવા ૯૦ યાર્ડની હિટ સામા પક્ષને આપવાની હોય છે, એટલે લંબાઇને ચારે છેડેથી શરૂ થતી ત્રણ ધજાઓ તો ૩૦ યાર્ડને અંતરે હોવી જ જોઇએ. (ચિત્રમાં ધજાઓ બરોબર નથી.)

* મેદાનની લંબાઈ એકંદરે ૩૦૦ યાર્ડ; પણ બે ગોલ વચ્ચેનું અંતર ૨૫૦ યાર્ડ.

રમતની શરૂઆતમાં ટીમ અને અમ્પાયરની ગોઠવણ ચિત્રમાં બતાવ્યા પ્રમાણે હોય છે. સમયનું બ્યૂગલ ફૂંકાતાં, આગળનો અમ્પાયર દડો ફેંકે છે, ને રમત શરૂ થાય છે. બંને અમ્પાયરો આખો વખત રમતની સાથે જ બંને બાજુએ રહે છે.

અર્જેન્ટાઇન પણ એમને તો પાસે જ પડે. પરંતુ આ ઉપરાંત ઈંગ્લંડની 'નૅશનલ પૉની સોસાએટી' ઘોડાઓની ઓલાદ અને ઉછેરનું કામ વૈજ્ઞાનિક પદ્ધતિએ કરે છે અને કરાવે પણ છે. અને આજે ૪૫ વર્ષથી દર વર્ષે ઇસ્લિંગ્ટનના ખેતીવાડી હૉલમાં નમૂનેદાર ઇંગ્લિશ ઘોડાઓનું પ્રદર્શન ભરીને એ પદ્ધતિનો વધારે પ્રચાર કરે છે. આપણા દેશમાં કલકત્તામાં અને મુંબાઇમાં અરબ, ઑસ્ટ્રેલિયન અને ઇંગ્લિશ ઘોડાઓ સીધા તે તે દેશમાંથી મંગાવીને વેચનાર વિલાયતી વેપારી-ઓ છે. પરંતુ આપણે ત્યાં ઘોડાની ઓલાદ અને ઉછેર માટે વૈજ્ઞાનિક પદ્ધતિએ કામ કરતી એક પણ રાષ્ટ્રીય સંસ્થા નથી. સરકારી સંસ્થા છે, પરંતુ તે પોતાના લશ્કરી ઉપયોગ માટે વપરાતા ઘોડાઓ પૂરતુંજ મહા મુસ્કેલીએ અને અધૂરૂં ધ્યાન આપી શકે છે. હમણાં હમણાં વળી દિલ્હીમાં દર વર્ષે ફેબ્રુ-આરીમાં અચ્છા ઘોડાઓનું એક પ્રદર્શન ભરાવા માંડયું છે.

પહેલા વર્ગના, શુદ્ધ ઓલાદના અને પોલોની રમત માટે આવશ્યક ઊંચાઇવાળા તાલીમબાજ ઘોડા-ઓની કેટલી કિંમત ઊપજી શકે છે તેનો સહજ ખ્યાલ આવે એટલા માટે બેત્રણ દાખલાઓ નોંધવા જેવા છે. લૉંગ આઇલૅન્ડના લીલામમાં એક બેનમૂન અંગ્રેજી પોલો પૉનીના દસહજાર પાઉન્ડ એટલે લગભગ એક લાખ અને ચાલીસ હજાર રૂપિયા ઊપજ્યા હતા. ઇ. સ. ૧૯૨૫માં અર્જેન્ટાઇનની પોલો ટીમ જ્યારે આંતરરાષ્ટ્રીય કપ જીતી ત્યારે એ ટીમના એક ખૂબ-સૂરત અને વેગવાન ઘોડાની કિંમત અગિયાર હજાર પાંચસો પાઉન્ડ એટલે લગભગ એક લાખ અને એકસઠ હજાર રૂપિયા ઊપજી હતી. આ તો ઈંગ્લંડની વાત થઇ; પરંતુ આપણા દેશમાં પણ પાંચ હજારથી માંડીને પચાસ હજાર રૂપિયા સુધી નમૂનેદાર ઘોડાઓની કિંમત ચૂકવાઇ છે.

ખેલાડીઓની તાલીમ

ઘોડાની જેમ ખેલાડીને પણ શાસ્ત્રીય અને પદ્ધ-તિસરની તાલીમ લેવાની હોય છે. આ તાલીમનો સમય ત્રણથી સાત વર્ષનો હોય છે. પછી તો દરેક રમતની જેમ એ ખેલાડીની તાકાત, પ્રતિભા ને કાબેલિયત ઉપર એનાં વિકાસ અને પ્રગતિનો આધાર રહે છે. પોલો રમનારને છાતી વજ્રની કરીને દમ કસવો અને કેળવવો પડે છે, દૃષ્ટિ ચકોર અને ચોક્કસ બનાવવી પડે છે, બાહુને પોલાદી કરવા પડે છે, જાંઘ અને પુઠ્ઠાં પત્થરનાં બનાવી દેવાનાં હોય છે; અને સૌથી વધારે તો મર્દ ઘોડા પર

બેસી મર્દ બનીને મૃત્યુને પડકારવાનું હોય છે. જયપુરમાં નવેમ્બરમાં પ્રૅકટિસ વખતે એક એક ખેલાડીને જ્યારે મેં બારબાર ચક્કર રમવાની જહેમત ઉઠાવતા જોયા ત્યારે મારી આંખો ફરી ગઇ હતી. દસ આની દોડતા ઘોડા ઉપરથી ઊથલી પડતા અસવારોને જોઇને હું ધ્રૂજી ઊઠયો હતો. બાર આની દોડતી ઘોડી પરથી પડી જતા ખેલાડીનું ગળાનું હાડકું તૂટી ગએલું જોઇને મારી આંખ ભીની થઇ ગઇ હતી. એક ટીમના ખેલાડીની સાથે દોડતે ઘોડે જ્યારે સામા ટીમનો ખેલાડી ભીંસ લેતો ત્યારે હું મારી ખુરશી પર ઊભો થઇ જતો હતો. ૧૯૩૮ના ફેબ્રુઆરીમાં દિલ્હીમાં ભોપાલ સાથેની હાઇ હૅન્ડીકૅપ મૅચમાં જયપુર દરબારે ઘોડા પરથી પછાડ ખાધી હતી ત્યારે દોઢ કલાક સુધી એઓ બોલ્યા વિના બેભાન રહ્યા હતા. આમ, પોલોની રમતમાં ક્રિકેટ, હૉકી, ફુટબૉલ કે બીજી કોઇ પણ મેદાની રમત કરતાં વધારેમાં વધારે જીવનું જોખમ રહેલું છે.


આપણા દેશમાં પણ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા પોલોના ખેલાડીઓ છે. આખી દુનિયામાં નંબર થ્રી તરીકે સર્વશ્રેષ્ઠ ખેલાડીની કીર્તિ વરેલા રાવરાજા હનુતસિંહ, આખા જગતમાં નંબર વન તરીકે રમનારાઓમાં ચોથા આવનાર રાજકુમાર પ્રિથિસિંહ, બૅક તરીકે સાતમા ઊભનાર જયપુર નરેશ અને નંબર ટૂ તરીકે દસમા આવનાર રાવરાજા અભેસિંહ છે. આ ઉપરાંત આંતર પ્રાંતીય વિખ્યાતિ પામેલા નવાબસાહેબ ભોપાલ, નવાબ ખુશરૂજંગ, કાશ્મીરનરેશ, પન્ના મહારાજકુમારો, જયપુરના કૅપ્ટન અમરસિંહ, રા. બ. માનસિંહ અને કુચબિહાર નરેશ ગણાવી શકાય.

રમતની વિગતો

પોલોના ખેલાડીની નિપુણતા અને કાબેલિયત એને કેટલી ગોલનો હૅન્ડીકૅપ છે તે ઉપરથી જાણી શકાય. જેમ એની નિપુણતા વધારે તેમ એનો હૅન્ડીકૅપ પણ વધારે હોય. આ નિપુણતા જોનાર અને એનો નિર્ણય કરનાર પોલોના નિષ્ણાતોની એક કમિટી હોય છે. આ કમિટી દર વર્ષે ખેલાડીઓની રમત જોઇને હૅન્ડીકૅપ વધારવાનો અથવા ઘટાડવાનો નિર્ણય કરે છે. આ કમિટી નીમનાર તથા આખા હિંદની પોલોની રમતોનું સંચાલન કરનાર ઇન્ડિયન પોલો એસોસીએશન નામની સંસ્થા છે. આ કમિટી બ્રિટિશ સામ્રાજ્યની પોલો પ્રવૃતિનું સંચાલન કરતી હરલિંગહામ કલબ સાથે જોડાએલી છે. ઇન્ડિયન પોલો એસોસીએશનના પાંચ પ્રતિનિધિઓ હરલિંગહામ કલબની કમિટીમાં બેસે છે. હિંદુસ્તાનમાં સૌથી વધારેમાં વધારે વ્યક્તિગત હૅન્ડીકૅપ દસ ગોલનો રાવરાજા હનુતસિંહનો છે અને ટીમ તરીકે ૩૫ ગોલનો હૅન્ડીકૅપ જયપુર ટીમનો છે.

પોલોની રમતનો હૅન્ડીકૅપનો આ નિયમ શરતના મેદાનમાં દોડતા ઘોડાના હૅન્ડીકૅપ સાથે સિદ્ધાંતમાં સરખાવી શકાય એવો છે. શરતી ઘોડાનો હૅન્ડીકૅપ એની જીત અને હાર પ્રમાણે દરેક નવી શરતે બદલાય છે, ત્યારે પોલોના ખેલાડીનો હૅન્ડીકૅપ દરેક વર્ષે બદલાય છે એટલો જ મુખ્ય ફેર છે. ઇન્ડિયન પોલો ચૅમ્પિયનશિપ શિવાયની બધી મૅચો આ હૅન્ડીકૅપના નિયમથી રમાય છે. એક ટીમનો હૅન્ડીકૅપ એટલે એના ચારે ખેલાડીઓના વ્યક્તિગત હૅન્ડીકૅપનો સરવાળો. હવે, જયપુર ટીમનો હૅન્ડીકૅપ ૩૫ ગોલનો છે; અને એની સામે રમતી ટીમનો હૅન્ડીકૅપ ૨૦ ગોલનો છે. એટલે વધારાના પંદર હૅન્ડીકૅપથી બરાબર અરધી સંખ્યા એટલે ૭॥ ગોલ રમતની શરૂઆતમાં જ જયપુર ટીમે પેલી સામી ટીમને આપવી રહી. હવે, જયપુર ટીમને જો જીતવું હોય તો એણે સામી ટીમને એક પણ ગોલ ન કરવા દઇને પોતે આઠ ગોલ કરવી જોઇએ. આ ઉપરથી સમજાશે કે નબળી ટીમને બળવાન ટીમની સામે રમવામાં હૅન્ડીકૅપના નિયમથી રમતની શરૂઆતમાં જ સહારો મળી જાય છે અને પ્રથમથી મળેલી ગોલની તાકાત ઉપર એ નબળી ટીમ સબળ ટીમ સામે ઝૂઝે છે. આ હૅન્ડીકૅપના નિયમના મૂળમાં નબળી ટીમની હારને અને બળવાન ટીમની જીતને મુશ્કેલ બનાવવાનો હેતુ સમાએલો છે. નબળી અને સમર્થ ટીમની અસમાન રમતને 'બૅલૅન્સ્ડ' કરવાનો આ પ્રકાર એક રીતે આવશ્યક છે.

આપણા દેશમાં પોલોની રમત વધારે જાણીતી નથી થઇ તેમાં એક કારણ એ પણ છે કે એ માત્ર ખરી રીતે ત્રણ મહિના જ રમાય છે. જ્યારે ઇંગ્લંડમાં લગભગ છ મહિના ઉપરાંત આ રમત રમવા માટે ઋતુ અનુકૂળ હોય છે. અહીંની ઋતુને કારણે પોલોના ખેલાડીને જોઇતી પ્રૅકટિસ મળતી નથી અને મૅચો પણ વધારે સ્થળોએ ગોઠવી શકાતી નથી. ક્રિકેટ, હૉકી



ભોપાલના નંબર વન બૉબ સ્કિન પાસેથી દંડો પડાવીને બૅક હિટથી ગોલ કરતા રાવરાજા હનુતસિંહ.

કે ફુટબૉલ કરતાં પોલોની ટીમોને એક જગ્યાએથી બીજી જગ્યાએ જવામાં ઘણી મુશ્કેલીઓ છે. મૅચ રમવા માટે એક ખેલાડી પાસે ઓછામાં ઓછા આઠ ઘોડા હોવા જોઈએ. એટલે ચાર ખેલાડીના બત્રીસ ઘોડા થાય. એની સાથે બત્રીસ સઈસો પણ જોઈએ. શક્ય હોય તો એ ઘોડાઓની તબિયત સમજનાર અને સંભાળનાર ડૉક્ટર પણ જોઈએ. એટલે આપણા દેશમાં આ રમત વધારે લોકપ્રિય બનાવવામાં, કુદરત, સંજોગો અને ગરીબાઈ એમ અનેક મુશ્કેલીઓ વચ્ચે આવે છે.

હિન્દની શ્રેષ્ઠતા

ઈ. સ. ૧૯૩૫ની સાલમાં લાખો રૂપિયાને ખર્ચે પોતાની પોલો ટીમને ઇંગ્લંડ લઈ જઈને જયપુર મહારાજા સાહેબે ઈંગ્લંડની પોલો ટીમને સખત શિકસ્ત આપી હતી. ૧૯૩૭માં હું ઈંગ્લંડમાં હતો ત્યારે હરલિંગહામના મેદાનમાં ઈંગ્લિશ પોલો જોવાની મને તક મળી હતી. એ જોયા પછી એમ જરા પણ સંકોચ વિના કહી શકાય કે ઇંગ્લિશ પોલો કરતાં હિંદી પોલો ચઢિયાતા દરજ્જાનો રમાય છે. એ જ વખતે ત્યાંના પારકા ઇંગ્લિશ ઘોડાઓ ઉપર રાજકુમાર પ્રિથિસિંહ અને કયારેક જયપુર દરબાર અંગ્રેજ ખેલાડીઓ સાથે પોલો રમતા ત્યારે પણ અંગ્રેજ ખેલાડીઓની રમત ઊતરતા દરજ્જાની છે એમ તરત જ દેખાઈ આવતું. ગયે વર્ષે નહિ પણ તે પહેલાંને વર્ષે ઈંગ્લંડ અમેરિકા સાથે પોલો મૅચ રમવા અમેરિકા ગયું હતું. પણ ત્યાં એમણે એટલી ખરાબ રીતે અને દયાજનક રીતે હાર ખાધી હતી કે બ્રિટિશ ખેલાડીઓ બીચારા બેઆબરૂ થઈ ગયા. અને છતાં યે એ મૅચમાં અમેરિકાના ચાર સર્વોત્તમ ખેલાડીઓ તો રમ્યા નહોતા!

જયપુર ટીમની ફતેહનો આધાર એમનાં પરસ્પરનાં સહકાર અને સમજણ ઉપર છે. વ્યક્તિગત કીર્તિને ખાતર ટીમની નામના બગાડવાની અનુદારતા કોઈ ખેલાડીમાં નથી. ઊલટું, ટીમની કીર્તિ માટે વ્યક્તિગત ફતેહ જતી કરવાની માનવતાભરી ઉદારતા દરેક ખેલાડીમાં છે એ મોટી વાત છે. આ સદ્ગુણને લીધે જ જયપુર ટીમ આજે હિંદુસ્તાનની સર્વશ્રેષ્ઠ અને જગતની પહેલા વર્ગની પોલો ટીમ ગણાય છે.

નામચીન ખેલાડીઓ

રાજકુમાર પ્રિથિસિંહ એ જયપુર ટીમના સૌથી વેગવાન અસવાર છે. ઘોડા પરની એમની બેઠક કોઈ શિલ્પીની ઘડેલી પ્રતિમા જેવી હોય છે. ઘોડો ચૌદ આની દોડતો હોય, પરંતુ જ્યાં સુધી દડાની પાસે ઘોડો પહોંચે નહિ ત્યાં સુધી શરીરનો એકેય ભાગ હાલે નહિ. એમની

હિટ જોરદાર અને લાંબી હોય છે. લગામ અને સ્ટિક પકડવાની એમની રીત 'સ્માર્ટ' છે. ગમે તેટલી ઝડપે ઘોડો દોડતો હોય, પણ ઘણી જ આસાની અને ઝડપથી એ ઘોડાને ઊલટી દિશાએ લાવીને પાછા એ જ ગતિ લાવી શકે છે. જયપુર ટીમમાં એમના ઘોડાઓ વધારેમાં વધારે ઝડપી હોય છે.

દડાને સાથે લઇને દોડવાની રાવરાજા અભેસિંહના કલા એમની પોતાની જ છે. ઘોડાના ચાર પગની વચ્ચેથી પણ હિટ મારવાની એમની આવડતની હજી સુધી કોઈ નકલ કરી શક્યું નથી. ઘોડા પરની એમની બેઠક પરથી આપણને એમ લાગે કે એ હમણાં સરી પડશે. પણ એમની જાંઘની પકડ ખૂબ મજબૂત હોય છે. આગળ પાછળ જોઇને દડાને લઈ જવામાં એ નિષ્ણાત છે.

રાવરાજા હનુતસિંહ એ હિંદુસ્તાનના સર્વોત્તમ અને દુનિયા સમસ્તમાં નંબર થ્રી તરીકે રમનારાઓમાં સર્વશ્રેષ્ઠ ખેલાડી છે. જેટલી આસાનીથી ધ્યાનચંદ હૉકીની લાકડી પર દડાને રમાડીને સામી ગોલમાં લઇ જાય છે તેનાથી વધારે આસાની અને ચપળતાથી હનુતસિંહ બારઆની ચૌદઆની ઘોડાની ગતિમાં દડાને સામી ગોલમાં ઉડાવી જાય છે. એમના હિટ જોરદાર અને અચૂક છે. બૅક હિટ–એટલે જે દિશા તરફ ઘોડો દોડતો હોય તેનાથી ઉલટી દિશા તરફ લાંબી જોરદાર હિટ–મારવામાં હનુતસિંહ અપૂર્વ છે. એમની હિટની ચોક્કસતા એટલી બધી હોય છે કે ભાગજોગે જો સામી ટીમની ભૂલ થઇ ગઇ અને અમ્પાયરે જો 'પેનલ્ટી' તરીકે ૬૦ યાર્ડ કે ૩૦ યાર્ડ હિટ જયપુર ટીમને આપી તો હનુતસિંહની એ હિટ જરૂર ગોલ કરવાની એ શંકા વિનાની વાત. એમના અચૂક નિશાનથી સામો ખેલાડી એટલો બધો ગભરાય કે એક વખત દડો એમની પાસે ગયો એટલે એ નિરાશ થઇને દડો મેળવવાના પ્રયત્નો કરે જ નહિ. હનુતસિંહની અગમચેતી પણ અજોડ કહી શકાય તેવી છે. મેદાનમાં બૉલ કેવી રીતે પડ્યો છે, સામા પક્ષના ખેલાડીએ કેવો ઘા ઉગામ્યો છે, હિટ કેવી વાગશે, બૉલ ક્યાં જશે, એ સર્વનો ખ્યાલ કરીને એ પહેલેથી જ ત્યાં પહોંચી જાય અને દડો જમીનને અડકે તે પહેલાં જ લઇને ચાલવા માંડે! એમની આ અગમચેતીથી મોટામોટા અંગ્રેજ અને અમેરિકન ખેલાડીઓ પણ હેરત પામ્યા છે. હનુતસિંહ ઇન્ડિયન પોલો એસોસીએશનની મૅનેજિંગ કમિટીના સભ્ય છે અને હૅન્ડીકૅપનો નિર્ણય કરનારી કમિટીના પણ એકલા હિન્દી સભ્ય છે.

જયપુર દરબાર હિંદુસ્તાનમાં સર્વશ્રેષ્ઠ બૅક રમનાર છે. સામી ટીમના નંબર વનને રોકીને દડાને પોતાની ટીમના ખેલાડીને પહોંચતો કરી દેવાની એમની નિપુણતા ઇંગ્લંડમાં પણ વિખ્યાતિ અને પ્રશંસા પામી છે. ઘોડા પરની એમની બેઠક જોરદાર છે. સામી ટીમના ખેલાડીને સમય આવ્યે ભીંસ દઇને પોતાની ટીમના ખેલાડીને દડો લઇ જવા દેવાની એમની તાકાત અજોડ છે. એમની હિટ લાંબી અને જોરદાર હોય છે. એમની બૅક હિટ પણ હનુતસિંહથી બીજે નંબરે ગણાય તેવી છે. પોતે મહારાજા હોવા છતાં રમતી વખતે એક ખેલાડીથી વધારે પોતાનું વ્યક્તિત્વ અને અસ્તિત્વ નથી એમ એઓ માને છે અને પોલોના નિયમ અને નિર્ણયની બાબતમાં હનુતસિંહના શબ્દને એઓ આખરી માની અનુસરે છે.

બીજી બધી મેદાની અને મર્દાની રમતોમાં વ્યક્તિગત ફતેહનો આધાર મુખ્યત્વે રમનાર ઉપર જ હોય છે; પરંતુ પોલોમાં એ ફતેહનો આધાર ઘોડાના અને અસવારના સહકાર અને સમજણ પર અવલંબે છે. રમનાર નિપુણ હોય, પણ જનાવર નબળું હોય તો યે ન ચાલે; અને ઘોડો મર્દ હોય અને અસવાર ડરપોક હોય તોપણ ન ચાલે. બન્ને મર્દ અને મૃત્યુને પડકારનારા હોવા જોઇએ. પોલોનો ખેલાડી અને હવાબાજ (પાઇલટ) એ બન્નેનું મૃત્યુ આકસ્મિક હોય છે. બીજી કોઈ પણ હિંદી મેદાની અને મર્દાની રમત કરતાં પોલોમાં વધારે વીરતા, સાહસ અને ઝિંદાદીલી જોઇએ છે. નિર્ભયતા, નિર્ણયાત્મક બુદ્ધિ અને નગદ તાકાતની ખિલાવટ પણ એમાં એટલી જ હોય છે.

ઈ. ૧૯૩૭ના ડિસેમ્બરના એ દિવસો મને હજી સાંભરે છે. પૃથ્વી પર ધસતાં જીવતાં વિમાનો પર બેસીને કાળજાવિનાના માનવીઓ ગેડીદડે રમતા હતા, અને પેલો લખેશરી મારવાડી જયપુરની જીત પર પચાસ હજાર રમેલો! ક્યાં પોલોનો મર્દાની ખેલ અને ક્યાં જુગાર! વિરોધાભાસની પણ એક વિચિત્ર દુનિયા છે ને?

કે પછી એ જ સાચી ઝિંદગી છે?

કિસનસિંહ ચાવડા



આશ્વાસન

(ચિત્રકાર · મહર્ષિ નિકોલસ રોરીક)

હિમાલયનાં ધવલ હિમશિખરોની સમીપમાં શિકારી મૃગયા કરી પવિત્રતાના વાતાવરણમાં કરડો નાદ કરે છે તે જ વખતે કોઈ ગુફાવાસી મહાત્મા બહાર આવી શરણે આવેલા હરિણને બાથમાં ખેંચી લે છે. કુદરતની આવી વહેતી કરુણા જોઇ પારધી વિનમ્ર અને શરણાગત બનતો દેખાય છે. હિંસાજીવનથી વ્યાકુળ થએલા તેના આત્માને ય આશ્વાસનની ગરજ કોઇવાર પડવી ઘટે.



वहेता जवुं एज एक नदीनो धर्म नथी; फेलावुं अने आशीर्वादिरूप थवुं ए पण एक नदीधर्म ज छे
एनुं भान तमाम नदीओने करावती बे बेनपणी नदीओ

तेंदुला अने सुखा

अने ए बंनेनुं सायुज्य करतो विशाळकाय तेंदुलाबंध जेनो
जोटो एक रीते हिंदमां तो शुं, कदाच दुनियामां नहि होय

आजे એક અણધાર્યો અને અસાધારણ આનંદ અનુભવી શક્યો.

વર્ષોથી દુગ આવ્યા છીએ:—આસપાસનાં બે ગામડાંમાં રાષ્ટ્રીય ગ્રામશિક્ષણ (બેઝિક એજ્યુકેશન) શરૂ કરવા માટે શિક્ષકો તૈયાર કરનાર એક સંસ્થાનું ઉદ્‌ઘાટન કરવા. સવારે ચાર વાગ્યે દુગ આવી પહોંચ્યા. નાહીધોઈ નાસ્તો કરી બાલોડ જવા ઊપડ્યા.

બાલોડ દુગની બરાબર દક્ષિણે ૩૭ માઈલ પર છે. રસ્તો મોટે ભાગે જાણે દોરી છાંટીને બનાવ્યો હોય એવો સીધો છે. માઈલના માઈલ સુધી સીધી લીટીમાં દોડતા રહેવું એમાં જેમ એકધારાપણું છે તેમ એક જાતનો કેફ પણ છે. બાલોડ પાસે આવ્યા અને કોઈકે કહ્યું કે અહીં પાસે જ તેંદુલા બંડ અને કૅનાલ છે. નાનકડી વસ્તુ પણ સ્થાનિક લોકોને મન મહત્ત્વની હોય છે. માઈ તામનસ્કરે જ્યારે કહ્યું કે વ્યાખ્યાન થયા પછી આપણે એ બંડ જોવા જઈશું ત્યારે કશા ખાસ ઉત્સાહ વગર મેં હા પાડી. એમાં કશું મજાનું જોવાનું હશે એમ તો માન્યું જ ન હતું. હા પાડી તે સ્થાનિક લોકોના આતિથ્યનો ઉત્સાહભંગ ન થાય એ જાતની ભલમનસાઈને લીધે જ.

ખાસો ૩૭ માઈલનો જ પ્રવાસ કરેલો એમાં રસ્તે ખાડા ટેકરા કશું જ ન હતું. બધે સપાટ જમીન. ગુજરાતની પેઠે આ જમીનમાં વાડનું નડતર પણ ન જડે. આવી સપાટ જમીન જોયા પછી એકાદ નદીનાળું જોવાને મળશે, એકાદ બંધ નજર સામે અથડાશે તો મનને એટલું વ્યંજન મળશે એમ ધારી હું કબૂલ થયો. જેણે પૂનાના બંડ-ગાર્ડનથી માંડીને માટઘરના પ્રચંડ બંધ સુધી અનેક બંધ જોયા છે તેનું કુતૂહલ એમ સહેજે જાગ્રત ન થાય.

બીજાવાડામાં કૃષ્ણા નદી પરનો ભવ્ય બંધ, ગોકાક પાસેનો ઘટપ્રભા આડો બાલ્યપરિચિત બંધ, લોણાવલાના બે ત્રણ આકર્ષક બંધ, મ્હૈસૂરમાં વૃંદાવનને પોષનાર બાદશાહી કૃષ્ણસાગર, દિલ્લી પાસેનો યમુના પરનો રમણીય 'ઓખલા'નો બંધ, અને નાશકથી મોટરરસ્તે ૫૦ માઈલ દૂર જઈ જોએલો 'પ્રવરા' નદીનો સુંદરતમ અને રોમાંચકારી બંધ;—આવાંઆવાં અનેક જળાશય જેણે જોયાં છે તે સિંહગઢ તળેના 'ખડકવાસલા' જેવા બંધથી પણ સંતુષ્ટ ભલે થાય, પણ એનું કુતૂહલ બાલ્યાવસ્થામાં તો ન જ હોય.

ભાવનગર પાસેના બોર તળાવનું વર્ણન મેં લખ્યું છે; બીજાવાડાની કૃષ્ણા નદીને શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે; બીજા વિષે હજુ લખ્યું નથી એનું દુઃખ છે. છતાં આજે કોઈ મજાના જલરાશિનું દર્શન થશે એવી અપેક્ષા જ ન હતી. વ્યાખ્યાન, સંભાષણ અને ભોજન આટોપી અમે તેંદુલા કૅનાલ જોવા ઊપડ્યા અને બંધને રસ્તે દોડ્યા. બંધ પરથી મોટર લઈ જવા માટે રજા મેળવવા એક માણસ આગળ ગયેલો, તે આવે એટલી ધીરજ અમારી પાસે ન હતી. અમે રજા મળશે જ એવી ધારણાને જોરે ચાલ્યા અને બંધ સુધી પહોંચ્યા. બંધ ઉપર ગયા, અને—

હું તો અવાક્ બની ગયો!

કેવડો લાંબો અને પહોળો પાણીનો પટ! અને પાણી પણ કેટલું સ્વચ્છ! જાણે આકાશ જ આનંદાતિશયમાં દ્રવીભૂત થઈને નીચે અવતર્યું ન હોય! અને પાણીના રંગ!! જાંબુડા, નીલા, પીરોજી, ચાંદીવર્ણા અને ગુલાબી!! અને એ પણ સ્થાયી નહિ! આકાશનાં વાદળાં જેમજેમ દોડે તેમતેમ આ પાણીના રંગ પણ રૂપ ફેરવે. નાનાં મોજાંને કારણે પાણીની તરલતા ખીલતી તો હતી જ, તેમાં આ રંગ-પરિવર્તનની ચંચલતા ઉમેરાઈ! પછી પૂછવું જ શું? જ્યાં જુઓ ત્યાં કાવ્ય ડોલતું હતું, ચમત્કાર નાચતો હતો. બે બાજુના કિનારા જાણતા હતા કે પોતાનું મહત્ત્વ કોને આભારી છે, એટલે અદબ જાળવી જળરાશિની ખુશામત કરતા હતા.

આ બંધની ખૂબી એના વિસ્તાર ઉપરાંત એની બીજી એક વિશેષતામાં રહેલી છે. તેંદુલા અને સુખા

બે બેનપણી નદીઓ છે. તેંદુલા મોટી બેન. એ ૩૦–૪૦ માઈલ દૂરથી આવે છે. એની આગળ સુખા તો કેવળ બાળકી. ત્રણ માઈલ દોડીને જ એ અહીં પહોંચી છે. આ બે નદીઓ જ્યાં કાંઈક પાસે પાસે આવે છે ત્યાં જ આ હેતાળ બંધ, 'મારા ગળાના સમ આગળ ગયાં તો' એમ કહી, એ બેની આડો પડ્યો છે. ખાસ્સો ત્રણ માઈલનો લાંબો બંધ આ બે નદીઓને રોકે છે. અને પછી પોતાની મરજી પ્રમાણે થોડુંથોડું પાણી છોડી દે છે. કાચી માટીનો આવડો મોટો બંધ હિંદુસ્તાનમાં તો શું પણ દુનિયામાં પણ બીજે નહિ હોય. ૧૫ માઈલ સુધીની બંધ નીચેની જમીન એવાં ઉપકારનાં પાણી લેવાની ના પાડે છે. એટલે એ નહેર ત્યારપછીના, સાઠ સિત્તેર માઈલ સુધીના બે બાજુનાં ખેતરોની જ સેવા કરે છે. બંધને કારણે ઉપરની કેટલી જમીન પાણી તળે ડૂબી ગઈ છે એનો ખ્યાલ નરી નજરથી ક્યાંથી આવે? તપાસ કરતાં જણાયું કે લગભગ ત્રણસો ને વીસ ચોરસ માઈલ જમીનનાં પાણી અહીં ભેગાં થયાં છે. પાણીનો વિસ્તાર ૧૬ ચોરસ માઈલ જેટલો છે! ૧૯૧૦માં આ બંધની શરૂઆત થઈ અને પોણા કરોડથી વધારે રૂપીઆ ખર્ચાયા પછી જ એ પૂરો થયો.

વરસાદના દિવસોમાં આ બંને નદીઓનાં પાણી એક થાય છે. અને પછી તો બધે જળબંબોળ દૃશ્ય જોઈ માણસને સર્વતઃ સંપ્લુતોદકેનું સ્મરણ થાય છે. અને જ્યારે વચલો બેટ જરાતરા પોતાનું માથું ઊંચું રાખવાનો પ્રયાસ કરે છે ત્યારે એની એ હેરાનગતી જોઈ આપણને હસવાનું જ મન થાય. આજે એ બેટ પર કેટલાંક ઊંચાં ઝાડો યદ્ ભાવિ તદ્ ભવતુ વૃત્તિથી એ રેલસંકટની રાહ જોતાં ઊભાં છે. એમને કાંઈ પેલી લાલ કિનારીવાળી હોડી લઈને ભાગવાપણું થોડું જ છે? આવા પાદપો ટકાય ત્યાં સુધી ટેકપૂર્વક ટકે છે; અને અંતે મૂળિયાં ઉઘાડાં પડે એટલે પાણીમાં પડતું મૂકે છે.

ઉનાળામાં જ્યારે બે નદીનાં પાત્ર જુદાંજુદાં થાય છે ત્યારે, તડકા ઉપરાન્ત વિરહને કારણે એ વધુ સુકાઈ ન જાય એટલા ખાતર, વચમાં એક નહેર ખોદીને બન્નેનાં પાણી એકબીજામાં પહોંચી શકે એવી ગોઠવણ કરી છે.

જાણકાર જાણે જ છે કે નદીઓને હૈયું હોય છે; એમને વાત્સલ્ય હોય છે, ચારિત્ર્ય પણ હોય છે અને ઉન્માદ તથા પશ્ચાત્તાપ પણ હોય છે. આ બે બહેનો જે કાંઈ અહીં કરે છે તેમાં એકબીજાની શોભાની અદેખાઈ જરા યે કરતી નથી. મત્સર કે સાપત્ન ભાવ એમના મોઢા પર દેખાતા જ નથી. બંધરૂપી જબરદસ્ત સંયમને કારણે પોતાની શક્તિ કેટલી વધી છે એનું એમને ભાન છે. વહેતા જવું એ જ એક નદીનો ધર્મ નથી. ફેલાવું અને આશીર્વાદરૂપ થવું એ પણ નદીધર્મ જ છે એનું ભાન તમામ નદીઓને કરાવવા ખાતર જ એ અહીં પથરાઈને પડી છે.

નદીને કાંઠે ઝાડ ન હોય ત્યારે ત્યાં એક જાતની શોભા હોય છે અને ઝાડ જ્યારે એના પાત્રને ઢાંકવાનો વૃથા પ્રયત્ન કરે છે ત્યારે એ વિફળતામાંથી પણ એ ઝાડો સફળ શોભા ઉત્પન્ન કરે છે.

અમે આ ઝાડીની મુલાકાતે ગયા. વખત બપોરનો હતો. ઊંઘણસી ઝાડો નદીની પાસે વાતો કરતાં કરતાં નીંદમાં ડૂબી જતાં હતાં અને બધે ગરમ–શીતળ શાન્તિ પથરાતી હતી. ફક્ત જાતજાતનાં પક્ષીઓ, મંદ મંજુલ ટહુકા કરી એકબીજાને આ કાવ્ય માણવા ઉત્તેજિત કરતાં હતાં.

અને લાલ મંકોડાઓ, જેને મરાઠીમાં 'वाघ मुंग्या' અથવા 'उंबील' કહે છે તેઓ, ઝાડનાં પહોળાં પાંદડાં એકબીજાને એક જાતની ચિકણી જાળની મદદથી ચોડી, કાવ્ય ભરી રાખવાની કોથળીઓ બનાવી રાખતા હતા.

મારી આંખો પણ હૈયાની કોથળી કરી એમાં સામેનું દૃશ્ય ભરી કાઢવા આખા પ્રદેશને ચૂસતી હતી.

નદીને એમાં વાંધો ન હતો.

दत्तात्रेय बालकृष्ण कालेलकर

મોટા માણસોની નાની વાતો

ઑસ્ટ્રેલિયન કૉમનવેલ્થના હાઈ કમિશનર સર જ્યૉર્જ રીડને નાઈટહૂડ મળ્યું. ત્યાં સુધી ત્યાંના બધા લોકો એના સાદા નામે જ ઓળખતા. એવામાં એક દિવસ એક સભા મળતાં કોઈએ એને સવાલ કર્યો, 'મિ. જ્યૉર્જ, આ તમારા નામ પાછળ લગાડેલા K. C. M. G. નો શો અર્થ છે?'

'Keep Calling Me George' એણે જવાબ આપ્યો.



એક ને એક ત્રણ

વિચિત્ર ગણિત છે, નહિ ? પણ જીવનમાં આપણે ઘણી વાર છીછરા ઉત્સાહને વશ થઇ, એક ને એક બે, અને બે દુ ચાર એવા ગણિતી નિયમો અનુસાર હવાઈ કિલ્લાઓ બાંધીએ છીએ, અને તે ગબડી પડતાં...પણ કાંઈ નહિ, એનું સાચું ગણિત આ લેખ જ તમને શીખવશે.

મૂળ લેખક

શ્રી અનંત કાણેકર

તે દિવસે મારી જાત ઉપર અને આખી દુનિયા ઉપર હું બેહદ ખુશ હતો. મારા મનને ગમતા બધા બનાવ તે દહાડે બન્યા હતા અને મને જગતમાં કોઇ પણ ચીજની અછત જણાતી ન હતી. મને લાગે છે કે એકલો એકલો હસતો હું સીટી પણ વગાડતો હતો! ટ્રામમાં બેસી સવારે હું કયાંક જતો હતો. એટલામાં દુઃખીકષ્ટી સિકલવાળા એક ભિખારીએ આર્ત સ્વરે મારી પાસે ભીખ માગી. તરત જ મેં ગજવામાં હાથ ઘાલ્યો અને એ ભિખારીને એક આખો પૈસો આપી દીધો! પરોપકારી માણસ તરીકે હું કોઇ દિવસ પંકાયો ન હતો. પણ તે દિવસે મારૂં મન એવા ઉદાત્ત વાતાવરણમાં વિહરતું હતું કે કોઇ પણ વિસંવાદી સુર મારે દુનિયામાં જોઇતો ન હતો. અને પૈસો આપ્યા પછી તો મારૂં મન વધારે ઊંચે ગયું છે એમ મને લાગ્યું. શ્રીકૃષ્ણ પરમાત્મા કે ભગવાન બુદ્ધના ચિત્રમાં એમના માથાને ફરતું જેવું તેજોવલય હોય છે તેવું જ તેજોવલય તે ક્ષણે મારા માથાની ચારે તરફ ફરતું હશે એમ મને લાગ્યું. અને ટ્રામમાં બેઠેલા સઘળા લોકો સકૌતુક આદરથી મારા માથા તરફ જોતા હશે એવું લાગવાથી હસતાં હસતાં મેં ચારે તરફ જોયું!

આ ઘડીએ મારા મનની જે સ્થિતિ છે તેવી કાયમને માટે રાખવી એનું જ નામ મનની મોટાઈ અથવા મહાત્માપણું, એમ પણ મારા મનને લાગ્યું. મનમાં વિચાર આવ્યો કે જઇએ કોઈ મહાત્મા પાસે અને એને પૂછીએ કે 'તમારા મનની સ્થિતિ હમેશાં આવી જ હોય છે ને?' પણ આવા સવાલનો સીધો જવાબ આપે તો પછી એ મહાત્મા જ શાના? પોતાના શ્રેષ્ઠત્વનું ભાન હોવું એમાં મોટાઈ છે જ નહિ!

સામાન્ય માણસો અને મોટા માણસોમાં ફેર એટલો જ કે આપણા મનમાં ભૂલેચૂકે કવચિત જ આવી પળો આવી જાય છે, અને મોટા માણસોનાં અંતર ચોવીસે કલાક ઉચ્ચ સપાટી પર જ વિહરતાં હોય છે!

મનમાં મેં નિશ્ચય કર્યો કે બસ, હમણાં આ ઘડીએ મારૂં મન જે ઉદાત્ત ભૂમિકા પર છે ત્યાંથી એને કોઇ પણ વખતે નીચે આવવા દેવું નહિ. હું માનું છું કે મારા માથાને ફરતું તેજોવલય આ ક્ષણે વધારે ઊજળું થયું હશે.

એટલામાં ટ્રામનો કંડક્ટર મને ટિકિટ આપવા આવ્યો અને મેં એને આપેલી આની ઘસાએલી છે એમ કહી મારી સાથે તકરાર કરવા લાગ્યો. હું ખૂબ જ ચીડાયો, એની સાથે કજિયો કર્યો, પણ એ દાદા બીજી આની વગર ત્યાંથી ખસે જ શાના! આખરે મનમાં હજારો ગાળો ભાંડતાં મેં એને બીજી આની આપી. પેલું તેજોવલય અને પેલું ઉદાત્ત વાતાવરણ કોણ જાણે ક્યાંય નાસી ગયાં હતાં. ક્ષુદ્ર બજારૂ વૃત્તિઓથી મારૂં મન ભરાઈ ગયું હતું. એક આનો પાણીમાં ગયો એવા ખ્યાલથી મારો જીવ બેચેન થયો હતો. મારા ઉદાત્ત નિશ્ચયનો એક ક્ષણમાં જ આવો ચૂરો થએલો જોઇ મને નવાઇ લાગી અને મારી જાત પર જ હસવું આવ્યું. તે વખતથી મેં નિશ્ચય કર્યો કે હવે કોઇ પણ નિશ્ચય જ કરવો નહિ! મહાત્મા થવું આપણે માટે શક્ય નથી :

આપણે ઘણી વાર આપણા જીવનને માટે સમયપત્રક બનાવીએ છીએ; પણ આપણા પોતાના અંતરને આપણે પામી ગયા હોતા નથી, અને એ સમયપત્રકની આવી બૂરી દશા થાય છે! મનુષ્યે કુદરત પર આજ સુધી ઘણા વિજય મેળવ્યા છે; પણ એના પોતાના મનોવિશ્વમાં અને બહારના ભૌતિક વિશ્વમાં એટલી બધી અજ્ઞાત પણ પ્રભાવશાળી શક્તિઓ હજી પણ વસી રહેલી છે કે એણે બહુ જ ખંતથી રચેલા નિશ્ચયોના ગંજીફાનાં પત્તાંના બંગલાઓ તેની એક જ ફૂંકથી જમીનદોસ્ત થાય છે!

હવે, મને કોઇ પૂછે કે પોતાની અસહાયતાનું આટલું તીવ્ર ભાન કરાવી આપતા તમારા આવા દૈવવાદી તત્ત્વજ્ઞાન પ્રમાણે જો લોકો વર્તવા માંડે, તો જગતમાં કશું યે કરી શકાશે નહિ. કઇ ઘડીએ મરણ આવશે એનું જ્ઞાન આપણને નથી, તેથી કાલે શું કરવાનું છે એ પણ કોઇએ ઠરાવવું ન જોઇએ કે શું? અથવા કોઈ વાર અચાનક ધરતીકંપ થાય માટે કોઇએ ઘરો જ ન બંધાવવાં? આવા આક્ષેપોનો હું જોરથી ઇન્કાર કરૂં છું. હું જરા પણ એમ નથી કહેવા માગતો કે 'જે થવાનું છે તે તો થશે જ, પછી ભલેને બ્રહ્મા આડો આવે' એ મહામંત્રનો જપ માણસે જપ્યા જ કરવો ને ભવિતવ્યની રાહ જોતા ચૂપ બેસી રહેવું. અને મારા જેવા ગમે તેટલું કહે તોપણ માણસો શું આવો ઉપદેશ ઓછા જ સાંભળવાના છે? એવું હોત તો તો માનવજાતની આજ સુધી થઇ છે એ પ્રગતિ થાત જ નહિ. માણસજંગલમાં કૂદતો વાંદરો જ રહ્યો હોત!

હું એટલું જ કહેવા માગું છું કે છીછરા ઉત્સાહને વશ થઈ આપણે આપણી જાત વિષે અને જગત વિષે ભળતી જ અપેક્ષાઓ કરીએ છીએ; અને પછી, એક ને એક બે, અને બે દુ ચાર, એવા ગણિતી નિયમોથી ઘડાએલા જીવનને લગતા આપણા એ અડસટ્ટા ખોટા પડે એટલે કટાણું મોં કરી તદ્દન નિરાશાવાદી બની જઈએ છીએ. આવી જાતના છીછરા ઉત્સાહમાં ઘસડાયે જતો માણસ પ્રારંભમાં જેટલો કટ્ટર કર્મયોગી હોય છે તેટલો જ પછી દૂબળો દૈવવાદી બની જાય છે. અજ્ઞાત શક્તિઓ સામે અસહાય થતા માણસોની હું વાત કરૂં છું તે આવા છીછરા ઉત્સાહને ઠેકાણે લાવવા માટે; ક્રિયાની પ્રતિક્રિયા થઈ માણસ દૂબળો દૈવવાદી થઇ ન જાય એટલા માટે. પણ પોતાની અંતિમ અસહાયતાનું ભાન રાખી કામ કરતો માણસ ખરો કર્મયોગી થાય છે; કારણકે તે કોઇ દિવસ નિરાશ થતો નથી! ગણિતશાસ્ત્રીના નિર્જીવ નિયમો વડે નિશ્ચયોના મિનારા ચણવાનો અર્થ શો? એક ને એક મળી ગણિતમાં બે થતા હશે, પણ જીવનમાં તો એક ને એક મળી ત્રણ થાય છે!

(મરાઠી ઉપરથી અનુવાદ) **વસન્ત જોષી**

આ અંકનું મુખચિત્ર

આ અંકના મુખચિત્ર તરીકે આપેલું સીલોનની પોલોન્નારૂઆ મંદિરની ભીંત પરનું રાજારાણીનું ચિત્ર 'આશંકા જાતક નામની' એક જાતકકથાના પ્રસંગનું છે. બોધિસત્ત્વ એક વાર ઋષિ અવતારમાં હિમાલયના એકાંત ભાગમાં તપ કરી રહ્યા હતા. એવામાં સ્વર્ગની એક સદ્‌ગુણવતી અપ્સરા શાપના કારણે કમળના પુષ્પમાં જન્મ પામી અને ઋષિના હાથે ચડી. જન્મનું કારણ નહિ સમજવાથી ઋષિએ તેનું નામ આશંકા પાડ્યું અને પુત્રી તરીકે પાળીપોષી તેને મોટી કરી.

એ કુમારીના રૂપસૌંદર્યની વાત બનારસના રાજા બ્રહ્મદત્તના કાને પહોંચી. તે પરથી તેને પરણવાની ઈચ્છા રાખીને તે ઋષિના આશ્રમે આવ્યો. ઋષિએ તેમ કરવાની એક શરતે હા પાડી કે રાજા તેનું નામ કહી આપે. ત્રણ વર્ષ સુધી આશંકાનું નામ જાણવા રાજાએ નિષ્ફળ પ્રયત્ન કરી જોયો. છેવટે થાકીને વિદાય લઈ નીકળવાની તૈયારી કરે છે તે પ્રસંગે બોલતાંબોલતાં તેની જીભે આશંકાનું નામ આવી ગયું અને પરિણામે તેને પરણ્યો. રાજા પરણીને જાય છે તે પ્રસંગનું આ ચિત્ર છે.

જ્યાંના ખંડિયેર મંદિરની ભીંત પરથી એ ચિત્ર ઉતારેલું છે તે પોલોન્નારૂઆ, સીલોનમાં કોલંબોથી ૧૬૨ માઈલ અને ભીંતચિત્રો માટે વિખ્યાત સીગીરીની ગુફાઓથી ૨૦ માઇલને અંતરે છે. ઇ. ૬૪૨માં પુલસ્તીપુર અથવા પલત્ની નામે પ્રસિદ્ધ થએલું સ્થાન તે જ પોલોન્નારૂઆ. ૧૧૬૪ થી ૧૧૯૭ સુધીમાં રાજા પરાક્રમબાહુએ તે સ્થાન જીતી લઇ નવું નગર બાંધ્યું અને તેને પોતાનું પાટનગર બનાવ્યું. એ રાજાની સમૃદ્ધિ અને જાહોજલાલી પોલોન્નારૂઆનાં ખંડેરોને હજુ પણ વળગી રહેલી જણાય છે. તેમાંના રાણી રૂપમતીએ બંધાવેલા ત્રિબંક પટીઆગારના મંદિરનાં ખંડેરોની ભીંત પરથી ઈરાની ચિત્રકાર કચાદોરિયાંએ જે અનેક ચિત્રો પહેલી જ વાર ઉતારી લીધાં છે. તેમાંનું આ ચિત્ર છે. એ ચિત્રોની વિલક્ષણ ભાવલક્ષણા અજંતાની સાથે ઊભી રહે એવી છે.

ભૂતકાળની શોધમાં

નીકળેલા શ્રી અમૃતલાલ પંડ્યા ઉત્તર ગુજરાતનાં પ્રાચીન સ્થળો ખૂંદતાં ખૂંદતાં પોતાની વાર્તાલાપી શૈલીમાં આ લેખમાળામાં એ પુરાણાં ઇતિહાસકેન્દ્રોનો પરિચય અને પુરાતત્ત્વસંશોધનમાં અજમાવતા નુસખા બતાવે છે.

હું મંદિરમાં પડેલા એક ખાટલા ઉપર બેસી ગયો. થોડીકવાર રહી પૂજારી આવ્યો. ''મહારાજ'' છો કે?' તેના આ પ્રશ્નનો ઉત્તર મેં હકારમાં આપ્યો. પછી તો શું પૂછવું? ગૌબ્રાહ્મણની સેવા માટે સદાથી મરી ફીટતી આવતી હિંદુ જાતિમાંનો આ પૂજારી દિલોજાનથી મારી આગતાસ્વાગતા કરવા લાગ્યો.

'આમ ક્યાં પધારો છો?' પૂજારીએ પૂછ્યું. પુરાતત્ત્વસંશોધન એટલે શું તે ગામડાંના લોકો સમજતા નથી. અંતે દેલમાળમાં મને જાણવા મળ્યું હતું કે 'જૂના દાખલા તપાસવાનું કામ' એમ કહેવાથી આ લોકો પુરાતત્ત્વનો અર્થ સમજી જાય છે. અહીં પણ એ જ પ્રયોગ કરી મેં મારો હેતુ સમજાવ્યો. મારો ઉત્તર સાંભળી પૂજારીના ચહેરાનો રંગ ઊડી ગયો ને બોલ્યો 'મહારાજ, આ કામ કરવાનું અહીં માંડી વાળજો; નહિતર અમારા ને તમારા બંનેના ભોગ મળશે.'

'કેમ ભલા?' મેં પૂછ્યું.

'અમે બધું સમજીએ છીએ. ગાંધી મહાત્મા અને અંગ્રેજો વચ્ચે લડાઈ ચાલી રહી છે. અમદાવાદ ને મુંબઈમાં એમનું રાજ્ય થઈ ગયું છે. (કોંગ્રેસ સરકાર સત્તા ઉપર આવી તેના સમાચાર આ લોકોએ સાંભળ્યા હશે.) હવે ગાંધી મહાત્માએ રજવાડાઓ ઉપર તરાપ મારી છે. રાજકોટ લઈ લીધું અને હવે રાધણપુરમાં એમનાં માણસો આવી પહોંચ્યાં છે. (એ વખતે રાધણપુરની પ્રજાએ જાગૃતિ બતાવવાથી પકડાપકડી ચાલી રહી હતી.) તમે પણ એમના જ માણસ લાગો છો. જૂના દાખલાઓ તપાસી કઈ જગ્યાએ અસલ કોનું રાજ્ય હતું એ જોવા અમસ્તા નહિ નીકળી પડ્યા હો. ભગવાન જાણે, નવાબ સાહેબ ઉપર શી આફત ઝઝૂમી રહી છે. તમારા આવવાની ફોજદાર અને જમાદારને ખબર પડશે તો



વાઘેલના તળાવનો લેખકે આલેખેલો નકશો. ગુજરાતના આ સર્વશ્રેષ્ઠ પ્રાચીન તળાવની હકીકત માટે જુઓ આ લેખમાં પૃ. ૫૫૦મું.

તમને બાંધીને રાધણપુર લઈ જશે અને અમે તમને ઉતારો આપ્યો એટલે ફટકા મારીમારી અમારી પણ ચામડી ઉખેડી નાખશે. તમે ખુશીથી રાત રોકાઓ; એનો વાંધો નથી, પણ સવારમાં વ્હેલાસર ઊપડી જજો.'

આ સાંભળી મને ફાળ પડી. ચાલો અહીંથી જ પાછા વળો; થઈ રહ્યું રાધણપુરીમાં સંશોધનનું કામ!

પૂજારી મારા માટે ચા બનાવી લાવ્યો. કપ રકાબી વાઘેલની દુનિયામાં હજી પહોંચ્યાં નથી. તેને બદલે લોટો ને થાળી આવ્યાં. ચા પણ કેવી? નરાતાળ ભેંસનું દૂધ; તેમાં સ્હેજ ચા ને પુષ્કળ ગોળ નાંખેલાં; અને આ બધું મિશ્રણ પણ દોઢશેર જેટલું! એ જોઈ મને પંજાબમાં એક વખત પીધેલી ચા સાંભરી આવી. હું અમૃતસર ગએલો ત્યારે શહેરમાં સારી હૉટેલો હશે, એમ માની સવારે ટ્રેનમાંથી ઊતરતાં સ્ટેશને ચા પીધી નહિ. અમૃતસરમાં બરાબર બે કલાક રખડ્યો પણ ચાની હૉટેલ ક્યાંયે જડી નહિ. હા, કઢેલા દૂધની દુકાનો તો ત્યાં ડગલે ને પગલે નજરે પડતી હતી. અંતે એક દૂધવાળાને ચા બનાવી આપવા કહ્યું. પડખેની દુકાનેથી પૈસાની ચા લાવી, બાસુદી જેવા કઢેલા શેરેક દૂધમાં આખી પડીકી નાંખી, ગાળ્યા વગર એક મોટા છાલિયામાં ભરી તેણે મારી સામે મૂકી દીધી; પછી બોલ્યો કે 'બાબુજી, મીઠા કેતા ડાલું?' વાસીઓ ચામાં મીઠું

નાખીને પીએ છે. એમ મેં વાંચ્યું હતું કદાચ એટલે આ પણ તેથી જ મીઠું નાખવાનું પૂછતો હશે, એમ માની મેં ના પાડી અને કહ્યું કે 'મીઠા નહિ, પણ ખાંડ ડાલો.' 'બાબુજી, ખાંડ તો ઇત્થે નઇ મિલદી હય.' અમૃતસરમાં શું ખાંડનો દુષ્કાળ પડચો? આંખો મીંચીને હું એ 'ચા' ગટગટાવી ગયો. પણ એ પેટમાં શાની ટકે? ઊલટી થતાં વાર લાગી નહિ! અંતે બસમાં બેસી સ્ટેશને ચા પીવા ગયો. પછી લાહોરમાં જાણી શકયો કે ખાંડને પંજાબીઓ 'મીઠા' કહે છે, અને એમને સળેખમ થાય છે ત્યારે જ દવા તરીકે ચા પીએ છે!

પથારીમાં પડીને પરોઢીએ ગાંસડાંપોટકાં ઊંચકી કેવી રીતે સલામતી સાથે નીકળી જવાય એની જ ચિંતામાં પડચો.

આંખ ઊઘડી ત્યારે જોયું તો સવાર પડી ગઈ છે. પૂજારી જોડે કોઇ વાતો કરી રહ્યું હતું '....નાની ચંદુરના પટેલના ઘરમાં ખાતર પડયું છે, એટલે ફોજદાર અને જમાદાર વહેલા પરોઢના ત્યાં ઊપડી ગયા છે. નવ સાડા નવ સુધીમાં તો પાછા આવતા રહેશે.' આ સાંભળી હું તરત ઊઠીને બેઠો થઇ ગયો. મને ઊઠેલો જોઇ પૂજારીએ કહ્યું 'મહારાજ, કલાક દોઢ કલાકમાં નહાઇધોઇને પરવારી જજો. અને ફોજદાર આવે તે પહેલાં ઊપડી જજો. ગામ બહાર તળાવે ચાલ્યા જાઓ; ત્યાં નિરાંતે નહાજોધોજો.' મારા માટે તો આ સોનાની તક હતી. હું તરત તળાવ તરફ ઊપડી ગયો. મારો વાઘેલનો ધક્કો નિષ્ફળ ન જાય એટલા માટે જ જાણે કે ઇશ્વરે થોડીકવાર માટે ફોજદાર અને જમાદારને અહીંથી ટાળી દેવા, નાની ચંદુરના પટેલને ઘેર ચોરોને મોકલ્યા હશે, એમ ગણી મેં ઇશ્વરનો આભાર માન્યો!

ગુજરાતનું એક સર્વોત્કૃષ્ટ પ્રાચીન તળાવ

તળાવને કાંઠે જઇને જોતાં તો મારી તબિયત ખુશ થઇ ગઇ. ગઇ કાલ સાંજે જે ટેકરા દેખાયા હતા તે એની ભાંગેલી પાળના હતા. ધન્ય સિદ્ધરાજ જયસિંહ! તારાં ઘણાં તળાવો જોયાં, પણ આ નાનકડા વાઘેલ ઉપર તારી શી કૃપા ઊતરી હતી કે આને આંગણે તેં તારાં બધાં તળાવોને ટપી જાય એવું તળાવ ખોદાવ્યું? સ્થાપત્યના નમૂનાઓ અહીં જોવા નહિ મળે; પણ આ તળાવની બાંધણી ઘણી ખૂબીદાર છે. અનેક પહોળા ખૂણાઓનો બનેલો (Multilateral) અને સહસ્રલિંગ કરતાં યે વિસ્તૃત એનો આકાર છે. * ઘાટ પણ હજી સાબૂત છે. પગથિયાં કયાંક છે ને ક્યાંક ભાંગી ગયાં છે. ઘાટને દરેક ખૂણે પાણીમાં એક એક સુંદર દહેરીના જેવી બેઠક હતી. અવશેષો રૂપે એ હજી પણ કયાંકકયાંક દેખાય છે. સહસ્રલિંગની જેમ આની વચ્ચે પણ એક ઊંચો ટેકરો હતો. તળાવમાં થોડુંક જ પાણી રહ્યું હતું. એક જગ્યાએ તો માત્ર કાદવ જ દેખાતો હતો. મારી પાસે માપણીનાં સાધનો તો હતાં નહિ, એટલે તળાવનો વ્યાસ જાણવા એક ઉપાય શોધી કાઢ્યો. મારૂં ડગલું કેટલું લાંબું પડે છે તે ફૂટથી માપી, ઘાટથી ટેકરા તરફ કાદવ ખૂંદતો સીધી લીટીમાં હું ચાલવા લાગ્યો. ડગલાંનું અંતર ઘટેવધે નહિ તેની ખાસ કાળજી રાખી તેની સંખ્યા ગણતો જતો હતો. મારૂં દરેક ડગલું લગભગ દોઢ ફૂટનું પડતું હતું. આવી રીતે વચલા ટેકરા સુધી હું આવી પહોંચ્યો ત્યારે કુલ ૧૨૩૦ ડગલાં થયાં. વધારાનાં ૩૦ ડગલાં કાઢી નાખી ૧૨૦૦ માન્ય રાખ્યાં. દર ડગલે દોઢ ફૂટ પ્રમાણે બે ડગલે એક વાર થાય એ હિસાબે ૧૨૦૦ ડગલાંના ૬૦૦ વાર થયા. તળાવનું મધ્યબિંદુ ટેકરાની વચ્ચોવચ હતું. એની એક પ્રદક્ષિણા કરી, પરિઘનું માપ લઈ (પરિઘ×$\frac{७}{४४}$=ત્રિજ્યા) ત્રિજ્યા કાઢું તો મધ્યબિંદુ હજી કેટલે દૂર છે તે બરોબર જાણી શકાય. પણ ટેકરાનો પરિઘ ગોળ જણાતો ન હતો, એટલે એ પ્રયાસ નિરર્થક હતો. અંતે એનો પણ ઉપાય મેં શોધી કાઢ્યો. અહીંથી બરોબર કાટખૂણે આવતી તળાવની પાળે પાછા જઇ, ત્યાં એક સ્થળે બેસી, હાથમાં ફૂટપટી ઝાલી, આંખને સ્થિર રાખી, હાથ જેટલો લંબાય તેટલો લંબાવી, દૂરથી ટેકરાની પહોળાઈ ફૂટપટીના માપ પ્રમાણે કેટલી થાય છે એ જાણી લેવું. પછી બરાબર એ જ માપ પ્રમાણે ઘાટથી ટેકરા વચ્ચેનું અંતર માપી લેવું. પછી ટેકરાની પહોળાઈનું માપ આ છેલ્લા માપનો કેટલામો ભાગ છે તેનો હિસાબ કાઢવો. અને ઘાટથી ટેકરા સુધીનું અંતર

---

*'The tank at raghel is the finest in Gujarat, it is of great extent. built up with steps all round it. It was constructed by the raghela Rajputs and is in good preservation' (The Palanpur Agency Directory, vol. I. p. 65)

લગભગ ૬૦૦ વાર છે એ તો જાણી જ લીધું છે, એટલે ટેકરાની પહોળાઇનો અડસટ્ટો તુરત નીકળી આવશે.

હવે વચ્ચેના ટેકરા ઉપર હું ચડી ગયો. જૂના વખતમાં ઉપર ઘણું સુંદર મંદિર હશે એમ જણાયું. હાલ તો તેના પથરાઓનો ઢગલો ત્યાં પડયો છે. ત્યાં બેસી મેં તળાવનો નકશો કરવા માંડયો. ચારે બાજુનો દેખાવ ઘણો રમણીય હતો. વાઘેલની નજીકમાં એક્કે નદી નથી. તળાવના ગરનાળાથી શરૂ થઇ હારીજની દિશામાં કોઇ પુરાઇ ગએલી નહેરની લીટી સ્પષ્ટ દેખાતી હતી. એ બાજુએ ઢાળ હતો એટલે એ તરફથી તળાવમાં પાણી આવતું હોય એમ લાગ્યું નહિ. તળાવની ચારે બાજુ કેટલા યે માઇલો સુધી સપાટ મેદાનો પથરાએલાં હતાં. એ બધાં વાઘેલના તળાવ તરફ સહેજ ઢળતાં જણાતાં હતાં. ફક્ત હારીજ તરફનો ભાગ તેવો જણાતો ન હતો. એ બધું જોઇ હું એવા નિર્ણય પર આવ્યો કે ચોમાસાનું જ પાણી વાઘેલના તળાવમાં સંઘરાતું આવ્યું છે; અને અતિવૃષ્ટિને લઇ તળાવના પાણીને બહાર કાઢવા માટે જ પશ્ચિમે દેખાતું ગરનાળું બાંધવામાં આવ્યું હશે. એ પાણી નહેર વાટે હારીજની પેલી મેર સરસ્વતીમાં અગર તો બીજે કયાંક જઇને ઠલવાતું હશે.

હું ટેકરા ઉપર બેઠોબેઠો નકશો તો કરી રહ્યો હતો, પણ નાની ચંદુરના માર્ગ તરફ વખતોવખત જોઇ લેતો હતો કે કયાંક ફોજદાર ને જમાદાર તો નથી આવતાને! ટેકરાની નીચે ઊતરી તળાવને દક્ષિણ કાંઠે આવેલા મંદિરમાં હવે હું ગયો. તેના પૂજારીએ સારો આવકાર આપ્યો. સોલંકીકાળના કોઇ પ્રાચીન મંદિરની જગ્યાએ દોઢસોએક વર્ષ પર નાથબાવા બાલનાથે આ મહાદેવનું મંદિર બંધાવ્યું હતું. મંદિરના ચોકમાં જ એક પીરની પણ જગ્યા હતી. મંદિરમાં એક જ વસ્તુ મને નોંધપાત્ર માલૂમ પડી. તેના ઘૂમટમાં સો સવાસો વર્ષ જેટલાં જૂનાં નાથબાવાઓનાં અને કેટલાંક પૌરાણિક દૃશ્યોનાં ચિત્રો હતાં. જો માથે બીક ન હોત તો જરૂર ત્યાં રોકાઇ એકાદાની અનુકૃતિ કરી લીધી હોત.

હવે હું તળાવની પાળેપાળે તેને પૂર્વ કાંઠે આવી પહોંચ્યો. ત્યાં એક ઠેકાણે બેસી પાછળ જણાવેલા વિધિ પ્રમાણે તળાવની વચ્ચેના ટેકરાની પહોળાઇનો અડસટ્ટો કાઢી હું એવા નિર્ણય પર આવ્યો કે તેના ઘાટથી માંડી મધ્યબિંદુ સુધી તળાવની ત્રિજ્યા ત્રણ ફર્લાંગ જેટલી છે. ચોક્કસાઇવાળાં સાધનોના અભાવે આ ગણત્રીમાં થોડી વધઘટ હોઇ શકે આ ગણત્રીએ તળાવનો ઘેરાવો લગભગ અઢી માઇલનો માલૂમ પડયો.

ચૌદમા સૈકાના પાળીઆ

ત્યાંથી હું વાઘેલા વાવવ્ય ખૂણે જઇ પહોંચ્યો. ત્યાં હારીજ તરફ જતા રસ્તાની નજીક ચાર પાળીઆ નજરે ચઢ્યા. એમાંના બે જમીનમાં એટલા બધા ઊંડા પેસી ગયા હતા કે તેમનાં લખાણ પણ દેખાતાં ન હતાં. બાકીના એક પરનું લખાણ વંચાય એવું નહોતું, પણ બીજા ઉપર તૂટક લખાણ વંચાતું હતું. (જુઓ ચિત્ર)

स १३८५ वदि
वदि वाघे
ग्राम शाीक श्रीविक्रम
दीत ग्या वाा श्री
मवुसीन

એના સંવત ઉપરથી, વાઘેલથી વાઘેલાઓ ધોળકે ગયા તેની ૧૩૦ વર્ષ પછીનો એ પાળીઓ જણાયો. એ નોંધપાત્ર એટલા માટે જ છે કે એમાં વાઘેલનું 'વાઘેલ' જ નામ લખેલું છે. છેલ્લો 'લ' ઘસાઇ ગયો છે. એમાં શ્રી વિક્રમદીત (વિક્રમાદિત્ય) નામની વ્યક્તિનું નામ કોતરેલું છે, પણ બીજા અક્ષરો ઘસાઇ ગએલા હોવાથી એના વિષે કાંઇ વધુ જાણી શકાયું નહિ. પાળીઆઓનો રિવાજ ગુજરાતમાં બીજા-ત્રીજા સૈકા (ક્ષત્રપ કાળ) જેટલો જૂનો છે. લિપિકળા, ધાર્મિક રીતરિવાજ, લોકસ્થાપત્ય, પ્રાચીન પહેરવેશ ને ઇતિહાસ, આમ અનેક રીતે આ પાળીઆ આપણા માટે ઉપયોગી છે. એ કેવી રીતે તે આ લેખમાળામાં આગળ આવશે.

અગિયાર વાગી ગયા હતા. ફોજદાર આવી પહોંચ્યા હશે તો હેરાનગતી થશે એમ માની કેટલું યે જોવાનું અધૂરૂં મૂકી હું ઉતારે પાછો ફર્યો. હું પોતે વહેલો ઊપડી જાઉં તેના કરતાં મને ટાળવા પૂજારીને વધારે તાલાવેલી લાગી હતી, એટલે મારો સરસામાન ઉપાડી સાથે ચાલવા માટે તેણે માણસ તૈયાર જ રાખ્યો હતો. ખાધાપીધા વગરનો હું તરત જ ચાલી નીકળ્યો અને વાઘેલને નમસ્કાર કરી મુંજપર-લોટેશ્વરને પંથે પડયો.

(ચાલુ)

અમૃતલાલ વ. પંડ્યા

કેટલીક વિગતવાર શાસ્ત્રીય હકીકત 'કુમાર'ના ૧૭૫મા અંકમાં આવી ગઇ છે, જેમાં છેક ઉત્પત્તિકાળથી એનો આનુવંશિક ઇતિહાસ પણ આપેલો છે. આ લેખમાં કેટલીક નવી વિગતો સરળ રીતે આપી છે.



હાથી વિષે સરળ હકીકત

ચોપગાં પ્રાણીઓમાં સૌથી વિશાળ કાયાવાળી જાત હાથીની. એની તોલે કોઇ ન આવે. એના જેવી ચારપાંચ ફુટ લાંબી સૂંઢ કોઇને ન હોય. સૂંઢ તો એનાં હાથ, નસકોરાં અને હથીઆર. એનાથી એ પાણી પીએ, ચારો ચરે, સ્નાન કરે અને યુદ્ધ પણ કરે. આપણી માફક એના એ નાકમાં બે વિભાગ હોય છે પણ વધારામાં એની સૂંઢને છેડે એક આંગળી જેવું ટેરવું હોય. એ ટેરવા વડે એ સળી કે ટાંકણી પણ ઉપાડી શકે. એના દાંત બે પ્રકારના હોય એ તો સૌ કોઈ જાણે છે. દેખાડવાના દાંત હાથીદાંત તરીકે ઓળખાય છે. એમાંથી ચુડલા અને એવા દાગીના બને તથા એના ઉપર કારીગરો ભાતભાતનું કોતરકામ કરે. દંતૂશળની વધારેમાં વધારે લંબાઇ નવ ફૂટ, પરીઘ ૧૯ ઇંચ અને ભારેમાં ભારે વજન એક સો રતલ હોય. પરંતુ એથી યે ભારે વજનના, ૧૬૧ રતલના, હાથીદાંતની જોડ ઇંગ્લંડના સમ્રાટના મહેલમાં છે. દંતૂશળ ઊગે ત્યારે અણીદાર હોતા નથી, પરંતુ હાથી એને પોતાનાં આયુધ બનાવવા વૃક્ષો પર ઘસીઘસીને અણીદાર કરે છે.

હાથીની બાલ્યાવસ્થામાં તેના ઉપલા જડબામાંથી દૂધિયા દંતૂશળની જોડ ઊગે છે. તે ખરી જાય ત્યાર પછી તે જ સ્થળે પાકા દંતૂશળ ફૂટે છે અને તે આખી જિંદગી સુધી વધ્યાં કરે છે. આથી ઊલટું હાથણીને દેખાડવાના દાંત હોતા નથી. હાથણીને દંતૂશળ ઊગે છે, પરંતુ તે તેના હોઠની બહાર ન દેખાય એવા તદ્દન નાજુક હોય છે. આ જ પ્રમાણે કેટલાક હાથીને પણ લાંબા દંતૂશળ ઊગતા નથી. આવા હાથી 'મકના' તરીકે ઓળખાય છે, જ્યારે લાંબા દંતૂશળવાળા હાથીને 'દંતેલા' કહેવામાં આવે છે.

આખી દુનિયામાં હાથીની ત્રણ જાતો થાય છે. એક આફ્રિકાની, બીજી એશિઆની જે મોટે ભાગે આપણા દેશને નામે હિંદી તરીકે ઓળખાય છે તે, અને ત્રીજી વામન હાથીઓની.

વામન હાથીઓની ઊંચાઇ માત્ર સાડા પાંચ ફૂટ એટલે માણસ જેટલી પણ હોતી નથી. એમની જન્મભૂમિ કોંગો, ફ્રેંચ આફ્રિકામાં આવેલી છે.

એશિયામાં હાથીઓનું વતન સીઆમ, આસામ, બિહાર, ઓરીસા, બ્રહ્મદેશ, દક્ષિણ હિંદ અને લંકામાં છે.

આફ્રિકાના હાથી હિંદી હાથી કરતાં વધારે ઊંચા હોય છે. તેમના કાન મોટા અને તેમની માથાવટી ઊપસેલી હોય છે. આથી ઊલટું હિંદી હાથીના કાન મુકાબલે નાના અને માથાવટી ખાડાપડતી હોય છે.

એશિયા ખંડના હાથી પાળી શકાય છે. અસલના વખતથી આપણા દેશમાં એમનો ઉપયોગ રાજદરબારમાં વાહન તરીકે, યુદ્ધમાં કિલ્લા તોડવા માટે તેમજ જંગલમાં જબરાં લાકડાં ખેંચવા માટે કરવામાં આવે છે. હવે તો પ્રાણીસંગ્રહસ્થાનમાં પણ હાથી રખાય છે. આવા હાથી પાસે રમતગમતના ખેલ કરાવવામાં આવે છે, તેમની પાસે રથ ખેંચાવવામાં આવે છે અને કોઇ કોઇ જગ્યાએ એવા પાળેલા હાથીને હળે જોતરીને ખેતર ખેડાવવામાં પણ આવે છે. પરંતુ આફ્રિકાના હાથી આવા સીધા નથી. એમની જાતની કોઇ પણ વ્યકિતએ કોઇ પણ માનવીનું સ્વામિત્વ સ્વીકાર્યું નથી.

હાથીની ઊંચાઇ જાણવાની એક સહેલામાં સહેલી રીત છે. હાથી ચાલે ત્યારે એનું પગલું રેતી કે ધૂળમાં બરાબર પડ્યું હોય તો તેના પરીઘનું માપ લેવું. પરીઘના માપને બેગણું કરવાથી હાથીની ઊંચાઇનું ખરું માપ આવે.

સામાન્ય હાથીની ઊંચાઈ આઠ કે નવ ફૂટ હોય છે, પરંતુ કોઇક અગિયાર ફૂટ ઊંચો ય પણ હજી મળી આવે ખરો. અને તેથી યે ઊંચા હાથી અગાઉ થતા હશે, કારણકે કલકત્તાના સંગ્રહસ્થાનમાં બાર ફૂટ ઊંચા હાથીનું હાડપિંજર મોજૂદ છે.

હાથીને ઘાસપાલો ખાતાં સૌએ જોયો હશે. પરંતુ મુખ્યત્વે એ વાંસની પત્તી જ ખાય અને વાંસનાં જંગલોમાં જ ભ્રમણ કરે. એ ખોરાક ન મળે ત્યારે



આફ્રિકન અને હિંદી હાથીનાં કાન, માથાં અને સૂંઢમાં તફાવત બતાવનારાં ચિત્રો

બીજાં અનેક જાતનાં પાન, ઝાડની છાલ, વેલા, કૂંપળ અને ફળ ઉપર નિર્વાહ કરે. એનો ભોજનસમય ક્યારે હશે? એ જાગતો હોય તે સમય દરમિયાન એ તો ચાવ્યા જ કરે. જંગલમાં ફરતો જાય અને ચરતો જાય. પરોઢીએ ચાર વાગ્યાથી ચરવા માંડે તે દસ વાગ્યા સુધી. પછીથી બપોરના આરામ લેવા માટે ઠંડી, છાયા-વાળી જગ્યા શોધીને નિદ્રા લે. ત્રણ વાગ્યે ઊંઘમાંથી જાગે અને ચરવાનું શરૂ કરે તે છેક મધરાત સુધી. વળી પાછો ઊંઘવા માંડે તે પરોઢીઆ સુધી. હાથી તો મોટે ભાગે ઊભાંઊભાં જ નિદ્રા લે! એને બેસવાની જરૂર નહિ. જવલ્લે જ કોઈ હાથી પાસાભેર સૂઈને ઊંઘ કાઢે. એ ઊંઘે ત્યારે એનાં નસકોરાં કેટલાંક માનવ પ્રાણીની જેમ ખૂબ બોલે અને એના કાન ઊંચાનીચા થયા જ કરે. આવા અવાજને લીધે હાથીનાં વિરામનાં કે નિવાસનાં સ્થાનો શોધવાં એ સહેલું થઈ પડે છે.

હાથીની સાંભળવાની અને સૂંઘવાની શક્તિ ઘણી તીવ્ર હોય છે. ઘ્રાણેન્દ્રિયની શક્તિને લીધે એને ભયની કે શિકારની આગાહી તરત થાય છે અને એ શક્તિ જ એને કૌતુકપ્રિય બનાવે છે. એની આંખોનું તેજ ઝાઝું હોતું નથી.

એનું આયુષ્ય કેટલું હશે? સો વરસ તો એ સહેજે જીવે. છતાં સિત્તેર વરસનો હાથી ઘરડો લેખાય છે. એનો ગર્ભાધાનકાળ વીસ માસનો હોય છે. દરેક વખતે એક જ બચ્ચું અવતરે; પણ કદીક જોડકું પણ જન્મે. બચ્ચું જન્મે કે તરત ખડું થઈ જાય અને એની સૂંઢ ઊંચી કરીને મોં વડે હાથણીના આગલા પગ વચ્ચેના બે આંચળમાંથી ધાવવા મંડી પડે. નાના બચ્ચાને શરીરે ખૂબ રુવાંટી હોય છે અને તે દસ વરસ સુધી માતાની સાથેસાથે જ ફરે છે. આથી ઘણીવાર હાથણી પાછળ ત્રણ બચ્ચાં જોવામાં આવે છે! જંગલમાં હાથીને ટોળાબંધ ફરવાની ટેવ હોય છે. ટોળું ચાલતું હોય ત્યારે જાણે કે લશ્કર ચાલ્યું. એક પછી એક, એક પછી એક, એમ બરાબર હારમાં જ ટોળું કૂચ કરે છે. એક ટોળામાં ત્રીસ પચાસ કે કદાચ સો હાથી પણ હોય.

ટોળાની સરદારી કરવાનું કામ હાથણી-ને ભાગે આવે છે, કારણ કે હાથીઓ તો એકલા રખડવાનું જ પસંદ કરે છે અને ભોગકાળ દરમિયાન જ ટોળા ભેગા રહે છે અને આ સમયે એ મદગળતા માતંગ બને છે. એ મદ એમના મસ્તક–માથાવટી–ઉપર આવેલાં બે છિદ્રમાંથી ઝરે છે. મદ રંગે કાળો અને તૈલી હોય છે. મદઝરતા માતંગને 'મસ્ત' પણ કહે છે. વળી કેટલાક હાથીને 'ગુંડા'નું બિરૂદ આપવામાં આવેલું છે. આવા 'ગુંડા'ઓ નામ પ્રમાણે મારકણા અને લુચ્ચા હોય છે.

હાથીની જાતને પાણીમાં પડ્યા રહેવાનું ઘણું ગમે. તરવાનો પણ એને બહુ શોખ. તરવા પડે ત્યારે ડૂબકી મારીને અદૃશ્ય પણ થઈ જાય; માત્ર તેની સૂંઢની ટોચ પાણી બહાર શ્વાસોચ્છ્વાસ માટે રહે. ઉનાળામાં ગરમી ન સહેવાય ત્યારે ખરા મધ્યાહ્ને એ સ્નાન કરવા નીસરી પડે. વળી ઘણી વખત ગમ્મત કરવા માટે રેતીસ્નાન પણ આદરે.

હાથીઓને સાઠમારી ખેલવાનું ઘણું ગમતું જણાય છે. રાજાઓના હાથીખાનાંમાં તો તેમને આ માટે તાલીમ અપાય છે. પરંતુ જંગલના હાથીઓએ બર્મા રેલવે, બંગાળ–નાગપુર રેલવે, તેમજ મલાયા રેલવેના એન્જિન સાથે સાઠમારી ખેલ્યાના દાખલા નોંધાયા છે. એ બધામાં મલાયામાં એન્જિન સાથેની સાઠમારીની બનેલી ઘટના ધ્યાન ખેંચે એવી છે. સને ૧૮૯૯ના ઑગસ્ટ માસની ૧૮મા તારીખે ધોળે દિવસે એન્જિન અને રાની હાથી વચ્ચે 'યુદ્ધ' થયું હતું, જેમાં હાથીએ ઇરાદાપૂર્વક જ આક્રમણ કર્યું હતું. એ યુયુત્સુ ઐરા-વતનો વારસ પાટા ઉપર ઊભો હતો એ જોઇને એન્જિન ડ્રાઈવરે ગાડી થોભાવી દીધી. એન્જિન (અથવા બાલગીતમાં ગવાયા પ્રમાણે હાથીને હિસાબે મહાકાય પાડો) થોભી ગયું, પણ સામે ન થયું; એટલે હાથીએ તેના ઉપર હલ્લો કર્યો. એવા બળથી એન્જિન પર એણે પ્રહાર કરવા માંડ્યા કે એના દંતૂશળના કુચ્ચા થઈ ગયા અને માથું પણ ઘવાયું. આ મારથી એન્જિનને પણ

એવું જ નુકસાન થયું. ખબરપત્રી જણાવે છે કે એક કલાક સુધી આ પ્રમાણે હુમલો ચાલુ રાખ્યો, છેવટે ડ્રાઇવરે એન્જિન પાછું હઠાવી જોયું. એન્જિન પાછું જાય એટલે હાથી બાજુમાં ખસીને ઊભો રહે, પરંતુ આગળ આવે કે સાઠમારી શરૂ કરે એ તો યુદ્ધ માટે કૃતનિશ્ચય જ બન્યો હતો, કારણ કે એટલા સમય પછી માથામાં ઘાની બહુ વેદના થતી હશે તેથી તેણે અવળા ફરીને પૂંઠથી પણ એન્જિનને અટકાવવા પ્રયાસ કર્યો હતો!

વગડાઉ હાથીઓને વશ કરવાની રીત 'ખેડા' તરીકે જાણીતી છે. મ્હૈસુર વગેરે દક્ષિણ હિંદનાં જંગલોમાં દરસાલ આ 'ખેડા' પ્રવૃત્તિ મારફતે જંગલી હાથીઓને પકડીને પાળવામાં આવે છે.

આપણા દેશમાં એવો કાયદો છે કે હાથીને કોઇ શિકારી મારી ન શકે. પરંતુ જ્યારે કોઇ હાથી વન-વગડામાં ચરવાનું છોડી દઈને ખેડૂતોનાં તૂલ ભેળાડે છે અને વારંવાર ઉપદ્રવ કરી ખેતીને ખૂબ નુકસાન કરે છે ત્યારે આવા 'ગુંડા'નો નાશ કરવો એ કાયદેસર ગણાય છે. અને તેમ કરવા માટે જંગલખાતાનો સ્થાનિક અધિકારી યોગ્ય પગલાં લે છે.

બ્રહ્મદેશમાં દસ હજાર હાથીઓ વસે છે એમ મનાય છે. એ ઉપરથી દુનિયામાં તેમની જાતની કેટલી વસ્તી હશે તે કલ્પી શકાય.

હસ્તીવિજ્ઞાન વિષેની માહિતી આપતો આ લેખ, દફતરે નોંધાએલી એક હાથણીના કુટુંબ-પરિવારની રસિક વિગતો આપીને પૂરો કરીશું.

મદ્રાસ સરકારના જંગલખાતા પાસે મીનાક્ષિ નામે હાથણી છે. એનો જન્મ સને ૧૮૮૯નાં માર્ચની નવમી તારીખે થયો હતો. એની માતામહી નામે ડોડાલક્ષ્મી, બ્રહ્મદેશની વતની હતી. ત્યાંથી આવેલા અંગ્રેજ લશ્કર સાથે તે હિંદમાં આવી અને મદ્રાસના જંગલખાતાને સોંપાતાં એને દક્ષિણ હિંદના ગજરાજ સાથે દોસ્તી થઈ. એ રીતે મીનાક્ષિની માતા ચીકા-લક્ષ્મીનો જન્મ થયો. ચીકાલક્ષ્મીની ચોક્કસ જન્મ-તારીખ મળતી નથી. પરંતુ તેની કૂખે, ઉપર્યુક્ત તારીખે મીનાક્ષિ જન્મી અને એના પ્રજનનની ચોક્કસ તિથિઓ મળી આવે છે.


સામાન્ય રીતે હાથણી ૧૬ વરસે સંમતિવય પ્રાપ્ત કરે છે એમ મનાય છે, પરંતુ મીનાક્ષિએ તેરમે વરસે એટલે ૧૯૦૨ના ફેબ્રુઆરીમાં દોસ્તે જહાં નામે વચ્છને જન્મ આપ્યો હતો. આટલી વયે ગર્ભાધાન થવાનાં દષ્ટાંત કાંઇ વિરલ નથી. બીજા એક નોંધાએલા દાખલામાં નવ વરસ અને એક માસની ઉમરની હાથણીને બચ્ચું જન્મ્યું હતું. જોકે એ હાથણી અકાળ મૃત્યુ પામી હતી.

મીનાક્ષિએ ૧૯૦૨થી માંડીને ૧૯૩૫ સુધીના ૩૩ વર્ષના ગાળામાં નવ બચ્ચાંને જન્મ આપ્યો. પહેલાની વાત ઉપર કહી. બીજું રોહિણી નામે બીજાં છ વરસ બાદ ૧૯૦૮ના જાનેવારીમાં આવ્યું અને તે પછી ત્રણ વરસે પાર્વતી નામે ૧૯૧૧ના નવેંબરમાં.

માણસની જેમ ચતુષ્પાદોમાં પણ મરેલાં બચ્ચાં જન્મે છે. તે મુજબ ચોથી સુવાવડ વખતે તેને ૧૯૧૫ના ફેબ્રુઆરીમાં મરેલી વત્સા અવતરી હતી. એ પછી ૫૬ માસે એટલે ૧૯૧૯ના ઑક્ટોબરમાં પાંચમા મોગલ નામે નર બચ્ચાનો જન્મ થયો હતો. છઠ્ઠી વખત ૧૯૨૩ના જૂન માસમાં ચંદ્રા નામે વત્સા; અને સાતમી પણ વત્સા સરસ્વતી નામે ૧૯૨૮ના નવેમ્બરમાં. ત્યાર બાદ બરાબર ત્રણ વર્ષે ૧૯૩૧ના નવેમ્બરમાં આઠમું વચ્છ હિલ્લા નામે અને પછી બાવીસ માસને અંતરે નવમું નારી-બચ્ચું સુંદરી નામનું ૧૯૩૫ના જુલાઇની વીસમી તારીખે તેને અવતર્યું છે.

આપણી રીતે કહીએ તો, આમ નવ બચ્ચાંમાં તેને સાત દીકરીઓ અને બે દીકરા થયાં હતાં. આ નવમાં એક મરેલું અવતર્યું હતું અને બાકીનાં આઠમાંથી પહેલા, દોસ્તે જહાનનો બહુ કરુણ અંત આવ્યો. ૧૯૨૨ની સાલમાં મોપલાઓએ બળવો કર્યો તે સમયમાં આ વીસ વરસના દોસ્તે જહાંનો ઘાત કરવામાં આવ્યો હતો. વિફરેલાં ટોળાંની લોહીતરસ કેટલી નીચતાએ પહોંચે છે તે આ ઉપરથી સમજાશે. બીજાં ચાર બચ્ચાં, રોહિણી, પાર્વતી, મોગલ અને હિલ્લાનાં મૃત્યુ નોંધાયાં છે. બાકીનાં ત્રણનું વેચાણ થએલું હોવાથી એમના સંબંધી માહીતી મળતી નથી. મીનાક્ષિની વય હવે અર્ધી સદી ઉપર થઈ, પરંતુ એ સારી તંદુરસ્તી ભોગવે છે અને કામ પણ આપે છે. કાંઈક કારણથી તે બંને આંખે અંધ થઈ છે એટલી માત્ર કરુણ બીના છે.

મહાદેવપ્રસાદ હરિલાલ દેસાઈ



જીવનનું પરોઢ

ભાગ ત્રીજો

પ્રકરણ · પંદરમું

કુદરતના ખોળે

ફીનિકસના સૃષ્ટિસૌંદર્યનું, ત્યાંની ટેકરીઓ અને નાળાંઓનું, ગાઢ જંગલ અને ફળથી લદાએલાં કેળાં–મોસંબી–નારંગીના બગીચાઓનું વર્ણન ગયાં ઘણાં પ્રકરણોમાં થોડુંઘણું આવતું રહ્યું છે. છતાં મને ખેદ છે કે એ સ્થાનનું જોઇએ તેવું શબ્દચિત્ર આલેખવાનું લેખનબળ મારી પાસે નથી. કોઈ કવિ કે પૂજ્ય કાકાસાહેબ જેવા આચાર્યની કલમ દીપાવે એવી ત્યાંની નૈસર્ગિક શોભા હતી.

કુદરત અને માતાનો એ સ્વભાવ જ છે કે તમે ભલે એની કિંમત ન સમજતા હો પણ એ તો તમને પોતાના અમીરસથી નવડાવ્યે જ રાખે. ફીનિકસમાં જ્યારે અમે એકલા પડ્યા, અમારાં માબાપ ને બાપુજી જેલ ગયાં અને મગનકાકા છાપખાનામાં ગોંધાઇ ગયા ત્યારે એ સૂના જંગલમાં કુદરત સાથેની અમારી દોસ્તી વધી ગઇ. કોઈકોઇવાર તો એ અમને ખૂબ રમાડતી. અનેરાં પંખીઓના ટહૂકા ભેગોસાદ પુરાવવામાં ને તેમની સાથે એકલાંએકલાં ગપ્પાં મારવામાં મને જે મઝા આવતી તેની વાત આગળ કહેવાઇ ગઇ છે. જ્યારે અમે બેત્રણ જણ ભેગા થતા ત્યારે કુદરત ને વાદળાં જોવાની રમતમાં ઑર રંગ જામતો. ને બગલાંના ખેલ જોતાં અને એની ચર્ચા કરતાં અમે ધરાતા જ નહિ. બાપુજીના ઘરની પશ્ચિમ ઓસરીના પગથિયા પર અમે એકમેકના ખભાથી ઊંચા ગોઠવાઇ જતા અને પશ્ચિમ-ક્ષિતિજમાં રમતાં વાદળાંઓની રમત કલાકો સુધી જોતાં.

"અરે, પેલું જો; પેલું વાદળું કેવું મગર જેવું છે! ... અરે ભાઈ! એ તો ઊંટ બની ગયો! ... અને જો તો ખરો, હવે આબાદ સ્ટીમર બની ગઈ છે નહિ?' ત્યાં તો વળી બીજું વાદળું અમને આનંદવિનોદ કરાવતું આવે. ધોળી કોરનું કાળું વાદળું, સોનેરી કોરનું ધોળું વાદળું ભૂખરૂં, કાળું, નાનું, મોટું, આ બધાં વાદળાં બેપાંચ મિનિટ નહિ, પણ દિવસના અનેકવાર અમને નચવતાં. એ વાદળાંની શોભામાં વળી અવનવીન સાથિયા પૂરતાં બગલાંઓની હારની હારોની આવજા તો અમારી આખા દિવસની પ્રવૃત્તિનો એક ખાસ ભાગ જ બની ગઇ હતી. દૂર ક્ષિતિજમાં ટેકરીઓની ધાર પર ત્રણત્રણ પાંચ-પાંચ કે સાતસાત બગલાની બનેલી હારો ઊડીઊડીને જતી. સવારે દક્ષિણથી ઉત્તરે જાય અને સાંજે ઉત્તરેથી દક્ષિણે જાય. કાળાં વાદળાંની ભોંય પર એ આડાંઅવળાં સર્પાકારમાં ઊડતાં ફૂલથી યે ધોળાં બગલાં અમારી નાની આંખોને મંત્રમુગ્ધ કરી દેતાં. અમે એક પણ બગલાની ટુકડીને કે એક બગલાને સુદ્ધાં તપાસ્યા વિના જવા ન દેતાં. કેટલાં બગલાં સવારે પસાર થયાં ને સાંજે પાછાં ફર્યાં એ ગણવાનો અમારો ધંધો થઇ પડયો હતો. કોઇવાર અઠ્ઠાવીસ, કોઈવાર ત્રેવીસ, કોઇવાર બેંતાલીસ, એમ એની ગણત્રી થતી. કોઇકોઇવાર અમારામાં મતભેદ પણ પડતો કે તેત્રીસ હતાં કે અઠ્ઠાવીસ. મતભેદમાં નાનાં છોકરાંઓ તો મગનકાકા પાસે ન્યાય મેળવવા પણ જતાં!

પણ આમ વાદળાંની મજા લૂંટવામાં અને તેની છાતી પરથી સર્પાકૃતિમાં પસાર થતાં બગલાંને એક છેડેથી વધાવી લઈ બીજે છેડે તેઓ અદૃશ્ય થાય ત્યાં સુધી આંખ દ્વારા વળાવવા જવામાં વખત વેડફયા પછી અમારે અમારા નિત્યકાર્યને પહોંચી વળવા બેવડો ઝપાટો મારવો પડતો. એકબીજાને મદદ કરવાની અમારી સહકારી વૃત્તિ પણ પ્રકૃત્તિને આ આનંદ લેવા સારૂ વધી જતી.

આખો દહાડો આનંદ કરાવનારાં અને અમને રમાડનારાં વાદળાં અમને કેટલીકવાર પજવવા પણ મંડી પડતાં અને અમારી આકરી કસોટી લેતાં.

એક સાંજે છાપખાનાનું કામ વહેલું પૂરૂં થઈ ગયું હતું. મગનકાકાને કલાકકનો વખત મળે કે તેઓ સીધા પોતાના પ્રિય બગીચામાં જ પહોંચે. નિયમ પ્રમાણે એ સાંજે પણ દેવદાસકાકા અને હું એમની

સાથે કામે લાગ્યા. કૅાબીજના નાજુક છોડવાને ચારે તરફ પોચી થાળી રચી આપવાનું અને નવા નવા છોડને રોપવાનું કામ અમે કરવા માંડ્યું. એ સર્જનનો આહ્લાદ લેવામાં અને મગનકાકાની મીઠી શિખામણભરી સૂચનાઓ ગ્રહણ કરવામાં અમે મશગૂલ હતા, ત્યાં એકાએક વાદળ ઘેરાયું અને ગાજવીજ થઈ. રોજની જેમ કેશુ, કૃષ્ણ, નવીન અને છોટમ સ્ટેશને ટપાલ લેવા ગયા હતા. એ નાના ટપાલીઓના આવી પહોંચવાનો વખત થઈ ગયો હતો. સમય કરતાં અર્ધો પોણો કલાક વધુ વીતી જવા છતાં પણ તેઓ ન આવ્યા એટલે અમે સ્હેજ ઉચાટમાં પડ્યા. અધૂરામાં પૂરું વાદળ ઘેરાયું એટલે અમારી ચિંતા વધી પડી. એકબીજા સામું જોઈએ છીએ ત્યાં તો વરસાદ તડામાર કરતો વરસવા યે લાગ્યો. ફીનિક્સ સ્ટેશનેથી અમારે ત્યાં આવવાની પગદંડી કપરી હતી. આખે રસ્તે કેટલી યે ટેકરીઓના આકરા ચડાવ–ઉતાર અને તેમાં પાછાં નાળાં. નાળાંનો પ્રતાપ કેવો હતો એ તો કોતવાલ સાહેબવાળા કિસ્સા પરથી વાચક સમજી શકે એમ છે. (જુઓ અંક ૧૮૩) એટલી ટેકરીઓ હોવાને લીધે નાળાંને પૂરથી ઉભરાતાં વાર જ ન લાગે, અને કલાકના અરસામાં કેડસમાણું પાણી થઈ જાય. એમાં પેલા છોકરાઓનું શું થાય? ટેકરી પરની માટી પણ કાળી ને ચીકણી, એટલે લપસતાં વાર નહિ. અને પવન આવતાં વૅાટલ્સનાં ઊંચા ઝાડ પણ રસ્તા પર કડેડાટી કરતાં તૂટી પડે. હું એ પહેલાં થોડા દિવસ અગાઉ જ વરસાદમાં સપડાએલો. વરસાદ ન હોય ત્યારે સવારે નવ વાગ્યામાં ટપાલ લઈને ઘેર આવી શકાતું, પણ તે દિવસે હું ચારપાંચ વાર તો લપસી પડ્યો. કપડાં પલળી ગયાં. ટપાલથેલી પણ ભારે થઈ ગઈ. કપડાંનું વજન વધ્યું હતું જ. વળી બેત્રણ જગ્યાએ નાળાં ઓળંગવાને કોઈ હબસી સાથી મળી ન આવે ત્યાં સુધી મારે રાહ જોવી પડેલી. એટલે નવને બદલે લગભગ બાર વાગ્યે હું ઘેર પહોંચેલો. પાંચ કલાક સુધી પલળેલો હોવાથી આખે શરીરે હું ધ્રૂજતો હતો. મારાં કપડાં પલળી ગએલાં એટલે દેવદાસકાકાએ પોતાનો ગરમ કોટ મને કાઢી આપ્યો. એ પહેરીને મગનકાકાએ આપ્યું એ ગરમાગરમ ખાણું જમ્યો ત્યારે કંઈક સ્વસ્થ થયો. મારા એવા હાલ થએલા તો પેલા છોકરાઓના શા હાલ થાય? એ કલ્પના અમારા ત્રણેનાં મનમાં એકીસાથે આવી. મગનકાકાની આજ્ઞા થઈ કે ખોદવાનું પડતું મૂકી અમે બંને એ વરસતે ઝાપટે, હતું તેટલું બળ કરી સ્ટેશનને રસ્તે દોડ્યા અને સાતેક મિનિટમાં અમે પોણો માઈલ જેટલું દોડી ગયા. ત્યાં એક ઊંચા ચઢાવની ટોચે પહોંચવા આવ્યા ત્યાં અમારા ટીચુકડા ટપાલીઓ ટોળું વળીને બેઠેલા અમારી નજરે પડ્યા. વૅાટલના એક મોટા ઝાડ નીચે ટપાલથેલી મૂકી તેઓ નિરાંતે ગમ્મત કરતા અને વરસાદ રહી જાય એની રાહ જોતા બેઠા હતા. એમને હસતારમતા જોઈ અમે શ્વાસ ખાધો. પછી એમની પાસે પહોંચીને પૂછ્યું, 'આટલું બધું મોડું કેમ કર્યું?' તો કહે. 'આજે દેશની ટપાલ આવેલી છે એટલે એમાં ભાર બહુ છે. આ જુઓને અમારા એકએકથી ઊપડે એમ ન હતું, એટલે લાકડી ઉપર કોથળી બાંધીને વારાફરતી બબ્બે જણ સાથે ઉપાડી લાવીએ છીએ. તોપણ અમારે બહુ થાક ખાવો પડે છે! કોઇના ચહેરા ઉપર તેમજ બોલવામાં કંટાળો કે દુઃખ કંઈ ન હતું. 'દેશની ટપાલ' એટલે હિંદુસ્તાનની ટપાલ. એ પંદરવીસ દિવસે આવે. એમાં થોકડાબંધ છાપાંઓ તો હોય જ; અને તે ઉપરાંત નાનામોટાં પાર્સલ હોય તે જુદાં. એટલે એ ઠીક ભારે થતી. તે દિવસે વળી એક પાર્સલ તો ટપાલથેલીમાં ન માય એવડું મોટું હતું. એ મેં ઉપાડ્યું, થેલી દેવદાસકાકાએ લીધી, અને રમતા, વાતો કરતા ઘેર પહોંચ્યા. અમારા ઘેર પહોંચતાં વરસાદ અટકી ગયો અને વાદળાં વિખરાઈ ગયાં. જાણે અમને સ્હેજ મજા કરાવવા ન આવ્યો હોય!

મગનકાકાએ એ દિવસે બધાં બાળકોને હેતે વધાવ્યાં અને સૂતાં સુધી સૌને ખૂબ આનંદ કરાવ્યો.

અમારા નાના ટપાલીઓની બહાદુરીની આ વાતની સાથેસાથે અમારી નાદાનીની એક વાત યાદ આવે છે તે પણ નોંધું. વગર કારણે ચોરી કરવાનું અમને કેમ સૂઝતું એ સમજાતું નથી, પણ ચોરીનો જ કોઈક અનેરો રસ એમાં આવતો.

શનિવારે ડરબનથી ગાડી મોડી આવતી. રાતે અંધારે સ્ટેશનેથી પાછા ફરવું પડતું એટલે એ દિવસે નાના ટપાલીઓને બદલે દેવદાસકાકાને અને મારે ટપાલ લેવા જવાનો વારો આવતો. જમીને અમે સ્ટેશને


જવા નીકળતા. ટાઢોડાના દિવસો, એટલે કોટ પહેરીને જમવા બેસતા. મગનકાકા અમને પીરસીને આઘા-પાછા જાય કે દેવદાસકાકા મને ઇશારો કરે, અને ઘેર બનાવેલી પાંઉરોટીના આકરા કટકા અમે કોટના ખિસ્સામાં સેરવી દઇએ. આવી રીતે સંતાડીને રોટીથી ખિસ્સાં ભરવાની ચોરી એકવાર પણ મગનકાકાની તિક્ષ્ણ નજરે ચડી તો બાર વાગી જવાના એવો ડર મને મનમાં ને મનમાં બહુ લાગતો. પણ દેવદાસ-કાકાએ શીખવેલી ચતુરાઇ હું બરાબર વાપરી શક્યો અને કદી ન પકડાયો. રોટી ખિસ્સાંમાં ભરવી હોય એટલે જમતાં વાર લગાડવી જ પડે. પરિણામે એટલા વખતમાં પેટ વધારેપડતું ભરાઇ જતું ને મને ખાવાની રુચિ ન રહેતી એટલે આમ રોટી લેવાની હું દેવદાસ-કાકાને ના પાડતો. પણ તેઓ કહે, 'તારે ન ખાવી હોય તો હું ખાઇશ; તું ભર તો ખરો!'

ટપાલની થેલી જાણીજોઇને અમે છાપખાને ભૂલી આવ્યા હોઈએ, એટલે ત્યાં જઇએ અને ત્યાંથી પાછા ફરતાં આંબાવાડિયામાં જઈ કેરીની કાચીકાચી સાખો તોડી લઇએ. મગનકાકાનો એ વખત બગીચામાં ફરવાનો હતો, એટલે એક જણ કેરી તોડતો રહે ત્યારે બીજો ત્યાંથી જરા દૂર ઊભો રહી ચોકી કરે. કંઇ પણ ભય જેવું લાગે કે જેટલી તોડી હોય એટલી લઇને તુરત સ્ટેશનના રસ્તા પર પહોંચી જઇએ. ત્યાં પહોંચી દેવદાસકાકા પોતાના ચહેરા ઉપર કોઈ પણ જાતનો ગભરાટ બતાવ્યા વિના સ્થિરપણે મગન-કાકા સાથે કે જે બીજું કોઇ દેખા દે તેમની સાથે વાતો કરવા લાગે. મારો ચહેરો તો ગુનો કર્યો હોય કે ન કર્યો હોય તો યે સદાય ગભરાએલો જ રહે; એટલે મને જોઇને પણ કોઇને કંઈ શંકા ન આવે. અને આવનાર પૂછે પણ નહિ કે 'સ્ટેશને જતાં જતાં વળી આંબાવાડિયામાં કેમ ઘૂસી ગયા હતા?' બાપુજી હતા ત્યારે જમીને ઊઠ્યા પછી કંઈ પણ વસ્તુ મોંમાં ન નાખવાનો અને બગીચાનું ફળ તો શું, જંગલનું જાંબુ યે જમીન પરથી વીણીને મોઢામાં ન મૂકવાનો નિયમ ક્યાં અને એમના જેલ જતાં આ મારી ચોરી ક્યાં? સ્ટેશને જઇને પાછા આવતાં સુધી આકરી કઠણ રોટી અને તેની સાથે કાચી ખાટી કેરી ખા-વામાં સ્વાદ આ ચોરીનો જ હતો.

ફીનિક્સમાં પાછી વસ્તી વધી નહિ ત્યાં સુધી અમારી આવી નાદાની ચાલુ રહી. જ્યારે ફીનિક્સ બહાર લડાઈ પૂર વેગે સળગી ઊઠી, કોયલાની ખાણે ખાણે હડતાળની આગ ભભૂકી ઊઠી, શેરડીના વાવેતરે વાવતરે હડતાળનો દાવાનળ ફેલાયો તથા હડ-તાળીઆ ગોળીથી વિંધાવા લાગ્યા, ત્યારે અમારી બધી નાદાની ઊડી ગઈ. અમારાં મગજ વધુ ઊંચી વાતોમાં ઘેરાયાં. પછી પેલાં બગલાં ને વાદળાં સાથેની વાતો કે મગનકાકાથી છાની ચોરી વગેરે બધું વિસારે પડ્યું.

લડાઇનો એ જુવાળ ઊછળ્યો તેમાં જાણે અમારી ઉમરમાં યે ઉછાળો આવ્યો. પણ એ કથા હવે પછી.

(ચાલુ) **પ્રભુદાસ છગનલાલ ગાંધી**



હરીફાઇનું પરિણામ

પહેલું ઈનામ: 'વરસાદ પછી'–હાસમ સુતાર (પાટણ); બીજું ઈનામ: 'રણમાં'-જયકુમાર પંડ્યા (અમદાવાદ); ત્રીજું ઇનામ: 'પાલણપુરની શેરીની એક સવાર'–લાભશંકર વ્યાસ (પાલણપુર). નોંધપાત્ર: (૧) જયકુમાર પંડ્યા, અમદાવાદ; (૨) તુલસીદાસ ગોરધનદાસ, પોરબંદર; (૩) જયંત લાલન, મુંબઈ; (૪)મધુસૂદન સ્વામીનારાયણ,આણંદ.

ચોમાસા અને શિયાળાના સંધિકાળનું સૂચકચિત્ર 'વર-સાદ પછી' આથમતી વર્ષાનું આહ્લાદક દર્શન કરાવે છે; ને સાથોસાથ તેને જ પગલે ચાલી આવતી પાનખરની પણ ઝાંખી થાય છે. ભાઇ હાસમ સુતાર એ બંને ઋતુના વિશિષ્ટ ગુણો એક જ ચિત્ર દ્વારા આપણી નજર સામે રજૂ કરે છે.

ચિત્રનું વસ્તુ તથા તેની રજૂઆત આકર્ષક ને ઉત્તમ છે. પ્રિન્ટના વર્ણભેદ વાતાવરણ ઉપજાવવામાં પુષ્ટિ આપે છે.

જમણી તરફના ખૂણામાંથી ફૂટતી ઝાડની ડાળીઓનાં આકારો આખા ચિત્રવિસ્તારમાં પ્રસરી સુંદર સંયોજન ઘડે છે. સૌથી ઉપરની ડાળીની ટોચે બેઠેલ પક્ષીઓ બીજી રીતે નિર્જીવ વાતાવરણમાં ચેતન પૂરે છે. સર્વ દૃષ્ટિએ નિહા-ળતાં 'વરસાદ પછી' ચિત્ર પહેલી પંક્તિનું ગણાય. ચિત્રના આયોજનના કલામય સમતોલન (Pictorial Balance)ના ત્રણે મુદ્દાઓ આ ચિત્રમાં સારી રીતે જળવાયા છે. સાધારણ રીતે ચિત્રની આંકણી કરતાં વિવેચક તેને ત્રણ દૃષ્ટિએ કસે છે: ચિત્રમાંના વર્ણભેદનાં પ્રમાણ; વર્ણમાં એકબીજા વચ્ચેની

તીતા અને વસ્તુ રજૂ થયેલી વસ્તુઓનું રસ દૃષ્ટિએ મહત્ત્વ.

'રણમાં' વાળા ચિત્રમાં નિર્જીવ વસ્તુઓ ગોઠવીને રણનો આભાસ આણવાનો પ્રયત્ન થયો છે, પરંતુ તાડનાં ઝાડ, માણસ, પિરામિડો વગેરે નેગેટિવમાં ચીતર્યાં હોય, અગર રમકડાના ઊંટ પાછળ મૂકેલી બૅકગ્રાઉન્ડ પર ચીતરેલાં હોય એવું જણાઈ આવે છે. પરંતુ આ જાતના અખતરા પ્રશંસનીય ગણાય.

રણનો દેખાવ સાદા રૂપમાં રજૂ થયો છે, પરંતુ તેનું સંયોજન બરાબર નથી. ઊંટ, માણસ કે પિરામીડ એમાંનું શું ચિત્રનું કેન્દ્ર છે તે સમજાતું નથી. દરેકને અપાએલું સ્થાન અયોગ્ય છે. જમણી તરફથી ચિત્રને સવા ઇંચ કાપી ઊંટને મુખ્ય વસ્તુ બનાવવાથી ચિત્ર સુધરે છે.

સૂર્યપ્રકાશની સામે કૅમેરા ધરીને લેવાએલા ભાઈ વ્યાસના ફોટોચિત્રમાં વધારેપડતો વર્ણભેદ છે. નેગેટિવનું ડેવેલપમેન્ટ વધુ થવાથી નેગેટિવની પારદર્શકતા ઓછી થઈ જણાય છે. અગર તો નેગેટિવની પારદર્શકતાને અનુકૂળ ગ્રેડવાળો પ્રિન્ટિંગ પેપર વાપર્યો નથી. જે ગ્રેડનો કાગળ વપરાયો હોય તેનાથી ઊતરતા કૉન્ટ્રાસ્ટવાળા સૉફ્ટ પેપરનો ઉપયોગ કરવાથી પ્રિન્ટ સારો આવશે. ચિત્રની ટેકનિક બેલાશક નબળી કહેવાય.

નોંધપાત્ર ચિત્રોમાં ભાઈ પંડ્યાનું 'દેવડી' ધ્યાન દોરે તેવું છે. પ્રિન્ટ વધુ કાળો થયો એથી કરીને કાળા ટોનના ભેદ દેખાતા નથી. પ્રિન્ટનો ડાબી તરફનો વિસ્તાર નિરર્થક છે. એને ચિત્રવિસ્તારમાં કશો હેતુ જ નથી. ઊલટું, ચિત્રને ડાબી તરફથી અઢી ઇંચ વેતરી નાખવાથી 'દેવડી' જોર પકડે છે અને સંયોજન સુધરે છે. **બલવન્ત ભટ્ટ**

સસ્તા બૉકસ કૅમેરાથી નિરાશ ન થજો

બૉકસ કૅમેરાનું નામ સાંભળીને કેટલાક ઍમૅટર્સ જરા ચમકી જાય છે. પણ ઘણી વખત કિંમતી લેન્સવાળા અને વધારે અટપટી રચનાઓવાળા કૅમેરાઓ કરતાં આ બૉકસભાઈ વધુ સારું કામ કરી જાય છે. ખાસ કરીને તડકામાં ફોટોગ્રાફી કરવાની જે સરળતા બૉકસથી રહે છે તેની તોલે કોઈ ન આવે. વ્યૂફાઈન્ડરમાં જોયું ને ચાંપ દાબી કે ફોટો પડ્યો જ છે. પણ એક આવડત જોઈએ. એક સેંકડ માટે હાથને સ્થિર રાખવાનો મહાવરો પહેલાં કરી લેવો જોઇએ.

મને પોતાને પણ બૉકસ કૅમેરાનો ઘણો શોખ છે. એક વખતની વાત છે. કોડૅકની વેરીક્રોમ ફિલ્મ એ વેળા પહેલવહેલી બહાર પડેલી. મારા જાણવામાં આવેલું કે ચાલુ ફિલ્મ કરતાં તેની ઝડપ વધારે છે. એટલે પરીક્ષા કરવાની ઈચ્છા થઈ. મારા બૉકસ કૅમેરામાં એ ચડાવીને સાઇકલ લઈ ગામબહારની સડકો ઉપર નીકળી પડ્યો કોઇ શિકારની શોધમાં. ગ્રામ-જીવનનાં ચિત્રો મને જરા વધુ ગમે છે. સાંજનો સૂર્ય ઢળતો હતો અને ખેડૂતો તથા ઢોરને ગામમાં વળવાનો વખત હતો. ધૂળ ઊડે ને પડછાયા પડે એમાં જુદીજુદી જાતનાં વાતાવરણ જામે. એવામાં એક ખેડૂતભાઈ ઘાસનો ભારો માથે લઈને આગળ ભેંસ ને પાછળ વાછરડું હાંકતા દુનિયાની કોઈ પણ ચિંતા વગર મોજથી ચાલ્યા આવે. (તેને કંઇ ઘેર જઇને ટપાલ જોવાની કે વર્તમાનપત્ર વાંચવાની ઉતાવળ નહિ!) સામેથી આવો અચ્છો શિકાર આવતો જોઇને આપણે જરા થંભી ગયા અને અમુક ફાંસલા પર આવવા દઇને બૉકસ કૅમેરાની ચાંપ દાબી. ઊલટી લાઈટ એટલા માટે પસંદ કરી કે જુદી જ રોનક આવે, અને વળી વેરીક્રોમ બાઇની પરીક્ષા પણ થઈ જાય. પરિણામ શું આવ્યું, જાણો છો? તે વખતે મદ્રાસના 'હિંદુ' પત્રની સચિત્ર અઠવાડિક આવૃત્તિમાં દર મહીને ઝાઇસ કૅમેરાથી લીધેલાં ચિત્રો માટે રૂા. ૩૫)નું ઈનામ હતું. મેં પણ આમાં ઝાઇસના બૉકસ ટૅંગોરનો ઉપયોગ કર્યો હતો. મારી નાનકડી ફિલ્મ ઉપરથી ૧૫×૧૨નું ઍન્લાર્જમૅંટ બનાવી ત્યાં મોકલી આપ્યું અને મારા એ 'ગ્રામ-જીવન'ને જ પહેલું ઇનામ મળ્યું. મને પણ થયું કે વાહ બૉકસભાઈ અને શાબાશ વેરીક્રોમબાઇ! આ નીચે એ ચિત્ર આપું છું.



સસ્તો બૉકસ કૅમેરા રાખનારા જરા યે નિરાશ ન થજો. તમારા કૅમેરાની અને ફિલ્મની શક્તિ સમજી કામ લેશો તો ભલાભલા કીમતી કૅમેરા શરમિંદા બની જશે.

આબિદમિયાં સૈયદ

સંસારનાં શહેરો

૧૬—કૉન્સ્ટાન્ટિનોપલ

બૉસ્ફરસની સામુદ્રધુની પર ઊભેલું તુર્કીની જૂની રાજધાનીનું આ શહેર જેટલું પુરાણું છે એટલું જ રંગદર્શી છે. અલબત્ત, યુરોપનાં આથેન્સ ને રોમ કે એશિયાનું જેરૂસલેમ તેની હરીફાઇમાં ઊભાં રહે છે, પરંતુ રોમન કાયદો, ગ્રીક સાહિત્ય અને ખ્રિસ્તી દેવજ્ઞાન વગેરે તો કૉન્સ્ટાન્ટિનોપલના ઇતિહાસ જોડે જ જોડાએલાં છે. દક્ષિણે માર્મોરાના સમુદ્રની ને ઉત્તરે કાળા સમુદ્રની નાકાબંધી કરતું આ નગર જ્યારે ચડતી કળા પર હતું ત્યારે લંડન, પારીસ ને બર્લિન તો નાનાં નાનાં ગામડાં જ હતાં.

સફળ નૌમથક તરીકેનું એનું મહત્ત્વ પિછાણી કેટલાક ગ્રીક સંસ્થાનીઓની સહાયથી ઇસુની છ સદી પહેલાં બાઇઝાસે તે વસાવેલું, અને તેનું નામ બઇઝેન્ટિયમ પાડચું. રફ્તે રફ્તે તે એટલું તો આબાદ બન્યું કે આક્રમણકારોની નજર હમેશા તેના પર તાકતી રહેતી. ઇ. પૂ. ચોથી સદીમાં રોમનો છેવટે વિજયી નીવડ્યા અને આ બાઇઝેન્ટિયમ નગર રોમન સામ્રાજ્યનો એક ભાગ બની ગયું.


રોમન સામ્રાજ્ય નબળું પડવા માંડતાં, પહેલવહેલા જ ખ્રિસ્તી રોમન શહેનશાહ કૉન્સ્ટન્ટાઇને પોતાની રાજધાની પૂર્વમાં ખસેડી અને જૂના બાઈઝેન્ટિયમ પર, એનાથી વિસ્તૃત રૂપે, સાત ટેકરીઓ પર નવું શહેર વસાવ્યું; કારણ રોમ પણ સાત ટેકરીઓ પર વસેલું. આ નવા શહેરને એણે નામ પણ આપ્યું 'નવું રોમ' (નોવા રોમા), પરંતુ લોકોએ તો એ નામને બદલે કૉન્સ્ટાન્ટીનોપલ જ પ્રચલિત કરી દીધું. તુર્કોએ હવે તેનું સ્તંબુલ કે ઈસ્તંબુલ નામ ચાલુ કર્યું છે.

આ સાત ટેકરીઓમાં પહેલી ટેકરી પર સિરાલિયો, સંત સોફિયા તથા હિપ્પોડ્રોમ, બીજી પર કૉન્સ્ટન્ટાઇનનો સ્તૂપ તથા નૂરી ઉસમાનિયાની મસ્જિદ, ત્રીજી પર જૂની યુદ્ધકચેરી, (જે હાલ રાષ્ટ્રીય યુનિવર્સિટીમાં ફેરવી નાખવામાં આવેલી છે), સેરાસકેરાત ટાવર તથા સુલતાન સુલેમાનની મસ્જિદ, ચોથી પર તુર્કવિજેતા મુહમ્મદ બીજાની મસ્જિદ, પાંચમી પર સુલતાન સલીમની મસ્જિદ, છઠ્ઠી પર તકફૂર સરાઈ તથા ઈગરી કાપુ અને સાતમી પર ઔરત તાશ તથા સામાતિયા આવેલાં છે. આવા નિર્માણને લઇ બૉસ્ફરસ પર ગામડાં ને શહેરોનો આખો સમૂહ જાણે વસી ગયો હોય તેમ લાગે છે. એનું બારૂં પણ ખૂબ સુંદર હોઈ તેને 'સુવર્ણશૃંગ' (Golden Horn)નું નામ આપવામાં આવ્યું છે.

રોમન સામ્રાજ્ય આથમ્યા છતાં પણ કૉન્સ્ટાન્ટિનોપલની મહત્તા ટકી રહી. તે ગ્રીક બની ગયું, પરંતુ તેનો છેલ્લો શહેનશાહ તુર્ક સુલતાન મહમુદ બીજા સામે લડતાં ઇ. ૧૪૫૩ના મેમાં હણાયો ને વિજયી તુર્કોએ શહેરનો કબજો લઈ તેના બુરજ પરના ક્રુસને પદભ્રષ્ટ કરી ત્યાં ઇસ્લામી બીજ કલા ફરકાવી દીધી. ઈ. ૧૯૨૩ના ઑક્ટોબરમાં એશિયા માઇનોરમાં આવેલું ઍંગોરા (હવે અંકારા) તુર્ક પ્રજાસત્તાકની રાજધાની બન્યું ત્યાં સુધી એ જ તુર્ક સામ્રાજ્યની રાજધાની હતું.

ગ્રીકોનો આ 'દેવનિવાસ', રોમનોની 'ખ્રિસ્તી જગતની નગરરાણી' આ કૉન્સ્ટાન્ટિનોપલ આજે રાજધાનીનો દરજ્જો ન ભોગવતું હોવા છતાં પણ તુર્કીનું પહેલા નંબરનું જ શહેર રહ્યું છે. પુરાણા રોમન ને ગ્રીક અવશેષો ઉપરાંત ઈસ્લામી સ્થાપત્યકલા પણ ત્યાં પ્રત્યક્ષ થાય છે. આતાતુર્ક કમાલપાશાના નવજાત તુર્કીનો પૂરેપૂરો પરિચય આપણને અહીં જ થાય છે.

એની જોવાજોગ મસ્જિદોમાં 'આયા સોફિયા' સૌથી મોખરે છે. મૅકેડોનિયાના લીલા ને લીબિયાના આસમાની આરસ સાથે જુદાજુદા અનેક રંગ ને રંગચ્છાયાના આરસપહાણો તેમાં વપરાયા છે. જમીન પર આનાતોલિયાના ગાલીચા બિછાવેલા છે ને ભીંતો પર કુરાનની આયાતો કોરેલી છે. અયુબની મસ્જિદ પણ એટલી જ પ્રેક્ષણીય છે.



કૉન્સ્ટાન્ટિનોપલ શહેર તથા તેના સુંદર બારા 'ગોલ્ડન હૉર્ન' (સુવર્ણશૃંગ)નું દૃશ્ય

'શેઠ, અસ્ત્રો કેવો લાગ્યો?' હજામે આતુરતાથી પૂછ્યું.

'જાણે હજામત થતી નથી—'

હજામ મલકાયો: 'એમ ત્યારે! મારો હાથ ઑર છે.'

'બેસ બેસ, હવે!' ઘરાક ચીડાઇને બોલ્યો: 'હું તો એમ કહેતો હતો કે જાણે હજામત નથી થતી, પણ માથે કાનસ ઘસાય છે!'

Our Friends Abroad

ઇથાકા–મિશિગાં (યુ. એસ. એ.) જૂન ૫'૩૯

પ્રિય જસાણી,

મારો આદર બતાવવા આમ લખું તે યોગ્ય હશે. આપણા આ જગતમાં દરેક બાબતમાં ગાંડો ધસારો છે તેથી તમારો પત્ર પૃથ્વીના ગોળાને ચક્કર મારતો એક મહિને મને મળ્યો એ સાવ ખરૂં છે. તમારા બંને પત્રો વિષે એમ જ બન્યું છે. વખત જતાં પ્રગતિની સાથે આપણી ટપાલ જલદી અને સસ્તી થવાની.

શાળા હમણાં બંધ છે. ત્રણ મહિના તો તેનું નામ જ નહિ લેવાનું. અરે, એ વિચારથી મને કેટલું સુખ થાય છે તે તમે જાણો છો? કાંઇ જ ભણવાનું નહિ એ કેવું? હું આવું લખું છું એટલે એમ માની ન બેસતા કે મને શાળા ગમતી જ નથી. આ તો માત્ર અભ્યાસનો થાક ચડેલો છે તેની જ અસર છે.

અમારી શાળામાં કેવું જીવન ગુજરે છે તે તમે જાણવા માગ્યું છે, તો પહેલેથી જ બધું કહું છું. અઠવાડિયામાં પાંચ દિવસ શાળામાં જવાનું. રોજના છ કલાક. અભ્યાસક્રમ એવો ગોઠવાયો છે કે દરેક વિદ્યાર્થીએ વરસમાં ચાર વિષય તો શીખવા જ જોઇએ. કોઇને પાંચ લેવા હોય તો લઇ શકે છે. તે માટે શાળાના વર્ગમ રોજ ચાર કે પાંચ કલાક બેસવું પડે. ઉપરાંત, બીજા બે અથવા એક કલાકનો સમય મોટા હૉલમાં જાતે ભણવા બેસવું પડે. મારા સમયપત્રકનો ખ્યાલ આપું: ૯ થી ૧૦–લેટિન; ૧૦ થી ૧૧–અંગ્રેજી; ૧૧ થી ૧૨–સ્ટડી હૉલમાં. બપોરે ૧ થી ૨–ઇતિહાસ; ૨ થી ૩—કારભાર (ગવર્નમેંટ); ૩ થી ૪–ભૂમિતિ.

અમે વર્ગમાં શું કરીએ છીએ એ પણ જણાવું. પહેલાં તો હું જે શાળામાં ભણું છું તે એકલી છોકરીઓ માટે છે જ નહિ. છોકરીઓ સાથે છોકરાઓ પણ ત્યાં ભણે છે. શિક્ષક દરેકને જે જગ્યા આપે ત્યાં જ રોજ અમારે બેસવાનું. સાધારણ રિવાજ નામના અક્ષરાનુક્રમ પ્રમાણે બેસવાનો રખાય છે. તમારી એક બાજુ છોકરો હોય તો બીજી તરફ છોકરી પણ હોય. એ જગ્યા પર કોઇ ધ્યાન રાખતું નથી એમ શિક્ષકને લાગે તો જગ્યાઓ બદલી નાખે છે.

એક શિક્ષક લાંબા પ્રવાસે જઈ આવ્યા હતા. તેમણે અમેરિકાની શાળાઓ વિષે કહ્યું કે ફ્રાન્સની શાળાઓ કરતાં આપણી શાળાઓ સારી છે. ત્યાં છોકરીઓ માટેની નિશાળમાં છોકરીઓ જ હોય છે અને છોકરાઓ માટેની શાળામાં છોકરા જ હોય છે. અઢાર-ઓગણીસ વર્ષનાં થાય નહિ ત્યાં લગી તરુણો એકમેકમાં ભેળાતાં નથી, અને એ વખતે તેઓ તેમની સારામાં સારી બાજુ જોઈ શકે છે. પણ તેમના ખરા સ્વભાવનો પરિચય કરવાની તક મળતી નથી. અમારાં શિક્ષિકા મિસ. ફૉર્ડ કહે છે કે અમારે ત્યાં છોકરા–છોકરીઓ ભેગાં કામ કરે છે તેથી એકબીજાંને તેઓ બરોબર સમજી શકે છે. એકલી છોકરીઓની નિશાળમાં મારે જવાનું હોય તો મને તો ગમે જ નહિ.

અમારી નિશાળમાં એક સર્વસાધારણ સભા છે–તેમાં આખી હાઈસ્કૂલ ભેગી થાય છે. એ વખતે અમારા અધ્યક્ષ એકાદ વિષય પર વાર્તાલાપ કરે છે. મારી શાળા વિષે હાલ આટલું બસ થશે.

હવે હું મારા કુટુંબની થોડીક હકીકત કહું. મારૂં કુટુંબ આખી દુનિયાનાં સરસ કુટુંબો પૈકીનું એક છે. મને તો એમ લાગે છે. બે વર્ષ પહેલાં મારી સૌથી મોટી બેન ગુજરી ગઇ. તે ચાર નાનાં નાનાં સતાન અને એક ધાવણું બાળક મૂકી ગઇ છે. એ બાળકને અમે રાખી લીધું છે. તેનું નામ ડેની છે. બીજાં ચાર બાળકોને કૅથૉલિક આશ્રમમાં મૂકયાં છે. મારી બીજી ત્રણ બેનો પરણેલી છે તેઓ એ આશ્રમની નજીકમાં રહે છે, એ પૈકી બે બેનોને પણ બાળક છે આમ, મારાં કુલે છ ભત્રીજા અને ત્રણ ભત્રીજીઓ છે, એટલે મારે માથે કોઇવાર કંઇ કામ હોય તો આ બાળકોની સંભાળ લેવાનું છે. મારો ભાઇ રસલ ઘર આગળ ખેતર સંભાળે છે અને અને એક જ બાકી રહેલી અપરિણીત બેન ઘર આગળ રહે છે. બસ, આ મારા ઘરની વાત. બહુ લાંબો ન બની, ખરૂં?

અહીંનાં છાપાંઓ અને રેડિયોમાં મહાત્મા ગાંધીના ખબરો કોઇ વાર આવે છે ખરા, પણ તમે જે બીજી વ્યક્તિનું નામ લખો છો તેના વિષે તો મેં કશું વાંચ્યું કે સાંભળ્યું નથી.

મારા સરનામા વિષે એમ છે કે હું શાળાથી પાંચ માઈલ છેટે રહું છું ને ઘેરથી જ રોજ વાહનમાં જાઉં છું એટલે સરનામું એ જ રાખશો. તમે હવે તો અંગ્રેજી અને અમેરિકન સબમરીનો વિષે સાંભળ્યું હશે. બે જ અઠવાડિયામાં તે બન્ને પાતાળમાં ઊતરવાની એ કેવું વિચિત્ર છે!

હું દિલગીર છું કે હમણાં મારી પાસે તમને મોકલવા લાયક મારી કોઇ સારી છબી નથી, પણ બીજો પત્ર લખવાનો વખત આવશે તે પહેલાં હું છબી પડાવી લઇશ અને સારી નીકળશે તો મોકલીશ.

નિષ્ઠાપૂર્વક

બીવર્લી

તારૂં કહેવું અસ્પષ્ટ રહે એટલો બધો મિતભાષી ન થા; અને બીજાને કંટાળો ઊપજે એટલો બધો વાચાળ ન બન.

આ મહિનો (ડિસેમ્બર) ઈતિહાસમાં

તા. ૩ ફ્રેન્ચોએ મૉરિશ્યસનો કબજો અંગ્રેજોને સોંપ્યો—૧૮૧૦.

તા. ૮ ખૂબ લોકપ્રિયતા પામેલા 'ઍન્થની ઍડવર્સ' નૉવેલના લેખક અમેરિકન કવિ હાર્વે ઍલનનો જન્મ.—૧૮૮૯... નૉર્વેજિયન કવિ અને નાટ્યકાર તથા ૧૯૦૩નો નોબેલ પુરસ્કાર મેળવનાર નવલકથાલેખક બ્યોર્ન્સ્ટેન બ્યોર્ન્સનો જન્મ—૧૮૩૨. એના રાજદ્વારી ઉદ્દામ વિચારોના કારણે એને બે વરસ જર્મનીમાં નિર્વાસિત રહેવું પડયું હતું. નોર્વેને સ્વીડનની ધૂંસરીમાંથી છોડાવવામાં તેનો ઘણો જુસ્સો હતો. ૧૯૧૦ના એપ્રિલની ૨૬મીએ તેનું અવસાન થયું.

તા. ૯ મહાન અંગ્રેજ સમાજશાસ્ત્રીને તત્ત્વવેત્તા હર્બર્ટ સ્પેન્સરનું ૮૩ની વયે અવસાન-ઈ. ૧૯૦૩. એની અંતિમ ઈચ્છાનુસાર એના શબને દાટવાનેબદલે દહન કરવામાં આવ્યું હતું.

તા. ૧૨ મહાન અરબ ફિલસૂફ અને કાયદાશાસ્ત્રી અબુલ ઈબ્ન રશીદનું (પાશ્ચાત્યોનો Averrors)નું અવસાન-૧૧૯૮. તેનો જન્મ ઇ. ૧૧૨૬માં કૉર્ડોવા મુકામે થએલો અને ખાસ કરીને ઍરિસ્ટોટલ પરનું તેનું ભાષ્ય પશ્ચિમમાં ખૂબ વખણાય છે.

તા. ૧૬ ગોવાના પોર્ટુગીઝ વિજેતા આલ્ફોન્ઝો આલ્બુકર્કનું મરણ—૧૫૧૫ ....રોઆલ્ડ આમુન્ડસેને દક્ષિણ ધ્રુવ પર વિજય મેળવ્યો-૧૯૧૧.

તા. ૨૧ ઇંગ્લાંડના યહૂદી વડા પ્રધાન બેન્જામીનડિઝરાયેલીનોજન્મ-૧૮૦૪. એણે સુએઝની નહેર પર બ્રિટનનો હક્ક સ્થાપ્યો; વિક્ટોરિયાને હિંદની સામ્રાજ્ઞી બનાવી 'Vivian Grey' તથા 'Congreve' એ નૉવેલો પણ તેણે લખી છે. ૧૮૮૧ના એપ્રિલની ૧૯મીએ તેનું અવસાન થયું.

તા. ૨૮ ગયા મહાયુદ્ધની સંધિમાં અગત્યનો ભાગ ભજવનાર અમેરિકાના પ્રમુખ વૂડરોવિલસનનોજન્મ-૧૮૫૬.



આ માસની વિભૂતિ
વ્યોમેશચંદ્ર બૅનરજી

ઈ. ૧૮૪૪ના ડીસેમ્બરની ૨૯મીએ કલકત્તા નજીક કિદરનૂર નામના એક ગામમાં જન્મ. એમના પિતા ગિરીશચંદ્ર કલકત્તા હાઇકોર્ટના ઍટર્ની હતા ને સ્વભાવે ધાર્મિક વૃતિના હતા. એમનાં માતા પણ વિદ્વત્તામાં ખ્યાત કુટુંબમાંથી ઊતરી આવેલાં હતાં. બંગાળીના અભ્યાસ પછી એમને અંગ્રેજી શીખવા બેસાડયા, પણ તોફાની સ્વભાવને લીધે ભણવાને બદલે રખડવામાં અને નાટકો જોવામાં જ એમનો વખત વીતતો. એમનો ઉચ્છ્રૃંખલ છોકરો સુધરવાની કોઇને આશા રહી નહોતી. સત્તર વર્ષની વયે તે ઘર છોડીને રાણીગંજ નાસી ગએલો ને મહામુશ્કેલીએ પાછો ઘેર આવેલો.

આવા છોકરાને ભણાવવાનો કંઈ અર્થ નથી એમ સમજી એના પિતા ગિરીશચંદ્રે એને મિ. ડાઉનિંગ નામના એક અંગ્રેજ ઍટર્ની પાસે કલાર્ક તરીકે મૂકયો. ત્યાં કામ કરતાં વ્યોમેશચંદ્રને પોતાનાં દૂષણો સમજાતાં ગયાં ને એણે સુધરવાનો નિશ્ચય કર્યો. બુદ્ધિ તો પહેલેથી જ કુશાગ્ર હતી, એટલે એણે કાયદાનો અભ્યાસ હાથ લીધો.

એવામાં એક ઉત્તમ તક મળી ગઇ. શ્રી રૂસ્તમજી જમશેદજી જીજીભાઇએ ઇ. ૧૮૬૪માં હિંદુસ્તાન સરકારને રૂા. ૩ લાખ સોંપ્યા હતા. હિંદુસ્તાનમાંથી કાયદાનો અભ્યાસકરવા કોઇ વિલાયત જાય તેને તેમાંથી સ્કૉલરશિપ આપવાની હતી. વ્યોમેશચંદ્રે સરકારે નીમેલી કમિટી પર અરજ કરી અને એ પસાર થતાં ૧૮૬૪ના ઑકટોબરની ૧૬મીએ તે વિલાયત ઊપડયા.

વિલાયતમાં અભ્યાસ ઉપરાંત સ્વ. દાદાભાઇ નવરોજી સાથે હિંદુસ્તાનને લગતી ચળવળમાં ભાગ લેવા માંડયો અને ૧૮૬૫માં લંડનમાં નીમાએલી 'લંડન ઇંડિયન સોસાએટી'ના મંત્રી બન્યા. પાછળથી એ સોસાએટી 'ઇસ્ટ ઇંડિયન ઍસોસીએશન'માં ભળી ગઈ.

૧૮૬૮માં બૅરિસ્ટર થઇને હિંદ પાછા ફર્યા અને પહેલો જ કેસ, જેના તરફથી કોઈ ઊભું નહોતું રહેતું એવી એક ગરીબ બાઈનો મફત લીધો. આ કેસનેલઇ બંગાળભરમાં તે પ્રસિદ્ધ થયા.

પરંતુ પ્રખ્યાત વકીલ થઇને એ પૈસાના ગુલામ બન્યા નહોતા. દેશહિત માટે પોતાની થેલીનું મોં એ હમેશ ખુલ્લું રાખતા. સુરેન્દ્રનાથ બૅનરજી પર ઈ. ૧૮૮૩માં હાઇકોર્ટનું અપમાન કરવાના તથા ઈ. ૧૮૮૭માં રૉબર્ટ નાઈટની બદનક્ષી કરવાના જે બે કેસ થએલા તે બંનેમાં તે એમના તરફથી મફત ઊભા રહેલા. સરકારે પણ એમની કદર કરી ઘણી વખત એમને સ્ટૅન્ડિંગ કાઉન્સેલ નીમેલા. ઈ. ૧૮૮૪માં કલકત્તાની હાઈકોર્ટના જજ્જ તરીકે પણ તેમની પસંદગી કરવામાં આવી હતી, પણ વ્યોમેશચંદ્રે એ પદ પાછું ઠેલ્યું હતું.

હિંદની રાષ્ટ્રીયતાની એમણે કરેલી હિમાયતને લઇ હિંદી રાષ્ટ્રીય મહાસભાની ઈ. ૧૮૮૫ની મુંબાઇની પહેલી પ્રથમ તથા અલ્લાહાબાદની આઠમી બેઠકના પ્રમુખ એમને જ ચૂંટવામાં આવેલા. સમાજસુધારાનાં કાર્યોમાં પણ એ અગ્ર ભાગ લેતા. પણ સૌથી પ્રબળ તો એમની પરોપકારવૃત્તિ હતી, અને તે પણ કોઈને માલૂમ ન પડે એવી રીતે દાન આપવાની.



માધુકરી

તારે માટે રખડી રખડી કૈંક મેં સ્થાન જોયાં,
તારી શોધે મુજ જીવનમાં કૈંક મેં વર્ષ ખોયાં
પૂછ્યા તારા ખબર સઘળા પાન્થને ધાઈ ધાઈ,
તું તો બેઠો મુજ ભવનના ગોખિયામાં લપાઈ. —હરિહર ભટ્ટ

સર એમ. વિશ્વેશ્વરૈયા

શોધક, ઈજનેર અને અર્થશાસ્ત્રી

મ્હૈસુરનું પાટનગર બાંગલોર બે વસ્તુઓ માટે મગરૂરી લઈ શકે એમ છે: એક તો ઇન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઑવ સાયન્સ માટે અને બીજી સર એમ. વિશ્વેશ્વરૈયા માટે. ઈસુનું ૧૯૩૪નું વર્ષ એ નગર માટે ખૂબ ભાગ્યશાળી હતું, કારણ એ જ વર્ષે સર સી. વી. રામન્ ઈન્સ્ટીટ્યૂટમાં નીમાયા અને સર એમ. વિશ્વેશ્વરૈયાએ એમનું Planned



Economy for India' નામનું જાણીતું પુસ્તક બહાર પાડ્યું. જો કોઈ એક જ પુસ્તક તેના નિર્માતાને પ્રખ્યાત બનાવી શકતું હોય તો ઉપર્યુક્ત પુસ્તકે એ કામ પાર પાડ્યું છે. આજના યુગના વિકટ કોયડાની સર વિશ્વેશ્વરૈયાની પકડ અને એની છણાવટ એમની પ્રતિભાનું ખરું મૂલ્ય બતાવી આપે છે. અને જે લખાયું છે એ સઘળું આચરણમાં મૂકવા તે જાતે ઉદ્યુક્ત રહ્યા છે. એમની માનસસમૃદ્ધિ કેટલી બધી વિરલ હશે, કે એક અમેરિકન સંસ્થાએ એમના અવસાન બાદ એમના મગજની તપાસ કરવા માટે જંગી રકમ આપવા માંડેલી. પરંતુ એમને પૂર્ણતયા પિછાણનારને તો એ રકમ પણ એ મસ્તકના મૂલ્યના પ્રમાણમાં ઓછી લાગે.

એમનું નામ મોટે ભાગે મ્હૈસુર રાજ્ય સાથે જોડાએલું છે. ૪૭ની વયે બ્રિટિશ હિંદની નોકરીમાંથી નિવૃત્ત થયા પછી ઈ. ૧૯૦૯માં એ મ્હૈસુરના ચીફ એન્જિનીઅર બન્યા. ઈ. ૧૯૧૨માં એમને દીવાનપદ આપવામાં આવ્યું. રાજ્યની તીજોરીનાં તળિયાં દેખાતાં હતાં ત્યારે આવી ગંભીર જવાબદારી વિશ્વેશ્વરૈયાએ સ્વીકારી ને પહેલું જ પગલું મ્હૈસુરને ઉદ્યોગપ્રધાન બનાવવાનું લીધું. સુખડના તેલનું કારખાનું, ભદ્રાવતી આયર્ન વર્ક્સ, માઇસોર સોપ ફૅક્ટરી અને મ્હૈસુર બૅન્ક વગેરેથી માંડી કન્નમબડી બંધ સુધીની સઘળી યોજનાઓ એમના ભેજાને આભારી છે. અને મ્હૈસુરે ૧૯૧૩માં લૉર્ડ હાર્ડિંજના અમલ નીચે સંપૂર્ણ દેશી રાજ્યનો દરજ્જો પ્રાપ્ત કર્યો એ પણ એમના દીવાનપદને જ આભારી હતું.

એમના અધિકાર દરમિયાન અને એ સિવાય પણ અનેક સ્થળે એમની સેવા માગવામાં આવેલી ને એમણે તે આપેલી. મૂઠા નહેરને જેમાંથી પાણી પૂરું પાડવામાં આવે છે એ પૂનાના જખરા 'લેઈક ફાઇફ સ્ટોરેજ રેઝર્વૉયર'ના ઑટોમૅટિક દરવાજાનું નિર્માણ એમને જ આભારી છે. નહેરખાતામાં 'બ્લૉક સિસ્ટમ' પહેલવહેલી દાખલ કરનાર પણ એ જ.

હિંદના નવા બંડોળની નિયોજના કરવામાં એમની સેવા માગવામાં આવેલી અને એમણે તે 'New Capital Enquiry Committee'ને ૧૯૨૨માં આપેલી. મુંબાઇમાં અત્યારે ઓદ્યોગિક અને યાંત્રિક શિક્ષણ માટેની સમિતિમાં પણ એ છે. હિંદની કેટલી યે મ્યુનિસિપાલિટી અને એડનની મ્યુનિસિપાલિટી સુદ્ધાં એમની સલાહ અવારનવાર લે છે.

વિશ્વેશ્વરૈયાની ઉંમર આજે ૮૦ નજીક પહોંચી છે, છતાં એ જેવા ને તેવા ક્રિયમાણ રહ્યા છે. નાદુરસ્તીનો અનુભવ એમણે જિંદગીમાં કદી નથી કર્યો. એમનામાં એવું કશું નથી જે અ-યોજનાસર હોય. સવારે ચાર વાગ્યે ઊઠી તે પોતાનું કામ શરૂ કરે છે, તે દિવસ આથમ્યા સુધી. ખાન-પાનની બાબતમાં પણ એ એટલા નિયમિત છે કે કૉફીનો ઔંસે ઔંસ માપીને પીએ છે. એમની ચાલ પણ એટલી ઉતાવળી છે કે એમની સાથે ચાલનારાઓ કહે છે કે વિશ્વેશ્વરૈયાને ચાલતાં પણ નથી આવડતું, એ માત્ર દોડે છે!

અને એવી જ નિયમિતતા એ બીજાઓમાં માગે છે. એક વખત મુંબાઇના એ સુપરિન્ટેન્ડિંગ એન્જિનીઅર હતા ત્યારે એક એક્ઝીક્યૂટિવ એન્જિનીઅર એમને મળવા આવવાનો હતો. મુકરર કરેલા સમયથી એ થોડી મિનિટ મોડો પડ્યો ને વિશ્વેશ્વરૈયાએ એને મળવાની સાફ ના પાડી દીધી.

એમને એમનો પોતાનો કોઇ તટ નથી. એમનાં મંતવ્યો વિનીત છે, છતાં વિનીતો જેવી ક્રિયાશૂન્યતા એમનામાં નથી. એ સર્વત્ર સત્કારાય છે. ૧૯૨૫ની અર્થતપાસ સમિતિના એ પ્રમુખ નિમાયા હતા અને એ પછી બે વર્ષે રહી રાજસ્થાન પ્રજાપરિષદના પણ પ્રમુખ બન્યા હતા.

છેલ્લેછેલ્લે કૉંગ્રેસે પણ રાષ્ટ્રીય નિયોજનામાં એમનો સહકાર માગ્યો છે. હિંદમાં મોટરોનું કારખાનું ખોલવાની અત્યારે એ યોજના ઘડી રહ્યા છે અને દસ વર્ષમાં તો હિંદમાં બનેલી મોટરો જગતની બજારોમાં મૂકવાની તેમને ઉમેદ છે.

સિવિલ સર્વિસ

હિંદમાંના જેસુઈટ પાદરીઓ તરફથી નીકળતા 'ન્યુ રિવ્યુ' નામના માસિકમાં એક લેખકે હિંદી સિવિલ સર્વિસનું વિગતવાર વર્ણન કર્યું છે. તે લખે છે કે "આ સર્વિસ અત્યારે જોકે એક ઊંચી શ્રેણીની અને મહત્તા પામેલી છે, છતાં અસલમાં એ લોકો ઈસ્ટ ઇંડિયા કંપનીના વાણોતરો અને લહિયા મહેતાજીઓ હતા.... (જેઓ) પાછળથી સિવિલ સર્વન્ટોની પદવી પામ્યા.... આ નોકરોના અસલ પગાર બહુ નીચા હતા. લહિયાઓને વરસે દહાડે ૫ પૌંડ, વાણોતરોને ૧૫ પૌંડ, નીચલા વેપારીઓને ૩૦ પૌંડ અને ઉપલા વેપારીઓને ૪૦ પૌંડ મળતા, જ્યારે ગવર્નરને ૩૦૦ પૌંડની અમીરી રકમ પગાર પેટે મળતી. લગભગ સો વરસના કાળમાં એટલેકે સને ૧૭૯૩માં આ નોકરો હિંદીઓને માટે ઊભા કરવામાં આવેલા બીનકરારી મુલ્કી નોકરીના ખાતાથી જુદા એવા 'કરારની રૂએ આવેલા હિંદના મુલકી અમલદારો' બન્યા. તેમાં હિંદીઓને પ્રવેશ નહોતો. આ મુલકી અમલદારો તેમના 'હલકા' પગારોને કારણે ખાનગી વેપાર કરતા અને 'ભેટો' સ્વીકારતા. અને જ્યારે વર્ષો સુધી મનાઈ હુકમો ચાલુ રહ્યા છતાં આ બાદીઓ ન અટકી ત્યારે પગારો વધારવામાં આવ્યા. અને છતાં લૉર્ડ કૉર્નવૉલિસને હિંદીઓની સચ્ચાઈ તેમજ નૈતિક ધોરણોમાં વિશ્વાસ ન હોવાથી તેણે બધું કામ ગોરાઓ મારફત કરવાની નીતિ સ્વીકારી હતી. બધા વરિષ્ઠ હોદ્દા ગોરાઓ માટે અનામત રાખવામાં આવતા અને હિંદીઓને નીચલી જગ્યાઓથી જ સંતોષ માનવો પડતો." પગારો ગોરાઓમાંથી લાંચરૂશ્વતની બદી ઘટાડવા ખાતર વધારવામાં આવ્યા હતા, અને છતાં આક્ષેપ હિંદીઓની સચ્ચાઇ અને નીતિમત્તા સામે કરવામાં આવ્યો હતો. "કૉર્નવૉલિસે જ મુલકી અધિકારીઓના પગારો વધારીને બહુ ઊંચી સપાટી પર મૂકી દીધા, અને એ રીતે દુનિયાની કદાચ સૌથી નહિ તોપણ અતિ ખરચાળ સિવિલ સર્વિસનો બોજો આ પ્રદેશની રૈયત ઉપર લાદ્યો.... આ મુલકી અધિકારીઓએ નવાબોની સાહ્યબીથી રહેવું જરૂરી હતું....પગાર ઉપરાંત મુલકી હાકેમોને વસૂલાત ઉપર સેંકડે દોઢ ટકો કમિશન મળતું. આનો અર્થ એ થતો કે એક કલેક્ટરને માસિક ૩૦૦૦ રૂપિયા મળતા. અઢારમા સૈકાનાં આખરી વર્ષો સુધી આ ચાલ્યું." એટલે કે આજથી લગભગ દોઢસો વર્ષ પર, ૧૬૭૪ની સાલના ગોરા ગવર્નરના પગાર કરતાં દસગણી રકમ મળતી. તે ઉપર જણાવેલા બીજા પગારો સાથે હિંદમાંના જીવન-સંજોગોને અનુસરીને ઠરાવવામાં આવી હતી. સિવિલ સર્વિસના હાલના જમાનાના સિવિલિયન ગવર્નરોને મળતા માસિક ૧૦,૦૦૦ રૂ.ના પગારો તેમજ લી કમિશને એનાયત કરેલા 'લી લૂટ' ને. નામે ઓળખાતા બીજા લાભો રૂપી કલંક વગેરે બાબતો તો હાલના ઇતિહાસની વાતો હોઈ સૌકોઈ જાણે છે. (હરિજન)

ગુજરાતનો પહેલો શબ્દકોષ

ગુજરાતમાં સૌથી પ્રથમ શબ્દકોષ તૈયાર કરવાનું માન જનાબ મિરઝા મુહમ્મદ કાઝિમ ખાટી જાય છે. ૧૯મી સદીની પૂર્વ અર્ધ શતાબ્દીના છેલ્લા દાયકામાં, એટલે ઇ. ૧૮૬૪માં એમણે ગુજરાતી-અંગ્રેજી કોષ પ્રગટ કર્યો, અને એમ કરીને ગુર્જર ભાષા અને ગુર્જર જનતાની એ યુગ જોતાં સૌથી મોટી સેવા કરી છે.

મિરઝા મુહમ્મદ કાઝિમના કોષ પૂર્વના વાતાવરણનો વિચાર કર્યા વગર એનું મૂલ્યાંકન થઇ શકે એમ નથી. પાણીપતના છેલ્લા યુદ્ધ પછી હિન્દે આઝાદી ખોવા માંડી અને ૧૪મી સદીના છેલ્લા દાયકા સુધીમાં લગભગ સારા યે હિન્દુસ્તાન પર અંગ્રેજી કબજો થઇ ગયો. એમની હકૂ-

મતના આગમનની સાથે પ્રેસો આવ્યાં અને જ્ઞાનનો ઝડપથી પ્રચાર થવા માંડ્યો. આ જ અરસામાં ગુજરાતી અક્ષરોના બીબાં પડ્યાં અને પુસ્તકો છપાવા લાગ્યાં. એ છપાઈનું સૌથી જૂનું પુસ્તક ૧૮૦૮નું છે. એ પૂર્વે છપાએલા પુસ્તકની કોઇ નકલ જાહેરમાં હયાત નથી. કદાચ કોઈના ખાનગી સંગ્રહમાં જીવતી પણ હોય.

૧૮૦૮માં ડ્રમંડનું 'વ્યાકરણ' છપાયું. એના ૧૪ વરસ પછી ૧૮૨૨માં મિ. અરદેસરે 'ગુજરાતી અંગ્રેજી વૉકેબ્યુલરી' પ્રકટ કરી. ૧૮૪૦માં ગંગાધર શાસ્ત્રી ફડકેએ 'ગુજરાતી વ્યાકરણ' પ્રકટ કર્યું અને ૧૮૪૫માં રૂસ્તમજી સોરાબજીએ 'ગુજરાતી ભાષાનું વ્યાકરણ' છપાવ્યું. આ હતી તે સમયની પરિસ્થિતિ.(વૉકેબ્યુલરી સિવાય)ગુજરાતીમાં હજી સુધી કોઇ કોષ બહાર પડ્યો ન હતો. ન તો કોઇએ આવા સમયે કોષ પ્રકટ કરવાની હિંમત કરી હતી. ગુજરાતમાં ફાર્બસનું આગમન થયું ન હતું, કેળવણીનો કાર્યક્રમ અમલમાં આવ્યો ન હતો, 'મુંબઇ સમાચાર' અને 'જામેજમશેદ' સિવાય એક પણ પત્ર અસ્તિત્વમાં ન હતું. જે થોડાંઘણાં પુસ્તકો પ્રકટ થયાં હતાં તે મોટે ભાગે પારસી ભાઇઓના હાથે લખાયાં હતાં. કોષને પ્રેરણા કે બળ આપે એવું કોઇ પ્રકટ સંગીન સાધન ન હતું. આવા કાળમાં ગુર્જરગિરા અને ગુજરાતી જનતાની સેવા કરવા મિરઝા મુહમ્મદ કાઝિમે હામ ભીડી અને કોષ પ્રકટ કરવા હિંમત કસી આગળ આવ્યા. વરસોની મહેનત અને અપાર શ્રમના પરિણામે ઇ. સ. ૧૮૪૬માં આ મૂલ્યવાન કોષ ગુર્જર જનતાની સામે ધર્યો.

એક પ્રશ્ન ઊભો થાય છે કે આટલી મહેનત અને આટલો શ્રમ લીધા પછી 'ગુજરાતી-અંગ્રેજી' કોષ શા માટે બહાર પાડ્યો ? માત્ર ગુજરાતી જ કેમ નહિ ? એ સવાલ સ્વાભાવિક છે. કારણે એમ છે કે હિન્દની સલ્તનત બદલાઇ ચૂકી હતી. રાજભાષા અંગ્રેજી બની રહી હતી અને આવતી કાલની સામાન્ય ભાષા એ થવાની હોવાથી જનતા એને ઝડપવા અનેકરીતે આતુર હતી. આ વાતાવરણને સૂક્ષ્મ રીતે અવલોકીને મિરઝા મુહમ્મદ કાઝિમે ગુજરાતી ભાષા અને ગુજરાતીઓને ઝડપથી આગળ પાડવાના આશયે ગુજરાતી કોષ કરતાં યે આ વિકટ કાર્ય ઉઠાવ્યું.

આ કોષ પ્રકટ થયા પછી ત્રીજે વરસે ગુજરાત વર્નાક્યુલર સોસાએટી સ્થપાઈ. જ્યાંથી સ્વ. કવિ દલપતરામની સેવાઓ ઊગી. અને આ કોષ તૈયાર થયા પછી ૧૫ વરસે કવિ નર્મદાશંકરના કોષની પહેલી પુસ્તિકા બહાર પડી. એ સંપૂર્ણ કોષ તો ૨૬ વરસ બાદ ૧૮૭૩માં પ્રકટ થયો, જેના આમુખની નોંધમાં જનાબ મિરઝા મુહમ્મદ કાઝિમના કોષનો ઉલ્લેખ છે, એટલું જ નહિ તેમણે પોતાનો કોષ રચવામાં એ કોષનો છૂટથી ઉપયોગ કર્યો છે.

મિરઝા મુહમ્મદ કાઝિમનું કામ કવિ નર્મદાશંકર કરતાં અનેકગણું શ્રમભર્યું હતું, કારણ એમાં ગુજરાતીનો અર્થ ગુજરાતીમાં આપવાનો ન હતો, પરંતુ અંગ્રેજીમાં આપવાનો હતો, અને તે પણ એવા સમયમાં કે જ્યારે ગુજરાતી ગદ્યની ઉષાનાં યે દર્શન થયાં ન હતાં. બીજી બાજુ અંગ્રેજી ભાષાનો તદ્દન તાજો પરિચય હતો, યુનિવર્સિટી ઊઘાડી ન હતી તથા ડિગ્રીઓવાળા બહાર પડ્યા ન હતા. અને વધુમાં અંગ્રેજી-ગુજરાતી કોષ પણ રચાયો ન હતો. આવા સમયમાં મિરઝા મુહમ્મદ કાઝિમે ગુર્જરીની જે સેવા કરી છે તે ખરે જ અમૂલ્ય છે.

આ કોષની નાની છતાં મૂલ્યવાન પ્રસ્તાવના એ કાળની ગુજરાતી ભાષાનો સુંદર અવલોકન આપે છે. બેશક એ અવલોકન પ્રકટ પુસ્તકોના અભ્યાસ પર કરવામાં આવ્યું છે, જેમાં પારસી ગુજરાતી, સંસ્કૃત ગુજરાતી અને મિશ્ર ગુજરાતીના નમૂના આપી કર્તાએ ઘટિત વિવેચન કર્યું છે.

ગુજરાતમાં આજસુધી આટલી કાળજીપૂર્વક કોષ છપાયો નથી. અલબત્ત એ કાળજી જોડણીની નથી, ન તો એ સમયે જોડણીનો પ્રશ્ન આજના જેટલો ચર્ચાયો હતો. પરંતુ કર્તાએ દરેક શબ્દ જે ભાષાનો હોય તે ભાષાની લિપિમાં કૌંસમાં આપ્યો છે, જેથી તે કેવી રીતે આ સ્વરૂપમાં આવ્યો તેનું અભ્યાસીને ભાન થાય.

ગુજરાતી જેવી અપક્વ ભાષાનો આ પહેલો કોષ હોવા છતાં તે ૧૫૦૦૦ શબ્દોના ભંડાર સાથે પ્રકટ થયો છે. જનાબ મિરઝાના આ મહામૂલા ગ્રન્થને પ્રકટ થવાને લગભગ ૧૦૦ વરસ થવા આવ્યાં છે.

('કારવાં' માસિકમાંથી) —મુહમ્મદ ઉમર 'કોકિલ'

આપણાં ગામોનાં નામો

ઘણીવાર કેટલાંક ગામોનાં નામો એવાં વિચિત્ર હોય છે કે આપણને ગૂંચવણમાં નાખી દે છે. પણ ઘણાંખરાં ગામોનાં નામો સાથે તેમનો થોડોઘણો ઇતિહાસ પણ સંકળાએલો હોય છે. જ્યારે કેટલાંકના નામકરણમાં ત્યાંની ભૌગોલિક પરિસ્થિતિ પણ ભાગ ભજવે છે. અને તે અનુસાર એમનાં નામ પડ્યાં છે. આપણે એ નામોની ટૂંકી સમીક્ષા અહીં કરી જઇએ.

ઘણાં ગામોને નામને છેડે 'આબાદ' લગાડેલું જણાશે. એ રીતે આપણું અમદાવાદ એ મૂળ 'અહમદાબાદ' જ છે. એવી જ રીતે હૈદરાબાદ, સિકંદરાબાદ, અમીરાબાદ વગેરે. એમાં છેડે આવતો 'આબાદ' શબ્દ ફારસી છે, અને તેનો અર્થ થાય 'સમૃદ્ધ'. 'અહમદ+આબાદ' એટલે અહમદથી સમૃદ્ધ બનેલું નગર. કેટલાંક નામોને છેડે 'પુર' અથવા 'પુરા' શબ્દ લગાડેલો મળે છે. પુરનો અર્થ થાય નિવાસ. ઘણી વખત એની પહેલાં આવતા નામ પરથી પહેલાં ત્યાં કોનો નિવાસ હતો એ પણ સમજી શકાય છે. જ્યારે જેના નામને છેડે કે પહેલાં 'શહેર' કે 'નગર' આવે એ

એમને એ નામ મળ્યા પહેલાં પણ સમૃદ્ધ નગરો હોવાં જોઇએ એમ માની શકાય. કેટલાંક નામોને છેડે ગઢ અથવા કોટ આવેલા હોય છે, તે મૂળ મજબૂત ધરાવતા હતાં: જૂનાગઢ, ઉમરકોટ વગેરે.

બંગાળામાં કેટલાક નામોને છેડે 'દ્વીપ' અથવા 'ચાર' લગાડેલું હોય છે. દા.ત. નવદ્વીપ, રાયેરચાર વગેરે. એવાં સ્થાનો આજે અથવા તો પૂર્વે કયારેક ટાપુ હોવાં જોઇએ, કારણ 'દ્વીપ' અને 'ચાર' બંનેનો અર્થ ટાપુ થાય છે.

ત્યાંનાં કંડી, દંગા, પાર, ટેક, ઘાટ વગેરે વિશેષણો નદી-કિનારે સાથે સંકળાએલાં છે. કંડી, દંગા અને પારનો અર્થ 'નદીકાંઠો.' ટેક એટલે નદીનો વળાંક; જ્યારે ઘાટ એટલે બાંધેલો આરો. બાતાકંડી, આલફાદંગા, પારકોલા, નારાયણટેક, કાલીઘાટ વગેરે નામોમાં એમનું સૂચન રહ્યું છે.

'ગંજ' એ ફારસી શબ્દ છે અને તેનો અર્થ થાય છે ધંધાનું કેન્દ્ર જેમકે કિશોરગંજ, મુન્શીગંજ વગેરે. કેટલાંક ગામોને છેડે વળી ગાંવ, ગામ કે ગ્રામ મળી આવે છે; જોકે એવાં કેટલાંક ગામડાં આજે તો જબરાં શહેરો બની ગયાં છે. કેટલાંક બંગાળી નામોને છેડે કોલા કે ખોલા જોડાએલું રહે છે. એ શબ્દોનો અર્થ 'કામચલાઉ નિવાસ' થાય. બીજાં કેટલાંકને છેડે 'તોલા,' 'તોલી' અને 'તોઈલ' મળી આવે છે, જેનો અર્થ થાય 'નીચે.' જેમકે આમતોલા, તુલાતોલી, પીપલતોઈલ વગેરે. પહાડી પ્રદેશોનાં નામ સાથે 'પુરા' શબ્દ ઘણીવાર જોડાએલો હોય છે. સોનાપુરા, હિજલપુરા વગેરે. 'પુરા'નો અર્થ થાય ટેકરી.

કેટલાંક બંગાળી નામને છેડે આવતાં ચોક, બજાર, હાટ કે હાટા એ બધાનો એક જ અર્થ થાય.એવી જ કેટલાંકને રીતે છેડે આવતા 'પુકુર' 'પુકુરિયા' કે 'દાહા' એ બધા પણ એક જ અર્થ 'તળાવ' થાય જેમકે દત્તપુકુર, જોરપુકુરિયા, પોરદાહા વગેરે. બારી અથવા બારિયાનો અર્થ ખડકી થાય, જ્યારે જેને છેડે 'ખાલી' શબ્દ આવતો હોય તે નહેર પર વસેલું હોવું જોઇએ (ખાલ એટલે નહેર); જેમ નોઆખાલી, પટુઆખલી વગેરે. વળી બાગ શબ્દ પણ હિંદમાં પ્રચલિત છે જેમકે લાલબાગ, આરામબાગ, બાગહુઆર વગેરે. કેટલાંક ગામોનાં નામો તો પશુઓ, પંખીઓ, માછલાંઓ વગેરે પરથી પણ પડેલાં છે.

દાર્જીલિંગ, કુર્સીઓંગ, લેબોંગ વગેરે જેવાં હિમાલયનાં તળનાં ગામડાંનાં નામ તિબેટન, નેપાલી કે ભૂટિયા મૂળનાં હશે. ઘણાં ગામોનાં નામ વળી યુરોપિયનો પરથી પણ પડ્યાં છે. દાખલા તરીકે ઍબટાબાદ, ફિરંગીબજાર વગેરે. ઇતિહાસ અને ભાષાના જ્ઞાન સાથે આપણે તારવણી કરવા બેસીએ તો આથી અનેકગણું કુતૂહલ ગામોનાં નામોમાંથી મળી આવે.

મૃત સરોવર

આજથી થોડાં વર્ષ પર એકાકી, ઉજ્જડ ને ગરમ આ મૃત સરોવરના પ્રદેશના ટુકડાને બિલકુલ નકામો માની લેવામાં આવેલો. પણ વર્ષોના ખંતભર્યા અખતરાઓ પછી આખરે એમાં રહેલા પોટાશ, બ્રોમાઇડ, મૅગ્નેશિયમ બ્રોમાઇડ વગેરે ક્ષારોની સમૃદ્ધિ માણસે હાથ કરી એનું મહત્ત્વ પૂરવાર કર્યું છે.

મૃત સરોવર એ પૃથ્વી ઉપર આવેલું નીચામાં નીચું સરોવર છે. ભૂમધ્ય સમુદ્રની સપાટીથી તેની સપાટી ૧,૨૯૦ ફૂટ નીચે આવેલી છે. એની પૂર્વે ને પશ્ચિમ બંને બાજુએ ઊભેલા નાગા ખડકો કોઇક પ્રાચીન કાળે થવા પામેલા કોઈ જ્વાળામુખીના ઉત્પાતની ખાતરી આપે છે. પ્રાચીન કાળે આ જ પ્રદેશમાં ક્યાંક ગોમોરા અને સોદોમનાં સમૃદ્ધ નગરો આવેલાં હતાં જે આજે લુપ્ત થયાં હોઈ કશો પત્તો નથી. એના વાયવ્ય કોણે નેબો પર્વત આવેલો છે, જે હઝરત મૂસાનાં પગલાંથી પવિત્ર થએલો છે.

મૃત સરોવરની લંબાઇ ૫૦ માઈલની ને સરેરાશ પહોળાઈ ૯ માઈલની છે, જ્યારે વધુમાં વધુ ઊંડાઇ ૧૩૫૦ ફૂટની છે. એવું અનુમાન કાઢવામાં આવ્યું છે કે જૉર્ડન નદી તથા બીજાં નાનાંમોટાં ઝરણાં મળીને તેમાં દરરોજ ૨૮ કરોડ ઘન ફૂટ પાણી ઠાલવે છે સમુદ્રનાં પાણી માટે બીજો કોઇ અવકાશ ન હોઈ, સૂર્યથી તથા બાષ્પીભવન વડે જ તેનું સઘળું પાણી શોષાતું જાય છે, ને એ એટલી ઝડપે શોષાય છે કે પાછળ ક્ષારોનો વિપુલ જથ્થો રહેતો આવે છે. આને લઇને તેનાં પાણીનું વિશિષ્ટગુરુત્વ એટલું ઊંચું રહ્યું છે કે માણસ તેમાં ડૂબી પણ ન શકે! સમુદ્રના સાધારણ પાણીમા જ્યારે સામાન્યતઃ ૩½ ટકા ક્ષારો રહેલા હોય છે ત્યારે મૃત સરોવરના પાણીમાં સેંકડે ૨૫ ટકા!

કમનસીબ તેરનો આંકડો

સમસ્ત યુરોપખંડમાં અને તેમાં યે ખ્રિસ્તી ધર્મ જ્યાં પ્રચલિત છે એવા સઘળા દેશોમાં તેરના આંકને ઘણો જ અપશુકનિયાળ લેખવામાં આવે છે, કારણકે ઇસુ ખ્રિસ્ત પોતાના શિષ્યો સાથે જ્યારે છેલ્લું ભોજન લેવા બેઠા હતા ત્યારે તેઓ બધા મળીને તેર જણ હતા. એ પૌરાણિક પ્રસંગ પરથી જનસમાજ તેરના આંકને કમનસીબી લાવનાર તરીકે ઓળખતો હોય એવું અનુમાન છે.

એવી પણ માન્યતા છે કે ખ્રિસ્તી ધર્મની ઉત્પત્તિ પહેલાંના સેંકડો વરસથી એ અંક પ્રત્યે જનતા અણગમો દર્શાવતી રહી છે. આજનો બુદ્ધિવાદી મનુષ્ય તો એને વહેમ ગણીને હસી કાઢે છે, પણ એ વહેમ ત્યાંની જનતાના હૃદય પર મજબૂતરીતે જડ ઘાલીને સ્થિર થયો છે.

એ જ રીતે જમતી વખતે તેર જણાએ એક જ પંક્તિ-

એ સાથે બેસવાની પ્રણાલિને અત્યંત અપશુકનિયાળ ગણતી એક દંતકથા પણ નૉર્સ લોકોમાં પ્રાચીન કાળથી પ્રચલિત છે.

ઇટાલીના લોકોને એ આંક પ્રત્યે એટલો બધો અણગમો છે કે લોટરીમાં સુદ્ધાં પણ એ તેરના આંકનો ઉપયોગ તેઓ કદી કરતા નથી. ફ્રાંસમાં પણ કોઈ મકાનને તેરમો નંબર લગાડવામાં આવતો નથી. તુર્ક લોકો પણ એ અંક પ્રત્યે એવી વહેમની નજરે જુએ છે કે તુર્કી ભાષાના શબ્દકોશમાંથી એ શબ્દને જ બાતલ કરતાં અચકાયા નથી.

જર્મનીના માજી શહેનશાહ કૅયઝર વિલ્હેમને એ તેરની સંખ્યા માટે ભારે વહેમ હતો અને તે એટલી હદ સુધીનો કે જો કોઇ વખતે જમતી વખતે બધાં મળીને તેર માણસો એકઠાં થઇ જવા પામ્યાં હોય તો પહેરો ભરવા માટે ઊભા રહેનારા સંત્રીને તેની સાથે એક જ પંક્તિએ ભોજન લેવા સારૂ બેસી જવા માટેનો ચાલુ હુકમ હતો.

વહાણવટીઓ અને નાવિકો પણ તેરમી તારીખે કોઇ નવી સફરે ઊપડવામાં બાધ ગણે છે અને એ તારીખે શુક્રવાર આવતો હોય તો તો એને અપશુકનની અવધિ ગણવામાં આવે છે. તે ઉપરાંત તેરમા મુસાફરીએ ઉપડનારા ખલાસીઓ તો ભયંકરમાં ભયંકર ભય તેમજ ગજબનાક તોફાનની આગાહીની વાતો કરતા માલૂમ પડે છે.

આપણા ગુજરાતમાં પણ એ તેરના આંકની ગણતરી બીજી રીતે પ્રચલિત છે, જ્યારે કોઇ માણસ પ્રત્યે પૂરતી બેદરકારી બતાવવી હોય તથા તેને ઉતારી પાડવો હોય ત્યારે તેને માટે આપણે કહીએ છીએ કે તેની સ્થિતિ 'નહિ ત્રણમાં, નહિ તેરમાં, નહિ છપ્પનના મેળમાં' જેવી છે. એ સિવાય એક બીજી એવા પ્રકારની કહેવત પ્રચલિત છે કે 'ત્રાંબાની તોલડી તેર વાનાં માગે.' સંસાર-વ્યવહારને માટે મનુષ્યને અનેક ચીજની જરૂર પડે છે. આ પ્રયોગમાં 'તેર'નો અર્થ ચોક્કસ સંખ્યાવાચક નહિ પણ 'અસંખ્ય'ના અર્થમાં છે. એ જ કહેવતના પાઠફેર રૂપે 'ટકાની તોલડી તેર વાનાં માગે' એમ પણ બોલાય છે.

આ ઉપરાંત તેરના આંકને લગતી એક બીજી કહેવત એ છે કે 'સાત (અથવા એક) સાંધે ત્યાં તેર તૂટે.' એનો સારગર્ભ એ કે મુશ્કેલીઓનો સામનો કરનારો મનુષ્ય કોઈ પ્રકારે એકાદ બે આફતોને દૂર હટાવે છે ત્યાં તો બીજાં સંખ્યાબંધ વિઘ્નો તેની સામે આવી ઊભાં રહે છે.

—ત્રિભુવન વીરજીભાઇ હેમાણી

તમારી સિદ્ધિ કઈ ઉંમરે?

કવિવર રવીન્દ્રનાથ ટાગોરે અંગ્રેજ મહાકવિ શેક્સપિયરના મહાન નાટક 'મૅકબેથ'નું બંગાળી ભાષાન્તર ચૌદ વર્ષની વયે કર્યું હતું; અને આજે સિત્તેર વર્ષની વય પછી તે ચિત્રો ચીતરતા થયા છે.

શ્રીમતી સરોજિની નાયડુએ ચૌદ વર્ષની વયે મૅટ્રિકની પરીક્ષા પાસ કરી હતી, તથા તેર વર્ષની ઉમરે ૧૩૦૦ લીટીની લાંબી કવિતા લખી હતી.

શ્રી. ગોપાલ કૃષ્ણ ગોખલે ૩૯ વર્ષની વયે હિંદી મહાસભાના પ્રમુખ બન્યા હતા.

નાનો પિટ બાવીસની વયે ઇંગ્લંડનો વડો પ્રધાન બન્યો હતો.

શ્રી જ્ઞાનદેવે બાર વર્ષની વયે ભગવદ્‌ગીતા પર 'જ્ઞાનેશ્વરી ગીતા' નામે ભાષ્ય લખ્યું છે.

આદ્ય શંકરાચાર્યે સોળ વર્ષની વયે આખા હિંદુસ્તાનના પંડિતોને વાદમાં હરાવ્યા હતા.

અકબર તેર વર્ષની ઉમરે ગાદીએ આવ્યો હતો ને સત્તર વર્ષની વયે તેણે રાજ્યની લગામ હાથમાં લીધી હતી.

છત્રપતિ શિવાજીએ સોળમે વર્ષે તોરણાનો કિલ્લો સર કરી ભગવો ઝંડો ફરકાવ્યો હતો.

પુરાણકાળના અભિમન્યુ ને બભ્રુવાહન તથા મધ્ય યુગના બાદલ અને શીખ ગુરુ ગોવિંદસિંહના બે પુત્રો ધર્મ ને દેશને માટે ફના થયા ત્યારે તેમની ઉમર ૧૫ વર્ષની યે નહોતી.

જોન ઑવ આર્કે ઇ. સ. ૧૪૨૯માં ૧૭ વર્ષની વયે અંગ્રેજોને હરાવી ચાર્લ્સને ફ્રાન્સનો રાજા બનાવ્યો હતો.

ઇ. પૂ. ૩૩૮માં મહાન સિકંદર શેરોનિયાનું યુદ્ધ જીત્યો ત્યારે તે પણ માત્ર ૧૭ વર્ષનો હતો.

પ્રખ્યાત હિંદી કવિ-નાટ્યકાર શ્રી હરીન્દ્ર ચટ્ટોપાધ્યાયે એમનું પ્રખ્યાત નાટક 'અબુહસન' ચૌદ વર્ષની ઉમરે લખેલું; અને પંદર વર્ષની વયે એમણે લખેલી અંગ્રેજી કવિતાઓ પર તો વિદ્વાનો મુગ્ધ બની ગયા હતા.

ફ્રાન્સિસ બેકને તેના મુખ્ય ગ્રંથ 'નોવમ આર્ગેનમ'ની શરૂઆત પણ પંદરમે વર્ષે કરેલી.

અંગ્રેજી કાવ્યો લખી પ્રખ્યાત થનાર બંગાળી કવયિત્રી શ્રીમતી તરુ દત્તે પણ અઢાર વર્ષ પહેલાં પ્રખ્યાતી મેળવી હતી.

૨૩ વર્ષની ઉમરે માર્કોનીએ 'વાયરલેસ ટ્રાન્સમિટર'ની શોધ કરી હતી. એટલી જ વયે સર આઇઝૅક ન્યૂટને ભૌતિક અને ખગોળશાસ્ત્રના નવા સિદ્ધાન્તો શોધ્યા હતા.

અંગ્રેજ કવિ કીટ્સે પોતાનાં ઘણાંખરાં સુંદર ગેય કાવ્યો ત્રેવીસ વર્ષની ઉમરે લખેલાં.

૨૨ વર્ષની વયે ઝાંસીની મહારાણી લક્ષ્મીબાઇએ ૧૮૫૭નો સ્વાતંત્ર્ય જંગ ખેડ્યો હતો.

પચીસ વર્ષની વયે પ્રખ્યાત વિમાની કર્નલ લિંડબર્ગે એકલા ઊડી આટલાંટિક મહાસાગર પહેલવહેલો પાર કરેલો.

આ તારણ હજી તો ઘણું અધૂરૂં છે. તમે જો આ યાદી પૂરી કરવા પ્રયત્ન કરશો તો ખૂબ જાણવાનું મળશે.

(અરુણ)

ભારતીય સંવતો . . . [૧૩] ભાટિક સંવત

આ સંવત જેસલમેરના બે શિલાલેખોમાંથી મળેલો છે. ભટ્ટી અથવા ભાટ્ટિક નામનો રાજા જેસલમેરના રાજાઓનો પ્રસિદ્ધ પૂર્વજ હતો. આ સંવત એણે જ ચાલુ કર્યો હોવાનું માનવામાં કશો વાંધો નથી; પછી તે એના રાજ્યાભિષેકથી ચાલુ થયો હોય કે એના સમયના કોઇ અન્ય યાદગાર પ્રસંગથી જેસલમેરના લક્ષ્મીનારાયણના મંદિરના રાજા વૈરીસિંહના શિલાલેખોમાં વિ. સં. ૧૪૯૪ અને ભાટિક સંવત ૮૧૩ લખેલું છે, જે પરથી એ બંનેનું અંતર ૬૮૧ આવે છે. વળી ત્યાંના મહાદેવના મંદિરના રાવલ ભીમસિંહના સમયના શિલાલેખ પરથી એ અંતર ૬૮૦ આવે છે. આ બંને લેખો પરથી કહી શકાય કે ભાટિક સંવતમાં ૬૮૦–૮૧ ઉમેરવાથી વિક્રમ સંવત અને ૬૨૩–૨૪ ઉમેરવાથી ઈસ્વી સન આવે છે.

નવી કેડીઓ

આપણે ત્યાં છોકરાં પાટી ખૂબ ભાગતાં હોય છે. એ ભાંગેલી સ્લેટોને બારીક દળી, પતરાં કે પૂંઠાં પર તે ચડાવીને તૈયાર કરેલી સ્લેટો પરદેશથી પહેલાં ખૂબ આવતી, પણ આ લડાઈના સમયમાં એ માલની આવક ઘટી છે. ઉત્સાહી અને શક્તિવાળા કારીગરો તથા શ્રીમંતો માટે ઉદ્યોગનું આ નવું જ ક્ષેત્ર છે; કેમકે પત્થરની પાટીને બદલે પૂંઠા કે પતરાં પર ચડાવેલી સ્લેટ લગભગ બધાં માબાપો પસંદ કરતાં હોય છે. —હ.

આપણે પોતે · આપણો દેશ · આપણી પૃથ્વી

૪૮ ઔંસના વજનનું આપણું મગજ લગભગ ૧૪ અબજ મજ્જાકોષો (nerve-cells)નું બનેલું હોય છે.

આપણી ચામડીમાં બધી મળી ૨૦ લાખ સ્વેદગ્રન્થીઓ છે. એટલેકે ચામડીના દર ચોરસ ઈંચે ૫૦૦. એનું વધુમાં વધુ પ્રમાણ હાથપગનાં તળિયાં પર છે–ચોરસ ઇંચે ૨૦૦૦.

આબાદ દેશનું આદર્શ જન્મપ્રમાણ હજારે ૪૫ અને મરણપ્રમાણ ૧૫ લેખાય છે; તેને ઠેકાણે હિંદમાં હજારે ૪૩·૨ જન્મ થાય છે. ને ૩૮·૫ મરણ.

હિંદમાં આજે દર મિનીટે ૧૯·૫ બાળક જન્મે છે ને ૧૮·૯ બાળક મરે છે

આપણી પૃથ્વીનો ૧૪,૦૦,૦૦,૦૦૦ ચોરસ માઇલ પટ સમુદ્રે રોકેલો છે. પ્રશાંત મહાસાગરે ૬,૫૦,૦૦,૦૦૦ ચો. મા., આટલાંટિકે ૩,૪૦,૦૦,૦૦૦ ચો. મા., હિંદી મહાસાગરે ૧,૮૦,૦૦,૦૦૦ ચો. મા. ઉત્તર ધ્રુવસાગરે ૫૪,૦૦,૦૦૦ ચો. મા. અને દક્ષિણ ધ્રુવસાગરે ૧,૦૨,૦૦,૦૦૦ ચો. મા.

વિકસતું વિજ્ઞાન

અમેરિકાનો હેન્રી ફૉર્ડ એકલી મોટરોનો જ ઉદ્યોગપતિ નથી. પુરાતત્ત્વનો પણ એ જબરો શોખીન છે ને પુરાવસ્તુઓનો એણે સારોજેવો સંગ્રહ કર્યો છે. વળી વનસ્પતિજન્ય પદાર્થોમાં એને પુષ્કળ રસ છે અને એ પદાર્થોને ઔદ્યોગિક પાયા પર મૂકવા માટે ડીઅરબૉર્ન મુકામે એણે ફૉર્ડ કેમુર્ગિક લેબૉરેટરી સ્થાપી છે. દૂધમાંથી નીકળતા સીનનો એણે પ્લાસ્ટિક્સ વગેરેમાં સફળ રીતે ઉપયોગ કરી બતાવ્યો છે. પરંતુ હાલમાં તો એના પોતાના ખોરાકમાં પ્રધાન સ્થાન ભોગવતા સોયાબીનમાંથી એક નવા જ પ્રકારના તાંતણા એના પ્રયોગશાસ્ત્રીઓએ ઉપજાવી કાઢેલા છે, જે વનસ્પતિમાં રહેલા પ્રોટીનમાથી હાથ કરેલા પ્રથમ જ તાંતણા મનાય છે. આ શોધની વધામણી ફૉર્ડે જાતે એ તાંતણામાંથી બનાવી પહેરેલી નેકટાઇથી જગતને આપી. એ ખૂબ લીસા ને સુંવાળા છતાં મજબૂત અને રંગવા ખૂબ સુલભ હોય છે. ફૉર્ડ તેનો ઉપયોગ મોટરની ‘અપહોલ્સ્ટરી’માં કરવા માગે છે.

નવાં પુસ્તકો

રમલ–(અજ્ઞાત કવિઓનો કાવ્યસંગ્રહ) સંપાદકો : બિપિન ચીનાઈ તથા પ્રવીણ રૂપારેલ, પ્રકાશક: પ્રવૃત્તિસંઘ માટે પ્રવીણચન્દ્ર જીવનદાસ રૂપારેલ, ૮૩ માપલા મહાલ. ઠાકુરદ્વાર, મુંબઈ–૪; ૦–૫–૦. **અંધારાના સીમાડે**–લેખક: નિરુ દેસાઇ, પ્રકાશક: શાન્તાબહેન ચતુર્વેદી, સર્જન કાર્યાલય, ૧૪૯, રેલ્વેક્રોસિંગ પાસે, માણેકનગર, અમદાવાદ; ૦–૧૦–૦. **ભારતનો ભોમીયો**–લેખક: વકીલ હર્ષદરાય સાંકળેશ્વર શુક્લ, પ્રયોજક: નટવરલાલ પી. લાખોયા, પ્રકાશક: ધી સ્ટાન્ડર્ડ ટ્રેડીંગ કંપની, પબ્લીશર્સ એન્ડ પબ્લીસીટી એક્સ્પર્ટસ, ગાંધીરોડ, અમદાવાદ; ૩–૦–૦. **ગીતાધર્મવ્યાખ્યાન માલા પુષ્પ ગુચ્છ ચોથો**–સંપાદક અને વ્યવસ્થાપક: ગ. જ. શાસ્ત્રી, વડાલી, ઈડર રાજ્ય, એ. પી. રેલ્વે, ૦–૩–૦. **જનની**–લેખક: રતુભાઇ દેસાઇ, ૧૩૮ મેડોઝ સ્ટ્રીટ, પોસ્ટ-બોક્સ નં. ૬૨, કોટ, મુંબઇ; પ્રકાશક: વિપિન ચંબેલાલ દેસાઇ, ગુરુનિવાસ, નહેરુ રોડ, વીલેપારલે. સોલ એજન્ટસ શિષ્ટ સાહિત્યભંડાર, આનંદ ભવન, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨; ૧–૦–૦. **મોહાનો બગીચો**–લેખક: ડૉ. કેખશરુ દોરાબજી જીલા, ડેન્ટલ સ્પેશિયાલિસ્ટ, પ્રકાશક: અરદેશર દોરાબજી જીલા, વાડીસ્ટ્રીટ, નવસારી. **ગ્રામપંચાયતનો કાયદો**–લેખક: નરહરિ દ્વારકાદાસ પરીખ, ૦–૪–૦. **સ્વદેશી સમાજ**–અનુવાદક: નગીનદાસ પારેખ, ૦–૮–૦. **દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ દ્વિતિય ખંડ**–લેખક: ગાંધીજી, ૧–૦–૦. **આપવીતી**–મૂળ લેખક: અધ્યાપક ધર્માનન્દ કોસંબી. અનુવાદક: વેણીલાલ છગનલાલ બુચ, ૧–૪–૦. **બુદ્ધલીલા**–મૂળલેખક: અધ્યાપક ધર્માનન્દ કોસંબી, ૦–૧૨–૦. **ગીતાબોધ**–લેખક: ગાંધીજી, ૦–૧–૬. **ગ્રામ ભજન મંડળી**–સંપાદક: જુગતરામ દવે, ૦–૨–૦. ઉપરનાં સાતે પુસ્તકોના પ્રકાશક: નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ.

મક્કાની યાત્રા વખતે ગુરુ નાનકને કાબા તરફ પગ કરી સૂતેલા જોઇ એક મૌલવી તેમનાપર ગુસ્સે થતાં ગુરુજીએ કહ્યું: 'જે બાજુ ઈશ્વરનું ધામ ન હોય તે તરફ મારા પગ તું જ કરી દે.' મૌલવીએ ક્રોધથી પગ એક બાજુ ફેરવતાં ત્યાં પણ તેને કાબાનાં દર્શન થયાં ને વારંવાર ફેરવતાં છતાં એમ જ દેખાવા લાગ્યું. અંતે નાનકે તેને સદ્‌બોધ કર્યો.

અનેકાર્થી શબ્દ: ઢાળિયું=ઢાળદાર; રસ ગાળીને પાડેલી લગડી, ઢાળકી; ઢાળવાનું ખેતર કે જમીન; એક જ બાજુવાળું છાપરૂં; ઢાળદાર મેજ.

ગમે તે એક રકમ લો. એને ઉલટાવો ને એમાંની નાની રકમને મોટીમાંથી બાદ કરો. જવાબમાં આવતી રકમના આંકડાઓનો સરવાળો નવ જ હમેશાં આવશે. દાખલાતરીકે ૫૦૭૧ રકમ આપણે લઈએ તો: ૫૦૭૧–૧૭૦૫=૩૩૬૬, એનો સરવાળો ૧૮ અને એનો સરવાળો ૯.

કહેવતોના અર્થ: 'હાથ મોડો કે હાટ મોડું'—રસોયો ગમે તેટલો કુશળ હોય છતાં ભોજનની જોઇતી સામગ્રીથી જ રસોઈમાં સ્વાદ આવે, એકલા રસોયાના હાથથી ન આવે. એટલે કે કોઇ પણ કામની સંપૂર્ણતા તે માટેની જરૂરી સામગ્રીના પ્રમાણ પર આધાર રાખે છે. એને મળતી બીજી કહેવતો: 'ગોળ નાખો તેવું ગળ્યું થાય'; 'જેવાં ભાઈનાં મોસાળાં, તેવાં બેનનાં ગીત'; 'જેવી તારી ઢોલકી, તેવો મારો તંબૂરો'.

બાળકોની પેઠે માકડાં પણ ઔષધ લેતાં આડાતેડાં થાય છે, પણ ગળપણ નાખીને આપો તો તુરત ખાઇ જાય છે.

૬૭ લાખ રૂપિયાની કિંમતના ૨૦ હજાર ટન રૅપિંગ પેપરો(તાકા, પડીકાં, પૅકેટો વગેરે બાંધવાના કાગળો) દર વર્ષે હિંદુસ્તાનમાં આવે છે.



તમારી ફોટોફિલ્મ જલદી સૂકવવી હોય તો ઉપરનું પાણી વાદળી વડે લૂછી નાખી, બંને બાજુ ચાંપ લગાડી એક બાજુની ચાંપને રબરની દોરીથી પંખાના તારના પાંજરા સાથે બાંધો; બીજો છેડો એકાદ ખીલી કે હૂક સાથે ખેંચી બાંધો અને પંખાનો હવામાર્ગ સાચવો એટલે જલ્દી સુકાઇ જશે.

જા કનુ, પૈસાની દીવાસળીની પેટી લઈ આવ. પણ જોજે, હવાએલી ન હોય; ખાતરી કરીને લાવજે.

પણ કનુએ લાવેલી પેટીમાં બધી જ સળગેલી દીવાસળીઓ ભરેલી જોઇને બાપા બરાડયા: 'અલ્યા આ શું?'

'તમે કહ્યા પ્રમાણે હવાએલી ન હોવાની ખાતરી કરીને લાવ્યો છું; એકેએક મેં સળગાવી જોઈ છે!'

રત્નાગીરીના રાજાપુર સ્થાને ૧૪ તળાવો છે. ૧૮ વર્ષોથી તે ખાલી હતાં અને પાણી મુદ્દલ નહોતું. ગઇ સાલ તે એકાએક પાણીથી ભરાઈ ગયાં અને ત્રણમાંથી તો પાણી ઉભરાઇને વહેવા લાગ્યું! લોકોએ તો ગંગામૈયા દેખાયાં માન્યાં, પણ પૃથ્વીતળમાં પાણી કેમ રહે છે તેનું જ્ઞાન હોય તો એનો ખુલાસો સહજ છે.

જગતના બધા દેશો કરતાં કૅનેડામાં પ્લૅટિનમની નિપજ આજે મોટી છે. ૧૯૩૪ પહેલાં રશિયા તેમાં આગળ હતું.

ઘરોને નંબર આપવાની પ્રથા નેપોલિયને પ્રથમ અમલમાં આણી.

ખોટી વાત!

આંધળા માણસોની નજર સામે કાળો નહિ પણ ગુલાબી પડદો હોય છે.

ગરમ પાણીમાં બોળવાથી ચપ્પુ કે અસ્ત્રાની ધાર વધુ સતેજ નથી થતી.

રોમના પ્રાચીન ખંડિયેર કોલીઝિયમ જેટલી વિસ્તૃત ઇમારત જગતમાં બીજી કોઇ નથી. તેનો વ્યાસ ૬૧૫ ફૂટ અને ઊંચાઈ ૧૨૦ ફૂટ છે.


નાઈલ નદી બહુ સપાટ વહન કરે છે. દર હજાર માઇલે તેનો ઢાળ માત્ર છ ઇંચનો છે.

ચીની લશ્કરમાંથી ફારગ થએલો કાઓ-વેન નામનો ૫૦ વર્ષનો એક અમલદાર આ યુગનો બકાસુર કહી શકાય એટલું ખાય છે. તેર રતલ માંસ અને સોળ કટોરા ભાત તે ગટ કરી જાય છે; એ જેટલા અન્નમાં સામાન્યરીતે આઠ માણસો જમે.

કાગળોની તંગીને પહોંચી વળવા જર્મની બટેટાના છોડનાં પાન તથા મૂળના માવામાંથી કાગળ બનાવે છે.

ઑસ્ટ્રેલિયામાં થતો એક જાતનો વંદો પગ હોવા છતાં ચાલી નથી શકતો. માત્ર ચામડી સંકોચીને જ તે ચાલે છે!

ટાસ્માનિયામાં જૉન બૅનિંગ નામનો એક માણસ થઇ ગયો તેને ગંધની ને સ્વાદની શક્તિ જ ન હતી!



સિયામમાંથી મળી આવેલા, કુદરતની એક વિચિત્રતા રૂપ આ જોડકા સાપને માથાં તથા પૂછડી જુદાંજુદાં છે, જ્યારે કરોડરજ્જુનો વચ્ચેનો ભાગ જોડાએલો છે. એક્સ કિરણથી તપાસતાં બન્ને વચ્ચે એક જ હૃદય જણાયું છે.

આસમાનનું ગુમાન (પૃ. ૫૩૫થી ચાલુ)

જૅરી 'ઓ.કે.' કરતો પાયલટ તરફ ધસ્યો. જેન્કિન્સ ગુસ્સામાં તેના તરફ ફર્યો. કાગળ પર કરેલી નોંધ તેની સામે ધરતો જૅરી ઘાંટો પાડી બોલી ઊઠ્યો: 'આ જો, પાંચ મિનિટ પહેલાં આપણે ક્યાં હતા તે હું તને સાબિત કરી આપું. આપણે કૅલેન્ડર સરોવર પર હતા,—મથકથી દસ માઇલ.'

જેન્કિન્સના ચહેરાના બધા જ ભાવ એકદમ પલટાઇ ગયા. એની આશંકા તો પૂરી ન મટી, પણ આશાનું પ્રમાણ વધી ગયું. 'સબૂર!' તે બોલ્યો, ને પાંચ મિનિટ પછીની ગતિનો હિસાબ કરતો તે વિમાનનું અત્યારનું સ્થાન નક્કી કરવા બેઠો.

પણ કશો નિર્ણય ન થતાં માથું ધુણાવતો તે બોલી ઊઠ્યો: 'જા તો જલદી બીજું બેરિંગ લગાવ.' હું વિમાનને અહીંથી એક તસુ ભર પણ ખસવા ન દઇ આ ને આ સ્થિતિમાં રાખું છું. જલ્દી જા!'

થોડી વારમાં તો જૅરી જઇને પાછો આવ્યો: 'આપણે અત્યારે ગૂઝ સરોવર ને મૉસ્કીટો નદી વચ્ચે આવેલા નૉર્ટન તળાવ પર છીએ. આ રહ્યું તે નકશા પર. મેં મારા રેડીઓ ઑલ્ટીમીટર વડે બધું નક્કી કર્યું. તારા બૅરોમેટ્રિક ઑલ્ટીમીટર વડે તો—'

'એ તેં કેવી રીતે મેળવ્યું એ જાણવાની મને નથી પડી. આપણે જ્યાં છીએ તેનો એ સાચો કયાસ હોય તો બસ. હવે જો, હું કેવો સહીસલામત ઊતરું છું તે.'

'જેન્કિન્સ, હજી મારું કહ્યું માન! જૅરી કરગરવા લાગ્યો: 'મેં અત્યારનું આપણું સ્થાન નક્કી કરી આપ્યું તેમ બધું નક્કી કરી આપીશ. આપણે સરોવર પર પહોંચીએ ત્યારે તું કંપાસ કોર્સનો આશરો લેજે ને મારું રેડીઓ ઑલ્ટીમીટર તે પરની સતત ઊંચાઈ બતાવતું રહેશે, કારણ સરોવર બિલકુલ સપાટ છે. કોર્સને વળગી રહી એનો દૂરમાં દૂરનો છેડો યે ઓળંગી જઈ પછી નીચો ઊતરજે. આપણી નજર ભલે પચાસ ફૂટ પણ ન વીંધે, તો યે એ સહીસલામત ઉતરાણ હશે.'

જેન્કિન્સ થોડી વાર વિમાસણમાં પડ્યો. પછી સંમતિપૂર્વક ઇશારો કરતો બોલ્યો: 'ઠીક છે, ચાલો. એ ચાન્સ પણ લેવા જેવો છે. નહિતર આમે યે કુટાઈ તો મરવાના જ છીએ.'

એણે આખરે નવા કોર્સે વિમાનને વાળ્યું. જૅરીની આંખો રેડીઓ–ઑલ્ટીમીટરને જડાઈ રહી. આમતેમ ધ્રૂજતો તેનો કાંટો થોડોક નીચો પડી સ્થિર થયો. ડુંગરાળ પ્રદેશ ઓળંગી હવે તેઓ સરોવર પર આવી લાગ્યા હતા. પણ સરોવર વરસાદના તોફાનથી ઢંકાઇ ગયું હતું.

તેની પરવા કર્યા વિના હવે જેન્કિન્સે એ સરોવર પર નીચે ઊતરવા વિમાનનો મોરો નીચો નમાવ્યો ને તોફાનમાં ઝુકાવ્યું. રહીરહીને શિકાર હાથથી ન જાય એટલા માટે તોફાને પણ વિમાનનો નાશ કરવા ખૂંખાર પ્રયત્નો કરવા માંડ્યા. ઊછળી ન પડાય એટલા માટે બેઠકને ચસચસીને વળગી રહેલો જૅરી હવે ગુચીનો રોમાંચ અનુભવવા લાગ્યો. જેન્કિન્સે જબરું સાહસ ખેડ્યું હતું. પત્થર જેમ તે નીચે ગબડતા જતા હતા. એ જ અંધારામાં તોફાનના હાર્દમાં તે આવી પહોંચ્યા. વરસાદ ને વીજળીનો એ જ કરપીણ ખેલ પાછો ચાલુ થયો. પણ જૅરીની આંખ રેડીઓ-ઑલ્ટીમીટર પરથી ખસતી ન હતી. એનો આંક તે મોટેથી બોલીબોલીને જેન્કિન્સને સંભળાવતો જતો હતો: ૫૦૦૦ ફૂટ, ૩૦૦૦, ૨૦૦૦, ૯૦૦, ૫૦૦ ફૂટ!'

વિમાન ગુચી થંભાવી સમાંતર બન્યું. જૅરીએ જોયું કે જેન્કિન્સ ખૂબ ધીરજપૂર્વક કામ લેતો હતો. 'એકસો ને પચાસ ફૂટ!' તે બોલ્યો. ત્યાં સુધીમાં તો જેન્કિન્સે સફાઇપૂર્વક વિમાનને સંપૂર્ણ ઉઘાડમાં આણી મૂક્યું હતું. બોબાર!

હવે સો જ ફૂટ નીચે સરોવરનાં આસમાની પાણી અને તેની કિનારાની રેખા દેખાવા લાગી. પછી તો વેરવિખેર મકાનો યે દેખાવા લાગ્યાં. ધીમેધીમે એન્જિન શાંત પડ્યું. અને પછી તો સડસડાટ કરતું વિમાન સરી નીકળી બરાબર મથક પર આવી લાગ્યું.

માંદા માણસ સારૂ ઍમ્બ્યુલન્સની જોગવાઈ કરીને બંને જણ બુઝર્ગ અફસર ફૉસ્ટરની ઑફિસમાં ગયા. તેણે પૂછ્યું: 'કેમ દીકરા? આ છોકરો કેવો લાગ્યો?'

'એ ને એનું રમકડું, બંને કમાલ છે! ને પૉપ, મને એ બંને પ્રત્યે આદર ઊપજ્યો છે.' કહેતાં જેન્કિન્સે જૅરીનો હાથ હેતથી જકડી લીધો.

જૅરીના ચહેરા પર સંતોષનું સ્મિત રમી રહ્યું.

(અંગ્રેજી ઉપરથી)

માણસના 'દુર્ગુણો' ધિક્કારપાત્ર છે, ખુદ 'માણસ' નહિ, એ ન ભૂલતો.

અજ્ઞાન હોવું એ ગુનો નથી; અજ્ઞાનમાં સુખ માનવું એ ગુનો છે.